કુમાર


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૫૬મું · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૭૯
સળંગ ૬૬૯મો અંક


તંત્રી · બચુભાઈ રાવત

•

ઉઘાડ • ફોટો : અશ્વિન મહેતા

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ





બૌદ્ધ ભિખ્ખુ આનંદ અને ચાંડાલિકા ચિત્રકાર · સોમાલાલ શાહ

અસ્પૃશ્ય ચાંડાલિકાના હાથે તૃષાતૃપ્તિ પામતા બૌદ્ધ ભિખ્ખુના આ પ્રસંગને કવિવર રવીન્દ્રનાથ ટાગોરે પણ પોતાના એક નાટક 'ચાંડાલિકા'માં વણી લીધેલો છે. અહીં ચિત્રકારે એને ચિત્રિત કરતાં જે ચિત્રરચના કરી છે તેમાં ભિખ્ખુની તૃષાતૃપ્તિને કેન્દ્રસ્થ કરવા માટે પાત્રાલેખનમાં આલેખેલા દેહવળાંકો બળ પૂરે છે. કેટલાક પ્રતીકાત્મક વિરોધાભાસને પણ એણે અહીં કુશળતાથી ગૂંથી લીધા છે. ઉખર ભૂમિ અને પુષ્પમંડિત છોડ જાણે અહીં લાગણીહીન સમાજ અને આશ્વાસક ભાવનાનાં પ્રતીક છે. ભિખ્ખુના વળ વિનાના વસ્ત્રના પીળા રંગનું સપાટ લેપન નિર્મલ મનના પ્રતીક સમું હોવા ઉપરાંત જેમ ચિત્રમાં તેમ ભાવાભિવ્યક્તિમાં પ્રાધાન્ય ધરાવે છે. કદાચ એટલે જ ચિત્રકારે સમગ્ર ચિત્રવિસ્તારમાં એને વધુમાં વધુ વિસ્તાર્યું હશે.

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૯ · અંક ૬૬૯

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ : રૂ. ૨૪-૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬-૦૦; છૂટક નકલ : રૂ. ૨-૫૦

વાચકો લખે છે...

ઈ. ૧૯૭૮ના સપ્ટેમ્બર થી ૧૯૭૯ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ઉદાત્ત સંસ્કારોને પ્રતિબિંબિત કરતી મૌલિક અને પ્રેરક કૃતિઓ'માંથી શ્રેષ્ઠને માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ • નડિયાદ) તરફથી

તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'વહેલી સવારની કળી' વાર્તા માટે શ્રી અશ્વિન દેસાઈને મળે છે.

સૂર્યપ્રતિમામાં બૂટ

જુલાઈ અંકમાં સૂર્યપ્રતિમા અંગે શ્રી ભૂપેન્દ્ર ધોળકિયા, નવેમ્બર, ૧૯૭૮ના અંકનો ઉલ્લેખ કરી રસપ્રદ ચર્ચા ઊભી કરે છે.

મેં એ અંક જોયો. અરધી પ્રતિમાનો ફોટો છે. આ પ્રતિમા ઉપર આઈગ્લાસ મૂકી જોતાં પણ બૂટ જોવામાં આવતા નથી. સૂર્યમૂર્તિમાં પટ્ટાવાળા બૂટ હોય છે. વળી, ઉત્તર ગુજરાત (જેમાં કચ્છના વાગડ પ્રદેશનો પણ હું સમાવેશ કરું છું)માં સૂર્યની મૂર્તિમાં બૂટ ઉપરાંત બીજી એક વિશિષ્ટતા છે, જે તરફ કોઈનું લક્ષ જતું નથી. સૂર્યની કમ્મર પાછળ તલવાર બાંધી હોય છે. મૂઠનો છેડો જમણી તરફ અને પીંછી તલવારનો છેડો) ડાબી તરફ ડોકાતાં બતાવ્યાં હોય છે. નવેમ્બર, ૧૯૭૮ના અંકમાં જે ફોટો છે તેમાં આવી કોઈ તલવાર બતાવી નથી, તેથી એ સૂર્યમૂર્તિ હોવાની મને શંકા લાગે છે.

ઉત્તર ગુજરાતની સૂર્યમૂર્તિઓ દ્વિભુજ જ હોય છે. આવી એક પ્રતિમા કચ્છ મ્યૂઝિયમ, ભુજમાં પણ છે. વાગડનાં કેટલાંક ગામોમાં તથા કંથકોટમાં પણ છે. સમજાતું નથી કે 'પરંતુ પાસે જો બે પુરુષ પ્રતિમા હોત તો સૂર્યમૂર્તિ હોવાની સંભાવના સરળ થઈ હોત' એમ લખીને શ્રી ધોળકિયા શું કહેવા માગે છે.

કચ્છમાં દોલતપર (તા. લખપત) પાસેથી સૂર્યમૂર્તિનું મસ્તક લગભગ ત્રીજી કે ચોથી ઈસ્વી સનનું મળ્યું છે, પરંતુ બાકીનો ભાગ મળેલ ન હોઈ બૂટ વિષે કશું કહી શકાય તેમ નથી આ મસ્તક ભુજ મ્યૂઝિયમમાં છે.

ઈ. સનની પહેલી સદી આસપાસની પશ્ચિમ ભારતની સૂર્યમૂર્તિ મળવી મુશ્કેલ છે, કારણ કે પશ્ચિમ ભારત ધરતીકંપોથી ઈજા પામતો દેશ છે.

(ભુજ–કચ્છ) —કંચનપ્રસાદ કે. છાયા

ગુજરાતીમાં ફૂલ

'કુમાર' જૂન '૭૯માં શ્રી પલાણે ગુજરાતીમાં ફૂલ વિષેના પુસ્તકની ચર્ચા કરતાં ગોંડલ સ્ટેટમાં પ્રસિદ્ધ થએલા 'બગીચાનું પુસ્તક'ની જે માહિતી આપી તે પરત્વે તપાસ કરતાં 'બગીચાનું પુંસ્તક' એ નામથી પાકા પૂઠાનું ડેમી સાઈઝનું ૩૬૦ પાનાંનું એક પુસ્તક જોવા મળ્યું. જેની પહેલી આવૃત્તિ ૧૯૦૬માં પ્રસિદ્ધ થએલી છે. તેના લેખક શ્રી દુલેરાય સી. અંજારીઆ છે. ઈ. ૧૯૩૩ સુધીમાં આ પુસ્તકની ચાર આવૃત્તિ થએલી છે, અને તે ખાસ કરીને સોરાષ્ટ્રમાં ફળઝાડ અને શાકભાજીની માહિતી આપતું એક લોકપ્રિય પુસ્તક બનેલું અનુભવાય છે. આ પુસ્તકમાં ફળઝાડ અને શાકભાજી વિષે સૌથી વિશેષ માહિતી છે ને નિષ્ણાતોને આજે પણ વાંચવું ગમે તેવું પુસ્તક છે.

પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવનામાં લેખક રા. બા. ગણેશ ગોવિંદ ગોખલેએ લખેલ 'બગીચાનું પુસ્તક'નો નિર્દેશ કરે છે. એટલે કે શ્રી પલાણે ઉલ્લેખેલ દક્ષિણી ગૃહસ્થ તે આ ગોખલે હોવાનો સંભવ છે. શ્રી અંજારીઆનું પુસ્તક ઈ. ૧૯૦૬માં પ્રસિદ્ધ થએલું છે. આ પુસ્તકની પહેલાં રા. બા. ગણેશ ગોવિંદનું પુસ્તક પ્રસિદ્ધ થયું હશે. આમ હાલ તુરત ગુજરાતી ભાષામાં લખાએલાં ફૂલો વિષેનાં પુસ્તકોમાં ઈ. ૧૯૦૬ સુધીની માહિતી મળે છે.

(ભાવનગર) —હરિલાલ ગોહેલ

અમદાવાદનું પાનકોર નાકું

સદ્ગત પિતાશ્રી પાસેથી સાંભળેલું કે 'પાનકોર' એટલે કોરું કાપડ, અને તેના વેચાણનું પીઠું તે પાનકોર નાકું. સામાન્ય ખયાલ પાનકુંવર નામની ગાનારીના રહેઠાણનો લત્તો તે પાનકોર નાકું. પણ તે ખયાલ ગલત છે.

હાલના પાનકોર નાકા આગળ ધોળકા, મહેસાણા, કલોલ વગેરે કેન્દ્રોથી લગભગ ૧૨૫ વર્ષ ઉપર હાથવણાટનું કાપડ ગાડાંઓ ભરી આવતું ને વેચાતું એ કથન સાચું છે? અભ્યાસીઓ પ્રકાશ પાડી શકે તો સારું.

(અમદાવાદ) —નલિનીકાન્ત જગાભાઈ

ચંપક પરિવાર

શ્રી શંકરદેવ વિદ્યાલંકાર (જુલાઈ, પૃ. ૨૦૯) જણાવે છે કે 'આચાર્ય ધન્વન્તરી ને આચાર્ય ભાવમિશ્ર વગેરેએ પણ ચંપક વૃક્ષની લાક્ષણિકતાઓ વર્ણવી છે.' તેમનું કથન યથાર્થ છે.

આચાર્ય ભાવમિશ્રના પુસ્તકનું નામ છે: 'શ્રીમદ્ભાવમિશ્રપ્રણીતઃ ભાવપ્રકાશઃ વ્યાખ્યાકારઃ શ્રી બ્રહ્મશંકર શાસ્ત્રી. વિવરણકાર: રૂપલાલ જી. વૈશ્યઃ' – કાશી સંસ્કૃત ગ્રન્થમાલા, ૧૩૦, પાંચમી આવૃત્તિ, ભાગ ૧, ૧૯૬૯, પૃ. ૮૬૩–૪, ચૌખમ્બા સંસ્કૃત સીરીઝ. ઑફિસ વારાણસી. (સંસ્કૃત અને હિંદી) મૂળ પુસ્તક સોળમી સદીના મધ્યમાં લખાએલ છે. પુસ્તકના બંને ભાગ વસાવવા લાયક છે.

શ્રી વિદ્યાલંકાર વધારામાં જણાવે છે કે સોનચંપાનાં 'ફૂલ, પાન, બી તેમ જ છાલ બધામાં ઔષધીય ગુણો પણ છે.' સોનચંપા અને તેના ઔષધીય ગુણો વિષે નિમ્નદર્શિત પુસ્તકોમાં વિગતવાર માહિતી ઉપલબ્ધ છે: ૧ નિઘંટુ આદર્શ (પૂર્વાર્ધ)-બાપાલાલ ગ. વૈદ્ય, દ્વિતીય સંસ્કરણ, ૧૯૬૫, પૃ. ૧૪૨–૩ (ગુજરાતી); ૨) મહારાષ્ટ્રાંતીલ દિવ્ય વનૌષધી–સદાશિવ યશવંત સાવંત, ૧૯૭૪, પૃ. ૩૩૭ (મરાઠી); ૩) ઔષધી સંગ્રહ (હિંદુસ્થાનાંતીલ ઔષધી વનસ્પતીંચી ઓળખ, ત્યાંચે ગુણધર્મ, ઉપયોગ. ડૉ. વામન ગણેશ દેસાઈ, ૧૯૭૫, પૃ. ૫૩ (મરાઠી); ૪) દ્રવ્યગુણ વિજ્ઞાન (દ્વિતીય તૃતીય ભાગ) આચાર્ય પ્રિયવ્રત શર્મા. ત્રીજી આવૃત્તિ, ૧૯૭૫, પૃ ૬૩૬–૭. (હિંદી); ૫) The Wealth of India - Raw Materials, Vol. VI, 1962, 370–372; ૬) Chopra's Indigenous Drugs of India. 2nd edn. 1958, p. 514.

પુષ્પમાળાના લેખક શ્રી શંકરદેવ વિદ્યાલંકાર અને 'કુમાર' આ સુંદર લેખમાળા માટે અભિનંદનને પાત્ર છે. લેખ ચંપાની સુવાસથી મહેકે છે.

(મુંબાઈ) —વી. બી. ગણાત્રા

ફ્રાંસની રાજક્રાંતિ

'આ માસ (જુલાઇ) ઇતિહાસમાં': 'સ્વતંત્રતા, સમતા અને બંધુતા' સ્થાપવા માટેની ફ્રાંસની ઇતિહાસપ્રસિદ્ધ રાજક્રાંતિના આરંભ અને 'બાસ્તિલ'ના પતનની તારીખ, માસ ને વર્ષ ૧૪–૭–૧૭૮૪ આપવામાં આવેલ છે. તારીખ અને માસ બરોબર છે, વર્ષ ૧૭૮૪ ને બદલે ૧૭૮૯ જોઇએ.

પારીસમાં 'બાસ્તિલ'ના પતનની ૯૮૦મી સંવત્સરી નાચગાનથી ઉજવાઈ રહી છે: ૧) 'ધ ગાર્ડિયન વીકલી' (ફ્રેંચ વર્તમાનપત્ર લ મોંદેના સહયોગમાં) જુલાઈ ૨૯, ૧૯૭૯, પૃ. ૧૩; ૨) 'ધ ફ્રેંચ રેવોલ્યુશન–અ કૉન્સાઈઝ હિસ્ટરી: નૉર્મન હૅમ્પસન, ૧૯૭૫, પૃ. ૧૭૭–૮; બાસ્તિલના પતનની વિગત માટે, પૃ. ૬૮–૭૩,

પ્રકાશક ટૅઈમ્સ ઍન્ડ હડસન લિ. લંડન. પુસ્તક વાંચવા લાયક છે.

(મુંબાઇ) —વી. બી. ગણાત્રા

દાક્તરી તપાસ

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા 'દાક્તરી તપાસ' ખૂબ જ માહિતીપૂર્ણ ને ઉપયોગી છે. પરંતુ ખેદની વાત એ છે કે અત્યારે દર્દીની વિગતોમાં આટલા ઊંડા ઊતરે એવી ક્લિનિકલ સેન્સવાળા ડૉક્ટરો ક્યાં? જૂની પેઢીના ડૉક્ટરો પણ હવે લેબોરેટરી, એક્સ રે વગેરેની મદદ વિના આગળ વધતા નથી.

જુલાઈ અંકમાં તેમના લેખમાં કેટલીક જગ્યાએ મુદ્રણદોષ કે હકીકત દોષ રહી ગયો છે, જે પ્રત્યે વાચકોનું ધ્યાન દોરવા પ્રયત્ન કરું છું: ૧) પાનું ૩૧૩–પૅરા બીજો, છેલ્લી લીટીમાં સાઇકોલૉજીકલ તપાસ પણ થાય' ત્યાં સાઇટોલૉજીકલ જોઇએ; ૨) પાનું ૨૧૩ પૅરા પાંચ-પાંચમી લીટીમાં 'લ્યુકોસાઇટોલિસ નામક શ્વેતકણોની સંખ્યા વધે છે' તેમ લખ્યું છે. શ્વેતકણોની સંખ્યા વધવી તેને જ 'લ્યુકોસાઇટોલિસ' કહેવાય ન્યુમોનિયા, ગૂમડાં વ૦ જેવા ચેપી રોગોમાં 'ન્યુક્લે ફીલ્ડ' અગર 'પોલીમોર્ફ્સ' નામના શ્વેતકણની સંખ્યા વધે છે; ૩) તે જ પૅરામાં છઠ્ઠી લીટીમાં 'લ્યુકોમેનિયા' છપાયું છે તેને બદલે 'લીમ્ફોસાઈટ્સ' જોઇએ; ૪) આઠમા પૅરામાં 'બ્લડ ટ્રાન્સફ્યુઝન' વિષે હકીકત બરોબર છે પરંતુ તેમાં 'ક્રૉસ મૅચિંગ' દરદી ને દાતાના લોહીનું અમુક રીતે મિશ્રણ કરીને તપાસવું તેનો ઉલ્લેખ નથી.

સ્ત્રી ગર્ભવતી છે કે નહિ તે જાણવા માટે હવે 'ઍનીમલ ઇનોક્યુલેશન ટેસ્ટ'—'પૅથૉલૉજીની ભાષામાં 'ઍસીમ ઝોન્ડેક ટેસ્ટ'—કરવામાં આવતો નથી. અત્યારે ગર્ભવતી સ્ત્રીના પેશાબનો બહુ જ સાદો અને જલ્દી થઈ શકે તેવો ટેસ્ટ કરવામાં આવે છે. ગર્ભધારણ કર્યા પછી ૧૦-૧૫ દિવસમાં તે સ્ત્રીના પેશાબમાં H.C.G. નામનું હૉર્મોન ભળે છે. આ હૉર્મોનની હાજરી પેશાબમાં છે કે નહિ તે જોવા માટે હવે રૅપિડ સ્લાઈડ પ્રેગ્નન્સી ટેસ્ટ કરવામાં આવે છે. આમ ખર્ચાળ હોવા છતાં આ ટેસ્ટનું પરિણામ પાંચ જ મિનિટમાં જાણી શકાય છે અત્યારના કુટુંબ નિયોજનના યુગમાં આ ટેસ્ટ ખૂબ જ ઉપયોગી છે.

આજના અધકચરા ડૉક્ટરો શ્રી ત્રિવેદીની લેખમાળા વાંચશે તો તેમને પણ એમાંથી ઘણું જાણવા મળશે.

(જૂનાગઢ) -- ડૉ.) પ્રસન્ન વછરાજાની

ઍટમ અને મોલેક્યુલ

જુલાઈ અંકમાં સ્ટૅન્ફર્ડ, અમેરિકાથી શ્રી નવનીત સી. શાહે મારા લેખ 'સર્વેક્ષણ ઉપગ્રહ' (કુમાર, મે ૧૯૭૮) વિષે બે મુદ્દા રજૂ કર્યા છે. તેના જવાબમાં: ૧) ઍટમ અને મોલેક્યુલ માટે ગુજરાતીમાં અનુક્રમે અણુ ને અણુ-સમૂહ શબ્દો વાપરવાનું મને વધારે યોગ્ય લાગે છે. બની શકે ત્યાં સુધી આપોઆપ સમજાય તેવા પર્યાયો વાપરવા જોઇએ એમ હું માનું છું. ઍટમ માટે પરમાણુ અને મોલેક્યુલ માટે અણુ, એ શબ્દોમાં શબ્દાર્થ બરાબર સ્પષ્ટ થતા નથી. ૨) સેન્ટીગ્રેડ અને ફેરનહાઇટમાં જે ગોટાળો થયો છે તેનું મૂળ કારણ મુદ્રણદોષ છે. હકીકતમાં ૩૦૦ ડિગ્રી ફે.ની જગ્યાએ ૩૦૦ કે (કેલ્વીન) જોઇએ. સેન્ટીગ્રેડમાં ૨૭૩° ઉમેરવાથી કેલ્વીન આંક મળે છે, એ પ્રમાણે ૩૦૦° કે.=૨૭° સે. થાય. (ખાસ કરીને વિજ્ઞાન સંબંધિત લેખમા મુદ્રણદોષ ન થાય તે વિષે વધારે ધ્યાન આપવામાં આવે તો સારું).

(અમદાવાદ) --(ડૉ.) પરંતપ પાઠક

'વિનોદની નજરે' વગેરે

અંક ૬૬૫મા શ્રી ડંકેશ ઓઝાના પત્રમાં 'શ્રી બચુભાઈ વિષે વિનોદ ભટ્ટ લખે' એમ છે એમાં હુ પણ સૂર પુરાવું છું. 'હીરો મુખસે ના કહે લાખ હમારા મોલ.' ખરા હીરાપારખુ જ હીરાનાં સાચા મૂલ આંકી શકે. ખરેખર 'વિનોદની નજરે'માં શ્રી બચુભાઈ પર લેખ આવવો જ જોઇએ.

'પુષ્પમાળા' લેખો વાંચવાની ખૂબ જ મજા પડે છે, ખરેખર જે પુષ્પ વિષે વાંચું તે જાણે દષ્ટિ સામે આવીને મહેકતું ન હોય! એવું લાગે છે.

અંક ૬૬૬માં 'પચ્ચીસ વર્ષ પહેલાં'માંનો 'ભારતીય ભરતકામ'નો લેખ પણ બહુ જ ગમ્યો. 'ભારતીય કસીદા'ની કિનારો, દસમી, અગિયારમી, ઓગણીસમી સદીના બુટ્ટાઓ પરથી લાગે છે કે ખરેખર કેટલું બારીક કામ ભરતકામમાં શક્ય છે! એના માટે શાંતિ અને રંગસૂઝ મહત્ત્વની છે. સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, કાશ્મીર વગેરેનાં ગામડાંઓમાં હજી પણ એવા હસ્તકળાના કારીગરો જોવા મળે છે, પણ તેની સંખ્યા ઘસાતી જાય છે, કારણ એનું સ્થાન 'મશીને' લીધું છે. જે કામ હસ્તકળાથી ઓપે છે, તે મશીનથી નહિ ઓપે! આ લેખ ફરી પ્રકટ કરવા બદલ હાર્દિક આભાર.

(વાપી) —ભામિની

પૌત્ર ફરકે

'લખું લો કે ફૂખે ઘરવધૂ તણે પૌત્ર ફરકે'—પંક્તિમાં પત્નીના ગર્ભમાં રહેલું બાળક પુત્ર છે કે પુત્રી એ જાણ્યા પહેલાં કવિ પૌત્ર કેવી રીતે લખી શકયા?—એવો પ્રશ્ન શ્રી બહાદુરશાહ પંડિતે, 'કુમાર' જૂન અંકમા કર્યો છે. સાહિત્યના શત્રુ એવા કોઈ વાચકે આવો પ્રસૂતિવિજ્ઞાન-

નો પ્રશ્ન કર્યો હોત તો આશ્ચર્ય-આઘાત ન થાત, પરંતુ આ પત્રલેખક 'કુમાર'ના લેખક છે, કવિતાઓના આસ્વાદકર્તા ય છે અને ગુજરાતી સાહિત્યના અધ્યાપક હોવાનું ય જાણમાં છે. કવિતાનું તર્કશાસ્ત્ર ઉપર્યુક્ત પ્રશ્ને કોઈ સંબંધ ધરાવતું ન હોઈ શકે.

(ગાંધીનગર) —ડંકેશ ઓઝા

આમ છતાં

છેલ્લાં ત્રીસેક વર્ષોથી હું 'કુમાર' વાંચું છું. ગુજરાતનું એ પ્રથમ પંક્તિનું સામયિક છે ને એ માટે આપને ધન્યવાદ ઘટે છે.

આમ છતાં 'કુમાર'ની કેટલીક ઊણપો પણ આંખે વળગે એટલી સ્પષ્ટ છે:

૧) અઢી રૂપિયાની કિંમતના પ્રમાણમાં વાચનસામગ્રી ઘણી અલ્પ આવે છે. ત્રીસ પાનાંથી પણ ઓછી! ૨) લખાણો ગુણવત્તાની દૃષ્ટિએ પણ પહેલાં જેવાં નથી વાંચવા મળતાં. દરેક અંકમાં આવતો 'પચ્ચીસ વર્ષ પહેલાં'નો વિભાગ અન્ય લખાણો કરતાં વધુ સમૃદ્ધ હોય છે એ તેની સાબિતી। ૩) કેટલાંક લખાણોની પસંદગી ખરેખર વિચિત્ર અને વિસ્મયજનક લાગે છે. ૪) બબ્બે વર્ષ સુધી 'વિનોદની નજરે' વાંચી મારા જેવા ઘણા અકળાઈ ગયા હશે. શ્રી વિનોદભાઈએ રજૂ કરેલા કેટલાક બીજી કે ત્રીજી પંક્તિના કલાકારો—સાહિત્યકારોનાં જીવન વિષે બધા વાચકોને રસ ન હોય. વિનોદભાઈએ એમના મિત્રો ને સ્નેહીઓની જાહેરાત કરવામાં 'કુમાર'નાં બહુમૂલ્ય પાનાંઓનો ઉપયોગ (કે દુરુપયોગ?) કર્યો છે. ૫) 'વાચકો લખે છે' નામની કટાર પણ 'અહો રૂપમ્ અહો ધ્વનિ'ની ઉક્તિને યાદ કરાવે છે. ૬) 'આવતી કાલનાં નાગરિકો'ને 'કુમાર' કયું નક્કર વાચન આપે છે? વિનોદભાઈનાં સામાન્ય રેખાચિત્રોમાં 'આવતી કાલના નાગરિકોને' કયું ભાથું મળે એમ હતું? ૭) બહાદુરશાહ પંડિતનું 'વિચાર-વિશેષ' ફિક્કું લાગે છે—અગાઉના 'કુમાર'ના અંકોમાંનાં ફાધર વાલેસનાં લખાણો યાદ આવે છે ત્યારે તો ખાસ.

એટલે આપને વિનંતી કરવાની કે કિંમતનું વળતર મળી રહે એવી અને એટલી સામગ્રી આપવા માંડો. 'કુમાર' એની જૂની મૂડી ને કીર્તિ પર ક્યાં સુધી ટકી શકશે?

(અમદાવાદ) —સત્યકામ શાસ્ત્રી

આહમદ મકરાણીની ગઝલ અને

જૂન અંકમાં આહમદ મકરાણીની 'થાય તે ખરું' સરસ ગઝલ વાંચવા મળી. ઘણું કરીને કાંઈક આવી જ ગઝલ ૧૯૭૪ ઑક્ટોબર પહેલાં 'નવનીત'ના કોઈ એક અંકમાં શ્રી જયંત પાઠકની આવેલી. મને તે ખૂબ ગમેલી એટલે ત્યારે મેં મારી નોટબુકમાં ઉતારી લીધેલી જે નીચે મુજબ છે:

મઝધારમાં છે નાવ, હવે થાય તે ખરું,
મોજાંની આવજાવ, હવે થાય તે ખરું.
હું એમ તો રમ્યો છું, જીત્યો છું ય ઘણી વાર,
છેવટનો એનો દાવ, હવે થાય તે ખરું.
ના આમ તો પીવાની ગતાગમ કશી મન,
એણે કહ્યું પી જાવ, હવે થાય તે ખરું.
છું આમ તો શરમાળ, મળું કોઈને નહિ,
એનું ઈજન કે આવ, હવે થાય તે ખરું.
ભીને ગળે પુકારતી નીચે ધરા અને
કોરું ગગન છે સાવ, હવે થાય તે ખરું.
આ બોજ જિન્દગીનો મારો ઉપાડશો કે,
બોલાઈ ગયું 'લાવ', હવે થાય તે ખરું.

બંને ગઝલો સરખાવતાં જણાશે કે શ્રી આહમદ મકરાણીની ગઝલમાં આવતી કેટલીક આખી ને આખી પંક્તિઓ શ્રી જયંત પાઠકની ગઝલમાં આવી ગએલી! શું આ માત્ર યોગાનુયોગ છે? શ્રી આહમદ મકરાણી આ વિષે કાંઈક પ્રકાશ પાડે તો સારું.

'ઔષધ-પરિચય', 'આકાશ-દર્શન', 'પુષ્પ-માળા', રોગોપચાર', 'ભારતીય સંગીતમાં વાદ્યો અને રાગો' આ બધા જ વિષયાના 'કુમાર'માં આધારભૂત લેખો આવતા રહે છે—'કુમાર' જો તેને સ્વતંત્ર પુસ્તકોના સ્વરૂપમાં પ્રકટ કરે તો વાચકોને ઘણાં ઉપયોગી પુરવાર થશે. લઘુકથા અને 'માધુકરી'નું સારું સંપાદન બની શકે તેમ છે તેવા શ્રી હંસરાજ દે. શાહ (જૂનનો અંક)ના સૂચનમાં હું પણ સૂર મિલાવું છું. જૂન અંકમાં શ્રી સોમાલાલ શાહનું 'વાત્સલ્ય' ચિત્ર મા અને બાળકના નિસ્વાર્થ અને પવિત્ર પ્રેમને ખૂબ સરસ રીતે રજૂ કરે છે. 'કુમાર'ને તે માટે અભિનંદન.

(વડોદરા) —બકુલ જાની

ખાનદાની

જૂન અંકમાં શ્રી બહાદુરશાહ પંડિતનો 'ખાનદાની' વિષયક લેખ ગમ્યો. માનવજાતના ઉદાત્ત ગુણ તરીકે ખાનદાનીનો પરિચય એમણે રસાળ અને સુસ્પષ્ટ શૈલીમાં આપ્યો છે જે આવકાર્ય છે. આજે જ્યારે યુવાવર્ગ જૂના મૂલ્યોને પોતાની રોજિંદી જિંદગીના સંઘર્ષમાં ભૂલવા લાગ્યો છે, 'ઉદારતા, ક્ષમા, ત્યાગ, દયા, પરોપકાર' જેવા શબ્દો અહોભાવથી તાકી રહેવા માટે જ રહ્યા છે ત્યારે શ્રી બહાદુરશાહ પંડિત જેવા વિદ્વજનો અસ્તિત્વના સંઘર્ષમાં દિશાસૂચક બને તેવા લેખ લખે એ વધુ આવકાર્ય નહિ બની રહે!

(રાજકોટ) —રીતા ત્રિવેદી

બે શારદી સૉનેટ

ઉશનસ્

૧ પરિણુતિ

· શિખરિણી ·

કુંવારા તારાના મગ-મઠ ભરી ચીંદડી વીંટી
અષાઢે બાંધીને ભીની દદડતી ચાર મહિના
લગી રાખેલી જે બચંકી, વચકી ગાંઠ છૂટતાં
પડી વેરાઈ જે કણુ કણુ સુદામાની કણુકી !

ફૂટયો દાણે દાણે ધવલ ઊજળો તેજ-ટશિયો !
અહો, દ્યૌનો ભીનો ટશરપ્રદ જાદૂઈ કીમિયો !

અને નીચે પૃથ્વી ભીતર પણ ચચ્ચાર મહિના
પિડાતી કષ્ટાતી પ્રસવની અધીરાઈથી ભરી
ક્ષણો વીણી વીણી કણુ કણુ કરીને કણુસલાં
ગૂંથી રૂહે છે દૂધે સભર ભરવાડેણુ સીમની
કીડીઆળાં મોતી ખચી સજતી ઉઢણીની કલા;
પીળાં ને પાકેલાં તપનીતરતાં ખેતરખળાં !

અહો, દ્યૌ-પૃથ્વીની ઉપર–તલ–નોખી પરિણુતિ !
ચણા શા હૈયેયે – ઉભયબિચ – પાકી ગલ રતિ !

૨ માણેકઠારી પૂર્ણિમા

મૃદંગ-વસંત

દૃષ્ટિ ઠરી જ ગઈ છે થઈ ધન્ય ધાન્યમાં,
કૃષ્ટિ ફળેલ નીરખી સીમના વિતાનમાં;
ફિક્કા પીળા વરણમાં પરિપકવ ખેતરો,
પાકી જઈ લચી પડયાં નભથી નખેતરે.

સોડાય સીમ પીળી શાળની પક્વ સોડમે,
સોડાય સાંઝ પણુ પાકટ પાનઠોમાં;
નિહારિકા–કણુસલું નીચું ગંધને ઝમે,
સોડાય ઉત્સરતી હોમ-ધૂણી મઠોમાં;

પૂર્ણાહુતી પછીની શાન્ત-પ્રશાંત આ પળે
કો પૂર્ણતાની વિધુ કાન્તિ નભેથી નીકળે;
'ઇચ્છાની કો પરિણુતિ ? તપની સીમા ? ક્ષમા ?'
'સ્વામી', અરુન્ધતી પૂછે, 'કશી સૌમ્ય પૂર્ણિમા !'

'કોનું બીજાનું તપ હે સતી ! હોય આહવું ?
બ્રહ્મર્ષિ શીલ અવ વિશ્વવયસ્ય[1]નું હવું !'

---

[1] વિશ્વવયસ્ય=વિશ્વામિત્ર

રહ્યો છું / યોગેશ જોષી

· ગઝલ ·

વહેતા પવનને હું પૂછી રહ્યો છું—
ગુલાબોની માફક કાં ઝૂમી રહ્યો છું ?

ખબર નૈં મને શું થયું છે અચાનક ?
હું ઊડી રહ્યો છું; હું ડૂબી રહ્યો છું !

અને ત્યાં જ ઝરણાં ફૂટયાં પર્વતોને,
અરથ લાગણીનો હું પૂછી રહ્યો છું !

નથી કોઈ પાસે, નથી દૂર પણુ કો',
છવાતો ગયો છું ને ખૂટી રહ્યો છું !

નથી કોઈ ખેતર, ન પાણી, ન શબ્દ;
વવાયો નથી તો ય ઊગી રહ્યો છું !

ત્વચા પર / બકુલેશ દેસાઈ

· ગઝલ ·

અલગતા જુઓ વસ્ત્ર જેવી તમારી,
અમે છૂંદણાં થૈ જડાયાં ત્વચા પર.

તમારું સ્મરણ થૈ જતાં માત્રમાં તો,
શીળા સ્પર્શની છે બળતરા ત્વચા પર.

સડોસડ પડે દૃશ્યના ચાબખા ને–
વીતી જિંદગીના ઉઝરડા ત્વચા પર !

મુલાયમપણાના ગયા સર્પ સરકી...
હવે તો કરચલીની ભાષા ત્વચા પર.

નિકટતા અહીં તો ઘડી બે ઘડીની !
દિવસરાત પ્રસ્વેદી છલના ત્વચા પર.

◖ શારદી સૉનેટ : શરદવિષયક આ સૉનેટયુગ્મમાં પ્રકૃતિની શોભાનું સલૂણું શબ્દચિત્ર આંકવામાં આવ્યું છે. પ્રથમ સૉનેટમાં નિરભ્ર શારદી આકાશમાંની કાંતિમય તારકશ્રીનું તથા ધાન્યથી લચી પડેલી સીમશોભાનું વર્ણન કરી કવિ અંતે માનવહૈયાની આનંદછોળ ઉલ્લેખી રહે છે. બીજા સૉનેટમાં માણેકઠારી પૂર્ણિમાના ઉઘાડની સૌંદર્યશ્રી સાથે પુરાણકલ્પનનો આશ્રય લઈ અંતે અરુન્ધતીના પ્રશ્ન અને ઋષિવર્યના ઉત્તર દ્વારા કલ્પનામય વાતાવરણ ઊભું કરાયું છે. **◖ રહ્યો છું :** કોઈ મધુર અનુભૂતિથી લાગણીનાં ઝરણ ફૂટવાની વાત સુરેખપણે અને સરળતાથી અહીં કહેવાઈ છે. **◖ ત્વચા પર :** વિરહના ભાવને પ્રત્યેક શેઅરમાં નવીન રીતે અભિવ્યક્ત કરી તેની ઉત્કટતા સાધતી આ ગઝલ તીવ્રાનુભૂતિની પ્રતીતિ કરાવી રહે છે. —ધી. પ.

માતૃભક્તિ

બહાદુરશાહ પંડિત

અમેરિકી જાસૂસી વિમાન યૂ-૨ ને તોડી પાડી રશિયાએ વિમાન-ચાલક ગૅરી પાવર્સની ધરપકડ કરી હતી. એ સમયના રશિયાના વડા પ્રધાન ક્રુશ્ચેવે વિશ્વના પ્રસિદ્ધ કાયદાશાસ્ત્રીઓને બોલાવી ગૅરી પાવર્સ પર મુકદ્દમો ચલાવ્યો હતો. ગૅરી પાવર્સનાં માતાપિતાને પણ બોલાવવામાં આવ્યાં હતાં. ન્યાયાધીશે ગૅરી પાવર્સને દસ વર્ષની કેદની સજા ફરમાવી. સજા સાંભળી ગૅરીની મા આઘાતથી પડવા જતી હતી ત્યાં પાસે ઊભેલા એક રશિયન યુવાને એને પકડી લીધી. માએ એ યુવાનને આશ્ચર્યથી પૂછ્યું : 'તું રશિયન હોવા છતાં મને સહારો કેમ આપે છે?'

'તમે અમેરિકન છો અને હું રશિયન છું એ વાત મહત્ત્વની નથી. તમે 'મા' છો એ જ મારે મન મહત્ત્વની વાત છે.' યુવાને જવાબ આપ્યો.

ગુજરાતી ભાષામાં એક જ અક્ષરના બનેલા આ 'મા' શબ્દમાં કેટલું મોટું મહાકાવ્ય છુપાએલું છે! એ માના એના બાળક પર અગણિત ઉપકારો હોય છે. એથી તો જગતના મહાપુરુષોએ માને ખૂબ મહત્ત્વ આપ્યું છે.

ગાંધીજી વિલાયત જતા હતા ત્યારે એમનાં માતા પૂતળીબાઇએ એમની પાસે બે પ્રતિજ્ઞાઓ લેવડાવેલી : માંસ ના ખાવું ને પરસ્ત્રીગમન ના કરવું. ગાંધીજીએ આ બંને પ્રતિજ્ઞાઓનું ચુસ્તપણે પાલન કર્યું હતું.

નેપોલિયન પણ જબરો માતૃભક્ત હતો. એક વાર એના સૈનિકો એક અંગ્રેજ યુદ્ધકેદીને એની પાસે પકડી લાવ્યા અને ફરિયાદ કરી કે 'આ કેદી કોટડીમાંથી છટકી તરાપામાં બેસી ઇંગ્લૅન્ડ ભાગી જવા ઇચ્છતો હતો.'

નેપોલિયને પૂછ્યું : 'દોસ્ત, જે પ્રિયતમાને મળવા માટે તું ભયંકર ઇંગ્લિશ ખાડી એક મામૂલી તરાપામાં બેસી પાર કરવાનું સાહસ ખેડવા તૈયાર થયો હતો, એના માટે મને ઈર્ષ્યા થાય છે.'

'ના, મહારાજ!' કેદીએ કહ્યું : 'હું તો મારી વૃદ્ધ માતાને મળવા જતો હતો.' આ સાંભળતાં જ નેપોલિયને એના સૈનિકોને કહ્યું: 'આ કેદીને હમણાં આપણા વહાણમાં બેસાડો ને નજીકમાં જ કોઈ અંગ્રેજ વહાણ દેખાતું હોય તો એને ઇંગ્લૅન્ડ પહોંચાડવાની વ્યવસ્થા કરો.'

મા પ્રત્યેના પ્રેમની વાત આવી કે નેપોલિયન જેવા શિસ્તના આગ્રહી સેનાપતિએ પણ યુદ્ધકેદીને સજા કરવાના બદલે માફી આપીને ઉપરથી મદદ કરી.

આપણી ભાષામાં કહેવત છે કે 'ઘોડે ચડતો બાપ મરજો પણ દળણાં દળતી મા ના મરશો.' એમાં પણ માતા પ્રત્યેની ભક્તિ જ પ્રતિબિંબિત થઈ છે.

કલકત્તા હાઇકોર્ટના જજ ને બંગાળ યુનિવર્સિટીના ઉપકુલપતિ સ્વ. આશુતોષ મુખરજી મિત્રોના આગ્રહ છતાં વિલાયત જવાની ના પાડતા હતા. કારણ એટલું જ હતું કે એમનાં માતાનો વિરોધ હતો. આ વાત સાંભળીને એ સમયના ગવર્નર જનરલ લૉર્ડ કર્ઝને કહ્યું કે 'તમે તમારાં માતાને એમ કહો કે ગવર્નર જનરલે મને વિલાયત જવાનો હુકમ કર્યો છે. એમ કહેશો એટલે મા વિરોધ નહિ કરે.'

આશુતોષબાબુએ જવાબ આપ્યો કે 'હું માતાને એવું નહિ કહી શકું કારણ કે મારે મન ગવર્નર જનરલની આજ્ઞા કરતાં મારી માતાની આજ્ઞા વધારે મહત્ત્વની છે.'

આપણા કવિ બોટાદકરે 'જનનીની જોડ સખી નહિ જડે રે લોલ' એ પંક્તિથી શરૂ થતા ભાવવાહી ગીતમાં માતા પ્રત્યેનો પ્રેમ ખૂબ સુંદરરીતે રજૂ કર્યો છે :

મીઠાં મધુ ને મીઠા મેહુલા રે લોલ,
એથી મીઠી તો મોરી માત રે.
—જનનીની જોડ●

બાળકનો માતા પ્રત્યેનો આવો અસાધારણ પ્રેમ આપણાં પુરાણોમાં પણ વર્ણવાયો છે. ઉપનિષદમાં ગુરુ શિષ્યને દીક્ષાન્ત પ્રવચન આપતાં 'માતૃદેવો ભવ' એમ કહે છે. એકલા પિતાને જ નહિ, માતાને પણ દેવ માનવાની આમાં સ્પષ્ટ આજ્ઞા છે.

શિવજીના બે પુત્રો કાર્તિકેય અને ગણપતિ અંગે એક એવી કથા છે કે એક વાર શિવ ભગવાને કહ્યું કે 'તમારા બેમાંથી જે પૃથ્વીની પ્રદક્ષિણા કરીને પહેલો આવશે એને પરણાવવામાં આવશે.'

કાર્તિકેય પાસે તો મોરનું વાહન એટલે એ તો ઝડપથી પ્રદક્ષિણા કરવા ઊપડયા, પણ ગણપતિને તો મોટું પેટ અને વાહન નાના ઉંદરનું એટલે એમના માટે પૃથ્વીની પ્રદક્ષિણા કરવી શક્ય જ નહોતી. એટલે એ તો ધીમે રહીને ઊઠયા અને શિવ-પાર્વતી બેઠાં હતાં એમની આસપાસ પાંચ ફેરા ફરી કાઢયા. શિવજી પુત્રની બુદ્ધિથી પ્રસન્ન થઈ ગયા. માતા અને પૃથ્વી બંને સરખાં જ છે એમ ગણપતિએ સૂચવી દીધું હતું.

સંસ્કૃતમાં સૂત્ર છે કે 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી'. માતા અને જન્મભૂમિ સ્વર્ગથી પણ વધારે મૂલ્યવાન છે.

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર ફોર્ટ વિલિયમ કૉલેજમાં નોકરી કરતા હતા ત્યારે ઘેરથી માતાનો પત્ર આવ્યો કે 'ભાઈનાં લગ્ન લીધાં છે માટે તું આવી જા.' એમના આચાર્ય માર્શલસાહેબે રજા આપવાની આનાકાની કરી એટલે વિદ્યાસાગરે કહ્યું : 'મારી માએ મને ખાસ બોલાવ્યો છે તેથી મારે કોઈ પણ હિસાબે જવું પડશે. આપ રજા નહિ આપો તો હું નોકરીનું રાજીનામું આપીને પણ જઈશ.' વિદ્યાસાગરની આવી માતૃભક્તિ જોઈ માર્શલસાહેબે એમને રજા આપી.

વિદ્યાસાગર ઘેર આવી નોકર સાથે પોતાના વતન વીરસિંહ જવા પગપાળા નીકળ્યા. એ દિવસોમાં ધોધમાર વરસાદ પડતો હતો એટલે વચ્ચે આવતી દામોદર નદીમાં પૂર આવ્યું હતું. હવે શું થાય? પણ ઘેર તો પહોંચવું જ રહ્યું, કારણ કે બીજા દિવસે તો ભાઈની જાન નીકળવાની હતી. નદીમાં ફરતી હોડી પણ સામે કિનારે હતી. વિદ્યાસાગરે કચ્છ મારી નદીમાં ઝંપલાવ્યું અને સામે કાંઠે પહોંચી ગયા. સાંજ પડતાં બીજી નદી આવી. એને પણ તરી ગયા અને વચ્ચે આવતું એક જંગલ પસાર કરી મધરાતે ઘેર પહોંચ્યા.

માએ બારણાં ખોલ્યાં અને દીકરાને જોતાં વહાલથી ભેટી પડયાં.

એક વાર દુનિયાના તમામ ધર્મના વડાઓની સભા મળી હતી. બધા ધર્મના વડાઓએ સ્ત્રીની નિંદા કરી. કોઇએ કહ્યું : 'સ્ત્રી નર્કનું દ્વાર છે.' કોઇએ કહ્યું : 'સ્ત્રી એટલે મોહનો મહાસાગર.' કોઇએ વળી કહ્યું : 'જર, જમીન ને જોરુ એ ત્રણે કજિયાનાં છોરું.' આમ બધા વડાઓએ સ્ત્રીની નિંદા કરી. અંતે એક ફકીર ઊભો થયો. એણે કહ્યું : 'સંતો, તમારી વાત સાચી છે. નારી નરકની ખાણ છે, પણ એ નારી 'માતા' છે ને એના લીધે આપણું અસ્તિત્વ છે. એના માતા સ્વરૂપની કોઈ નબળી કડી હોય તો મને બતાવો.'

બધા ચૂપ થઈ ગયા. □

હરિ ૐ આશ્રમ તરફનું
અંક ૬૬૮ માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'શાહ અબ્દુલ લતીફ'ના
લે. રાયસિંહજી રાઠોડને મળે છે.

બ્રાઝિલનાં જીવલેણ જંગલોમાં લુપ્ત સુવર્ણ-નગરીની શોધમાં જતાં ગુમ થએલો શોધસફરી કર્નલ



પર્સી હેરિસન ફૉસેટ

લેખક • અશોક હર્ષ

દક્ષિણ અમેરિકાના સૌથી મોટા રાજ્ય બ્રાઝિલની ભૂતપૂર્વ રાજધાની રિયો ડી જાનેરોમાં ૧૭૩૪ની સાલનો એક અદ્ભુત દસ્તાવેજ આજ પર્યંત સુરક્ષિતપણે સાચવી રાખવામાં આવેલો છે, જે વર્ષો થયાં દુનિયાભરના અનેક પુરાવિદો અને ઇતિહાસજ્ઞોને, વિજ્ઞાનીઓ ને સાહસયાત્રીઓને આકર્ષતો રહ્યો છે. સરકાર હસ્તક, સુરક્ષિત ક્રમાંક ૫૧૨ના એ દસ્તાવેજમાં જણાવ્યા પ્રમાણે, બ્રાઝિલ અને બોલિવિયાની સરહદ પરની હિમાચ્છાદિત પર્વતશ્રેણી વચ્ચે એક એવો પ્રદેશ આવેલો છે જેમાં એક અત્યંત વિકસિત ગોરી જાતિનો વાસ હતો. કોઈ એકાદ નહિ પણ સાતસાત પર્વતશ્રેણીઓ અને ગીચ વરસાદી જંગલોથી ઘેરાએલો એ પ્રદેશ સદા ધુમ્મસથી ઢંકાએલો જ રહે છે. હિમાચ્છાદિત પર્વતશિખરોના ટોચના ભાગ સિવાય ધુમ્મસ આડે કશું નજરે પડતું ન હોઈ એ દુર્ગમ પ્રદેશમાં પ્રવેશવાની ભાગ્યે જ કોઈની હિંમત ચાલે છે.

અઢારમી સદીના પ્રારંભમાં પોર્ટુગીઝોની એક ટુકડી બ્રાઝિલના પહાડી પ્રદેશમાં સોનાચાંદીની શોધમાં રિયો ડી જાનેરોથી ઊપડેલી. ભૂમધ્ય રેખાની નજીક આવેલા એ પ્રદેશમાં વર્ષાની અતિશયતાને લીધે ગીચ જંગલો ફેલાએલાં હોઈ એમાં હિંસક પશુઓ અને ઝેરી જીવજંતુઓની અધિકતા રહે એ સ્વાભાવિક છે. અત્યાર સુધી કોઈ ગોરો આદમી જ્યાં પગ મૂકવા શક્તિમાન નહોતો થયો એવા એ પ્રદેશ ભણી ઊપડેલી ઉપર્યુક્ત ટુકડીના ઘણા સભ્યો રસ્તામાં જંગલી જાતિઓને હાથે માર્યા ગયા, પણ જે બચ્યા તે એ ઉચ્ચ પ્રદેશમાં એક સાંકડા પહાડી માર્ગેથી આગળ વધતાં એકાએક એક મેદાન વચ્ચે આવી પહોંચ્યા. પહાડોની વચ્ચેના આ વિસ્તૃત મેદાનથી એમણે રાહતનો દમ ખેંચ્યો. પણ સાથેસાથ એ મેદાનમાં દૂરદૂર કોઈ નગરના અવશેષ જેવું નજરે પડતાં તેમને ભારે કુતૂહલ ઊપજ્યું અને તેઓ એ ભણી આગળ વધ્યા.

ત્યાં જઇને જોયું તો મોટામોટા પથ્થરોના બનેલા નગરના તમામ આવાસો સૂના અને ખંડિયેર હાલતમાં ઊભા હતા. ધરતીકંપ આ નગરના નાશ માટે જવાબદાર હોય એમ એમને લાગ્યું. એ નિર્જન નગરમાં ઠેરઠેર સુવર્ણની વેદિઓ ઉપરાંત એક પ્રકારની ચિત્રલિપિ પણ ક્યાંક ક્યાંક અંકિત થએલી એમને જોવા મળી, જે ખૂબ પ્રયત્ન છતાં એમનાથી ઉકેલી શકાઈ નહિ. નગરથી દૂર પહાડોમાં સોનાની ખાણો આવેલી હોય એમ જણાતું હતું, કારણ ખંડિયેર બની ગએલા એ આવાસોમાં સોનાના કેટલાય સિક્કા અહીંતહીં વેરાએલા પડયા હતા.

આને કોઈ લુપ્ત સંસ્કૃતિના અવશેષ માની લઈ આ શોધક ટુકડી જગતને આ શોધથી વાકેફ કરવા પાછી ફરી. પોતાની શોધયાત્રાનો વિગતવાર હેવાલ લખી એમણે એક સંદેશવાહક સાથે રિયો ડી જાનેરો મોકલી આપ્યો. એ સંદેશવાહક તો હેવાલ સાથે પહોંચી ગયો. પણ બાકીની ટુકડી રિયો ડી જાનેરો પહોંચી જ નહિ; પાછી વળતાં રસ્તામાં જ એવી રહસ્યમય રીતે ગુમ થઈ જવા પામી કે એને શોધવાના સતત પ્રયત્નો છતાં એકેમાં સફળતા ન મળી. છેવટે એમ માની લેવામાં આવ્યું કે તે જંગલી માનવભક્ષીઓનો ભોગ બની ચૂકી હશે.

પરંતુ દુનિયાએ આ લુપ્ત સંસ્કૃતિ વિષે પહેલવહેલું સાંભળ્યું ત્યારથી લગભગ અઢીસો વર્ષ થયાં એ સંસ્કૃતિની ભાળ મેળવવાના પ્રયાસો ચાલુ છે. એ શોધી કાઢવાની આશાએ ઊપડેલા અનેક સાહસિકો ત્યાંનાં રહસ્યમય જંગલોમાં હમેશને માટે ગુમ થઈ જવા પામ્યા છે જેમનો દુનિયાને કશો પત્તો જ હાથ નથી લાગ્યો. એવા ગુમ થએલા સાહસયાત્રીઓમાં સૌથી વિખ્યાત કોઈ નામ હોય તો તે છે બ્રિટનના પ્રસિદ્ધ સાહસિક કર્નલ પી. એચ. ફૉસેટનું. પોર્ટુગીઝ ટુકડીએ ગુમ થયા પહેલાં જે હેવાલ સંદેશવાહક સાથે મોકલી આપેલો ને જે એક કિંમતી દસ્તાવેજ તરીકે સાચવી રાખવામાં આવેલ છે તેનો બારીક અભ્યાસ કર્યા પછી એને એમાંનું લખાણ તદ્દન પ્રામાણિક લાગ્યું ને તે એ નષ્ટ નગર ને નષ્ટ સંસ્કૃતિની શોધ માટે બ્રાઝિલનાં જંગલો ભણી ચાલી નીકળ્યો.

ઈ. ૧૯૨૫ના એપ્રિલની ૨૦મીએ બે ભોમિયા સાથે પોતાની નાનકડી ટુકડી લઈ તે નીકળી પડયો. તા. ૨૯મી મેના રોજ તેઓ 'ડેડ હૉર્સ કૅમ્પ' પહોંચ્યા હોવાનું મનાય છે. બહારની દુનિયાને મળેલો એનો અંતિમ સંદેશો આ પ્રમાણે હતો: 'અમારા બંને ભોમિયા અહીંથી પાછા ફરે છે. આ આદિવાસી પ્રદેશોમાં જેમજેમ આગળ વધતા જઈએ છીએ તેમ તેમ સાથીઓનો ગભરાટ વધતો જાય છે. પણ હું તો મારી શોધયાત્રાનો હેવાલ ટપકાવતો જ રહીશ, જેથી કોઈ મિત્ર કબીલાની મદદથી બહારની દુનિયાને તે પહોંચાડી શકાય—જો કે કદાચ એ સંભવિત ન પણ બને.'

અને હકીકતમાં એમ જ બન્યું. આ એનો છેલ્લો સંદેશ જ નીવડયો. ત્યાર પછી એનું શું થયું તેની આજ લગી કશી ભાળ મળવા નથી પામી. આ પછી એના કશા વાવડ ન મળતાં અનેક સાહસિકો એની શોધમાં નીકળી પડયા. એક શોધક દળ પારાવારની મુશ્કેલીઓ પછી છેવટે 'ડેડ હૉર્સ કૅમ્પ' સુધી પહોંચી શક્યું જ્યાંથી ફૉસેટે તેનો છેલ્લો સંદેશો મોકલ્યો હોવાનું મનાતું. ત્યાંથી આગળ વધી આ દળ કિલીસુ નદીને પાર કરી એક આદિવાસી વસાહતમાં પહોંચ્યું. ત્યાં એ કબીલાના મુખીના છોકરાના ગળામાં કાંસાની એક પટ્ટી લટકાવેલી એમના જોવામાં આવી જેના પર ફૉસેટની શોધક ટુકડીનું નામ કોતરેલું હતું. આ પરથી એટલું નિશ્ચિત થયું કે ફૉસેટ અહીં સુધી તો પહોંચ્યો જ હતો.

મુખી અહીંથી એમને બીજા એક આદિવાસી ગામે લઈ ગયો. આ ગામના લોકો તરફથી જાણવા મળ્યું કે ગોરી ચામડીના ત્રણ જણાને અહીંથી પસાર થતા તેઓએ જોએલા, જે ખૂબ થાકેલા જણાતા હતા. એ પાછા ફરતા જોવામાં ન આવ્યા. સંભવ છે કે આગળ ઉપર નરભક્ષીઓના તે શિકાર બની ગયા હોય. આ શોધક દળ ફૉસેટ વિષે જે જાણી શક્યું તે માત્ર આટલું.

કર્નલ ફૉસેટનો મિત્રવર્ગ બહોળો હતો, એના પ્રશંસકો પણ અનેક હતા. એમાંનો એક હતો એરિક હૅમન્ડ, લંડનની એક મહિલા કૉલેજનો ઇતિહાસનો અધ્યાપક. ફૉસેટે માથે લીધેલું કાર્ય પૂરું કરવાના ઉદ્દેશે

ઈ. ૧૯૪૭માં પોતાની પ્રોફેસરી છોડી કોઇને પોતાની યોજનાની જાણ સુધ્ધાં કર્યા વિના તે સીધો જ રિયો ડી જાનેરો ઊપડી ગયો. ત્યાંના રાષ્ટ્રીય અભિલેખાગારની પડોશમાં જ મકાન ભાડે રાખી તે પોર્ટુગીઝ ટુકડીના પ્રસિદ્ધ દસ્તાવેજ નં. ૫૧૨નો અભ્યાસ કરવા લાગ્યો. સાથોસાથ બ્રાઝિલના નકશાનો પણ.

આ અભ્યાસના અંતે એ કોઈ પણ સંગીસાથી વિના એકલો જ ઊપડી ગયો. હવાઈ જહાજ, લૅન્ડ રોવર અને આદિવાસીઓની નાવડીઓમાં આગળ વધતો તે મહિનાઓ બાદ બ્રાઝિલના દુર્ગમ પહાડી ક્ષેત્ર માટોગ્રોસો સુધી પહોંચી ગયો જ્યાં નજીકનાં જ એક આદિવાસી ગામ પિકસોટોમાં જોનાથન વેલ્સ નામના એક ઈસાઈ પાદરીનો વાસ હતો. બારબાર વરસથી આ પ્રદેશમાં ધામા નાખી પડેલા એ પાદરીને એરિકે પોતાના અભિયાનની વાત કરતાં તે તો સફાળો ચોંકી ઊઠ્યો. ક્યાં સાધનસામગ્રી વિનાનો અને સાવ એકલો, ગીચ જંગલોમાં નરભક્ષી કબીલાઓ વચ્ચે થઇને લુપ્ત સંસ્કૃતિ શોધી કાઢવા ધસી નીકળેલો આ આદમી એ પાદરીને તો પાગલ જ લાગ્યો. એરિકને તેણે બહુ સમજાવ્યો, ખૂંખાર માણસખાઉઓનો પણ ડર બતાવી તેને ફ્રૅાસેટ અને એના સ્વપ્નને ભૂલી જવા અને પાગલપણાને વશ થઈ જિંદગી ખતરામાં ન નાખવા જણાવ્યું. 'ખતરાની મને નવાઈ નથી; હું જવાનો જ.' એરિક પોતાના નિર્ધારને વળગી રહ્યો.

જોનાથને જોયું કે તે કોઈ રીતે માને તેમ નથી, એટલે છેવટે તેને જવા દેવા તૈયાર થયો. પણ પોતાની યાત્રા દરમિયાન કબૂતરો મારફત સંદેશ મોકલાવતા રહેવા તેને સમજાવી શક્યો. પોતાનાં કબૂતરોમાંથી એરિકને તેણે ૧૩ કબૂતરો આપ્યાં અને એમની મારફત સંદેશો મોકલવાની રીત પણ શીખવી.

પોતાના થોડાઘણા સામાનમાં આ તેર કબૂતરોનો ઉમેરો કરી એરિક ચાલી નીકળ્યો. એની સાથે હથિયારમાં હતાં એક ઑટૉમૅટિક રિવૉલ્વર, એક એનફીલ્ડ રાઈફલ ને ૩૦૦ કારતૂસ. અહીં જોનાથન રોજ સંદેશવાહી કબૂતરની રાહ જોવા લાગ્યો. આખરે છઠ્ઠે દિવસે એક કબૂતર આવી પહોંચ્યું. એના ડાબે પગે બાંધેલી ધાતુની નાની નળી જોઈ રોમાંચિત બની તેણે એમાંનો બારીક કાગળ કાઢી વાંચવા માંડ્યો : 'આ છઠ્ઠું કબૂતર મારો સંદેશ લઈ જઈ રહેલ છે. દુર્ઘટના બાદ હું હજુ યે પથારીવશ છું, પણ મારા ડાબા પગનો સોજો ખૂબ ઓછો થઈ ગયો છે. આ આદિવાસી કબીલાઓએ મને મદદ ન કરી હોત તો મારી લાશ કોણ જાણે ક્યાં રખડતી હોત. એ લોકો એટલા તો ભલા છે કે મારું શેષ જીવન તેમની સાથે રહી વિતાવવાનું મન થાય છે… કાલે હું ફરી મારો પ્રવાસ ચાલુ કરીશ. હું જે પર્વતશૃંખલાની શોધમાં છું તેનો પત્તો આ લોકોએ મને આપ્યો છે જે અહીંથી માત્ર ચારેક દિવસના અંતરે છે—એરિક.'

આ છઠ્ઠા પહેલાંનાં પાંચ કબૂતરનો પત્તો જ ન હોઈ તે એરિક કઈ દુર્ઘટનાનો ભોગ બન્યો હતો તે સમજી શકાય તેમ ન હતું. આથી જોનાથન બીજાં કબૂતરોની રાહ જોવા લાગ્યો.

છઠ્ઠા પછી દોઢ મહિને અગિયારમું કબૂતર આ સંદેશ સાથે આવી પહોંચ્યું : 'આ અગિયારમું કબૂતર છે. હું પેલી પર્વતશૃંખલા વચ્ચે પહોંચી ગયો છું પણ મારી હાલત ખૂબ બગડી ગઈ છે. ખોરાક ખલાસ થઈ ચૂક્યો હોઈ જંગલી ફળો પર હું જીવી રહ્યો છું. શરદીની ઋતુ શરૂ થઈ ગઈ છે. રાતે ઊંઘ આવતી નથી… હું હજુ યે પાછો ફરી શકું તેમ છું, પણ મને લાગે છે કે, ફૉસેટની રહસ્ય નગરી આટલામાં જ ક્યાંક હોઈ હું અવશ્ય ત્યાં પહોંચી જઈશ. મારા માટે પ્રાર્થના કરજો.'

એના ચોવીસ દિવસ પછી તેરમું કબૂતર સંદેશો લાવ્યું : 'હું જાણું છું કે મોતનો ઠંડો મુલાયમ હાથ તરતમાં જ મને સ્પર્શવાનો છે. મને આશા છે કે ૧૨મા કબૂતર સાથે મેં જે નકશો મોકલેલો તે મળી ગયો હશે… ઈશ્વરેચ્છા હશે તો આ નકશા પરથી તમે પુરાવિદોની ટુકડી સાથે અહીં આવી પહોંચી શકશો અને જગતની આ સુંદરતમ નગરી અને તેનો ખજાનો ભાવિ પેઢીઓ માટે સુરક્ષિત રાખી શકશો. મારું કામ પૂરું થયું હોઈ હું હવે સંતોષપૂર્વક મૃત્યુને ભેટીશ. ફૉસેટની સુવર્ણનગરીની બાબતમાં મારી શ્રદ્ધા ખોટી નહોતી—એરિક.'

આ પત્ર દ્વારા એરિક મૃત્યુમુખે હોવાનું જાણી જોનાથનની આંખમાંથી આંસુ સરી પડ્યાં. કદાચ જલદી સહાય પહોંચાડી શકાય તો બચી જાય, પરંતુ સહાય ક્યાં પહોંચાડવી? જેની સાથે નકશો મોકલેલો એ બારમું કબૂતર તો દેખાયું જ નહોતું. તે ખરેખર એ લુપ્ત સંસ્કૃતિની ગોદમાં પહોંચી ગયો હશે, કે પછી મૃત્યુપૂર્વે એના ચિત્તે એની કલ્પના મુજબનો આભાસ એની નજર સામે ખડો કરી દીધો હશે?

અણદીઠ પ્રદેશોને પગ તળે ખૂંદી એમને જગતના નકશા પર મૂકવાની અને તેમનાં અજ્ઞાત રહસ્યો બહાર આણવાની અદમ્ય આકાંક્ષા ધરાવતા પર્સી હૅરિસન ફૉસેટ તેના પ્રવાસ દરમિયાન અનેક વાર મોતના મોંએથી બચેલો, અને એ આખા યે પ્રવાસ દરમિયાન મોત તો સતત એના માથે તોળાએલું રહેતું. પોતાની આ સાહસયાત્રા દરમિયાન પોતાની પત્ની અને મિત્રોને પણ તેણે લખેલા પત્રોમાંથી મોત સામેની તેની આ ટક્કરની વિગતો મળી રહે છે. તેના સૌથી નાના પુત્ર બ્રાયન ફૉસેટે એના ગુમ થતાં સુધીની એના પ્રવાસની વિગતો પુસ્તકરૂપે બહાર પાડેલી–'એક્સપ્લોરેશન ફૉસેટ.'

ક્રમાંક ૫૧૨ના દસ્તાવેજે ફૉસેટને એ લુપ્ત સંસ્કૃતિની શોધ માટે પ્રેર્યો અને સોનાના મોહે એની શોધ પાછળ પડનારા અનેકોની જેમ એ શોધ પાછળ એ પોતે જ લુપ્ત થઈ ગયો. એ તો એના મોટા પુત્ર જૉનને પણ પોતાની સાથે લઈ ગએલો, પણ ઍમૅાઝનનાં જંગલોમાં એ એવો તો માંદો પડ્યો કે એને આગળ લઈ જતાં કદાચ એ જીવ ખોઈ બેસે એ ભયે પાંચ આદિવાસીઓ સાથે પાછો મોકલી આપેલો. પણ પોતાના જીવનની એણે છેક સુધી પરવા ન કરી – જેમ એને પગલે ચાલી એરિકે ન કરી તેમ. પરંતુ એરિકને છેવટે એ નગરીના અસ્તિત્વનો સાક્ષાત્કાર કે પછી આભાસ પણ ઊભો થવા પામેલો, પરંતુ ફૉસેટની બાબતમાં એવું કંઈ બનવા પામેલું કે કેમ એ એક પ્રશ્ન જ રહે છે.

ફૉસેટે એની પત્ની અને મિત્રો પર લખેલા પત્રોમાંથી એની સાહસયાત્રાની વિકટતાનો ખયાલ આપતાં કેટલાંક અવતરણો આ નીચે આપ્યાં છે : 'બિહામણાં એ જંગલોમાં મોત અનેક રૂપે પ્રત્યક્ષ થતું હતું. જંગલોનું રૂપ ઉપરથી નિર્દોષ પણ ભીતરથી ખોફનાક હતું. એક વાર પહાડી રસ્તે નદીના એક સાંકડા હાલકડોલ પુલ પરથી ખચ્ચર પર બેસીને પસાર થતાં ખચ્ચર સાથે જ હું નીચે જઇને પડ્યો. સારું થયું કે નદીમાં નરી રેતી હતી. એને બદલે જો પથ્થરો કે શિલાઓ હોત તો?'

'એક દિવસે અમારા તંબૂ પર ઓચિંતું એક ઝાડ તૂટી પડ્યું. અમે માંડ માંડ બહાર નીકળી શક્યા. તંબૂના છેડા પર પડવાને બદલે એ ઝાડ વચ્ચોવચ પડ્યું હોત તો? એ ઝાડમાંથી મંકોડા ને માખીઓનાં ઝુંડનાં ઝુંડ ધસી આવ્યાં. એનાકોન્ડાની અગ્નિશિખા જેવી ચળકતી આંખો તો રાતના અંધારામાં ઠેરઠેર નજરે પડતી.'

'એબુના નદીના મૂળ તરફ આગળ વધતાં અમને મિત્ર આદિવાસીઓએ ત્યાંના એનાકૉન્ડા જળસાપ અને પેકાગુઆર આદિવાસીઓ બંને સામે ચેતવેલા, કારણ બંને સરખા જ ક્રૂર અને ઘાતકી હોય છે. એ આદિવાસીઓ નદી પાર કરનારાઓ પર કિનારે ઊભા રહી ઝેરી તીરો છોડે છે. થોડા દિવસો પહેલાં જ એક જર્મન ઈજનેર તેના ત્રણ નોકરો સાથે તેમનો ભોગ બની ગએલો.'

'એબુના નદીના સાંકડા પટમાંથી મડેરિયા નદી સાથેના સંગમ પર પહોંચતાં અમને જાણે મહાસાગર જેવી વિશાળતા (અનુ૰ પૃષ્ઠ ૨૮૦)

ડિટેક્ટિવ ફેલુદા અને એની સત્યાન્વેષી શક્તિનો
પરિચય આપતી સત્યજિત રાયની એક રહસ્યકથા

બાદશાહી અંગૂઠી

—અનુવાદક • સુકન્યા ઝવેરી

અચાનક એક દિવસ બાપુજીએ કહ્યું: 'તારા ધીરુકાકા ઘણા વખતથી લખે છે, એટલે વિચારું છું કે આ વખતે પૂજાની રજાઓમાં લખનૌ ફરી આવીએ.' આ સાંભળી મારું મન જરા ખાટું થઈ ગએલું. લખનૌ વિષે મને કોઈ આકર્ષણ નહોતું. જો કે બાપુજીએ એમ પણ કહેલું કે ત્યાંથી હરદ્વાર અને લક્ષ્મણઝૂલા પણ જઈ આવીશું. ત્યાં તો પહાડ પણ છે. પણ લખનૌમાં રહ્યા પછી ત્યાં વળી કેટલા દિવસ માટે જઈ શકાય? આમ તો પૂજાની રજાઓમાં અમે દાર્જીલિંગ કે જગન્નાથપુરી જતા. પહાડ ને સમુદ્ર મને ગમે છે, ને લખનૌમાં એ બેમાંથી એકેય નથી. છતાં બાપુજીની ઇચ્છા મેં સ્વીકારી લીધી અને પૂછ્યું: 'ફેલુદા આપણી સાથે ન આવી શકે?'

ફેલુદા હમેશાં કહ્યા કરે છે કે કલકત્તા છોડી એ ગમે ત્યાં જાય તો ત્યાં એને ફરતી કોઈ ને કોઈ રહસ્યમય ઘટના ફૂટી જ નીકળે છે. અગાઉ એક વાર અમારી સાથે એ દાર્જીલિંગ આવેલા અને ત્યાં એ જ વખતે રાજેનબાબુને સાંકળી લેતા પેલા અદ્‌ભુત બનાવો બન્યા હતા. જો આવું જ બનતું હોય તો ગમે તે જગ્યાએ જવામાં મને વાંધો નહોતો.

'ફેલુ તો આવી જ શકેને', બાપુજીએ કહ્યું: 'પણ આ જે નવી નોકરી એણે લીધી છે તેમાંથી રજા મળશે?'

મેં ફેલુદાને લખનૌ જવાની વાત કરી. એ કહે: 'અગાઉ ફિફ્ટી એઈટમાં ગયો હતો, ક્રિકેટ રમવા. શહેર કંઈ સાવ નાખી દેવા જેવું નથી. ત્યાંના બડા ઈમામવાડાની ભૂલભુલૈયાં (ભુલભુલામણી)માં જો તું એક વાર પેસેને તો તારી આંખો ને દિમાગ બંને એકસાથે ચકરાવે ચડી જશે. શી ઇમૅજિનેશન્સ હતી એ સમયના નવાબ-બાદશાહોની, બાપ રે બાપ!'

'તમને રજા મળશેને?'

ફેલુદાએ મારા પ્રશ્નનો જવાબ ન આપતાં આગળ ચલાવ્યું: 'અને માત્ર ભૂલભુલૈયાં જ નહિ, ગોમતી નદીની ઉપરનો મંકી બ્રિજ પણ જોવા જેવો છે, ને તોપમારાથી ખંડેર બની ગએલી રૅસિડેન્સી પણ.'

'રૅસિડેન્સી? એ વળી શું છે?'

'સત્તાવનના વિદ્રોહ વખતે ગોરા સૈનિકોનું એ એક મહત્ત્વનું થાણું હતું. હિંદી સિપાહીઓએ એને ઘેરી લઇને તેના પર તોપમારો ચલાવેલો ને તેની સામે ગોરાઓ કંઈ જ કરી નહોતા શક્યા. તોપગોળાઓથી એને બહુ ભારે નુકસાન થએલું અને આજે પણ તે એ જ હાલતમાં છે.'

બે વર્ષથી ફેલુદા આ નવી નોકરીમાં જોડાયા છે. પહેલા વર્ષમાં તો એણે એક પણ રજા નહોતી ભોગવી તેથી પંદર દિવસની રજા મેળવવામાં એને જરાય મુશ્કેલી પડી નહિ.

આ ફેલુદા મારા મસિયાઈ ભાઈ છે. એનું અસલ નામ તો છે પ્રદોષ મિત્તિર, પણ અમે એમને ફેલુદા કહીએ છીએ. મારી ઉમર ચૌદ વર્ષ છે ને એની સત્યાવીસ. પણ અમારા બંને વચ્ચે અચ્છો મેળ છે. કોઈ કોઈ એને અધગાંડો કહે છે તો કોઈ એને મનમોજી ને તરંગી ગણે છે. કેટલાક વળી એને આળસુ યે માને છે. પણ હું બરાબર જાણું છું કે વયના પ્રમાણમાં એના જેટલી બુદ્ધિ બહુ ઓછામાં હશે. અને એને મનગમતું કામ મળી જાય તો એના જેટલું કામ પણ બહુ ઓછા કરી શકતા હશે. ક્રિકેટના પણ એ અચ્છા ખેલાડી છે અને લગભગ સોએક જેટલી ઈનડોર ગેઈમ પણ એને આવડે છે. પાનાંનો જાદુ પણ એ જાણે છે ને થોડું થોડું હિપ્નોટિઝમ પણ. જમણા-ડાબા બંને હાથે એ લખી શકે છે, અને યાદશક્તિ પણ એવી કે રવીન્દ્રનાથ ટાગોરની 'દેવતાનો ગ્રાસ' કવિતા માત્ર બે જ વાર વાંચતાં એને મોઢે થઈ ગએલી!

આ યાદદાસ્ત એ તો ફેલુદાની એક મોટી શક્તિ છે. અંગ્રેજી થોથાં વાંચીવાંચીને પોતાની બુદ્ધિ ખીલવી એ અજબ ડિટેક્ટિવગીરી કરતા થઈ ગયા છે. આનો અર્થ એ નથી કે ચોરડાકુ યા ખૂનીને પકડવા પોલીસો એને બોલાવે છે, પણ સત્યાન્વેષણ એ એની હૉબી છે. કોઈ પણ અજાણ વ્યક્તિને એક વાર જોઇને જ ફેલુદા એના વિષે ઘણું ઘણું કહી દે ત્યારે એની બુદ્ધિપ્રતિભાનો સહેજે ખયાલ મળવા લાગે છે.

દાખલા તરીકે લખનૌ સ્ટેશને અમે ગાડીમાંથી ઊતર્યા અને એણે ધીરુકાકાને પહેલી જ વાર જોયા પછી તુરત એણે મારા કાનમાં ધીરા અવાજે કહેલું: 'તારા કાકાને બાગબાનીનો શૉખ લાગે છે.'

ધીરુકાકાના એ શૉખની મને ખબર હતી, પણ ફેલુદાએ કઈ રીતે જાણી લીધું? એ મારા ભાઈ છે એ ખરું, પણ ધીરુકાકા કંઈ મારા સગા કાકા નથી. બાપુજીના એ બચપણના ગોઠિયા હોવાને નાતે હું એમને કાકા કહું છું. એટલે મેં નવાઈ પામી ફેલુદાને પૂછ્યું: 'તમને કેવી રીતે ખબર પડી?'

ફેલુદાએ ધીમા અવાજે ખુલાસો કર્યો. 'એ ઊંધા ફરે ત્યારે જોજે. એમના જમણા પગના બૂટ પર એડી પાસે ગુલાબના છોડની એક ડાંખળી ચીટકી રહી છે, અને એમના જમણા હાથની તર્જની પર ટિંક્ચર આયોડાઈન લગાડ્યાનો ડાઘ છે. સવારે પોતાના બગીચામાં જઇને ગુલાબના છોડ વચ્ચે ઘૂમ્યા હશે ને ગુલાબ પણ તોડ્યાં હશે. એમ કરતાં આંગળીમાં એકાદ કાંટો પેસી ગયો હશે.'

સ્ટેશનથી ધીરુકાકાના બંગલા સુધી જતાં રસ્તામાં જોયું કે લખનૌ મેં ધાર્યા કરતાં સાચે જ ખૂબ સુંદર શહેર લાગતું હતું. ઠેકઠેકાણે ગુંબજ ને મિનારાવાળી ઈમારતો નજરે પડતી હતી. અહીંના રસ્તાઓ પણ પહોળા અને સ્વચ્છ હતા, અને મોટરો ઉપરાંત મેં અહીં બે જુદી જ જાતની ઘોડાગાડીઓ પણ જોઈ. એમાંની એકને ટાંગો ને બીજીને એક્કો કહે છે. એક્કો તો બહુ ઝડપથી દોડતો હતો. ધીરુકાકાની જૂની શેવરોલેટ ન હોત તો અમે પણ એવા એક્કામાં જ બેસત. લખનૌ વિષેના ત્યાં પહોંચ્યા પહેલાંના મારા ખયાલો જાણી રસ્તામાં ધીરુકાકાએ કહ્યું: 'અહીં આવ્યા વિના તને શી રીતે ખબર પડત કે શહેર આટલું સુંદર છે? જો કલકત્તા જેવી ગંદકી અહીં રસ્તા પર ક્યાંય દેખાય છે? અને અહીં ઝાડ પણ કેટલાં છે? અને ફૂલોના બગીચા પણ!'

બાપુજી અને ધીરુકાકા પાછળ બેઠા હતા, ફેલુદા અને હું આગળ. કાકાનો ડ્રાઈવર દીનદયાળસિંહ મોટર ચલાવતો હતો. ફેલુદાએ મને આસ્તેથી સૂચવ્યું: 'ભૂલભુલૈયાની વાત પૂછ.' ફેલુદા જે કહે તે કર્યા વિના હું રહી શકું જ નહિ. તુરત મેં પૂછ્યું, 'ધીરુકાકા, ભૂલભુલૈયા એ શું છે?'

'ભૂલભુલૈયા એ ભુલભુલામણી જેવી એક રચના છે. અહીંના ઈમામવાડામાં એ છે. કહે છે કે નવાબજાદાઓ તેમની બેગમો સાથે ત્યાં સંતાકૂકડી રમતા. પણ તું જાતે જ જોજેને, બધું જ બતાવીશ તને.'

'ભોમિયા વિના તેની અંદર પેઠા તો પછી બહાર નીકળી ન શકાય, ખરું?' ફેલુદાએ અમારી વાતમાં ભળતાં પૂછ્યું.

'એવું કહેવાય છે કે એક વાર એક ગોરી પલ્ટનનો સિપાઈ દારૂબારૂ પીને કોઈની સાથે શર્ત લગાવી એકલો અંદર ઘૂસ્યો હતો, અને પોતાને શોધવા કોઈ પાછળ ન આવે એમ ખાસ કહેતો ગએલો. બે દિવસ પછી

ભૂલભુલૈયાંમાંથી એની ભારા મળી હતી.'

કાકાની વાત સાંભળી મારી તો છાતી ધડકવા લાગી. મેં ફેલુદાને પૂછ્યું : 'તમે તો ત્યાં જઈ આવેલા છો. એકલા ગએલા કે ગાઈડ સાથે?'

'ગાઈડ લઇને ગએલો, પણ એકલા જઈ શકાય.'

'ખરેખર!' મને આશ્ચર્ય થયું. પણ ફેલુદા માટે કંઈ અશક્ય નથી. 'શી રીતે એકલા જઈ શકાય, ફેલુદા?'

આંખો ઝીણી કરી બે વાર ગરદન હલાવી એ ચૂપ થઈ ગયા. હું સમજી ગયો કે હવે એ વાત નહિ કરે. એણે હવે શહેરના રસ્તાઓ, મકાનો, લોકો, એક્કા, ટાંગા બધાંનું ખૂબ ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરવા માંડયું હતું.

ધીરુકાકા વીસ વર્ષ પહેલાં લખનૌમાં વકાલત કરવા આવ્યા ત્યારથી અહીં જ છે. અહીં એમણે સારી ખ્યાતિ મેળવી છે. કાકી ત્રણેક વર્ષ પહેલાં ગુજરી ગયાં અને એમનો પુત્ર ફ્રૅન્કફર્ટમાં સારી નોકરી મળતાં જર્મની ચાલ્યો ગયો છે. હાલમાં ઘરમાં તેઓ એકલા જ છે. એક બેરો જગમોહન, રસોઇયો અને એક માળી પણ છે. જ્યાં એમનો બંગલો છે એ જગ્યાનું નામ છે સિકંદરબાગ. સ્ટેશનથી એ સાડા ત્રણ માઈલ દૂર છે. બંગલાના કૉમ્પાઉન્ડના ગેઈટ પર લગાડેલી તકતીમાં લખ્યું હતું : ડી. કે. સન્યાલ, એમ. એ., એલએલ.બી., ઍડવોકેટ. ગેઈટમાં દાખલ થાઓ એટલે ત્યાંથી તે બંગલા સુધી કાંકરી પાથરેલો માર્ગ છે ને તેની બંને બાજુએ બગીચો છે. અમે પહોંચ્યા ત્યારે માળી લૅાનમૂવર વડે બગીચાનું ઘાસ કાપતો હતો. મેં જોયું કે કાકાના બગીચામાં ઘણા ગુલાબછોડ હતા.

બપોરે જમ્યા પછી બાપુજીએ કહ્યું : 'ગાડીની મુસાફરી કરી જકડાઈ ગયા છીએ એટલે આજે તો આરામ જ કરીએ. કાલથી શહેર જોવાની શરૂઆત કરીશું.' એટલે પછી આખી બપોર હું ઘરમાં ફેલુદા પાસે પાનાંનો જાદુ શીખતો બેટો રહ્યો. ફેલુદા કહે : 'ઇન્ડિયનોની આંગળીઓ યુરોપના લોકોની આંગળીઓ કરતાં વધારે ફ્લેક્સિબલ હોય છે, એથી આપણા લોકો માટે હાથચાલાકીના ખેલ શીખવા વધુ સહેલા છે.'

સાંજે અમે બધા બગીચામાં યુકેલિપ્ટસના એક ઝાડ પાસે નેતરની ખુરશીઓ પર બેસી ચા પીતા હતા ત્યારે ગેઈટની બહાર એક મોટરના થોભવાનો અવાજ આવ્યો. એ તરફ જોયા વગર જ ફેલુદાએ કહ્યું : 'ફી-આટ!' એ પછી તુરત રસ્તાની કાંકરી પર ખચખચ કરતા એક સજ્જન આવી ચડયા. એમણે રાખોડી રંગનો સૂટ પહેર્યો હતો. આંખ પર ચશ્માં, ગોરો વાન અને માથા પર લગભગ પાકટ થવા આવેલા વાળ. છતાં લાગતું હતું કે બાપુજી કરતાં એમની ઉમર ખાસ વધારે નહિ હોય.

ધીરુકાકાએ હસીને ઊભા થઈ નમસ્કાર કરતાં એમને આવકાર આપ્યો, અને જગમોહનને ખુરશી લાવવા હાક મારી. પછી બાપુજી તરફ ફરીને કહ્યું : 'તમને ઓળખાણ કરાવું. આ છે ડૉક્ટર શ્રીવાસ્તવ. મારા ખાસ મિત્ર.' હું અને ફેલુદા પણ ખુરશી પરથી ઊભા થઈ ગયા હતા. ફેલુદાએ મારા કાનમાં ધીરેથી કહ્યું : 'નર્વસ થઈ ગયા છે. તારા બાપુજીને નમસ્તે કહેવાનું પણ ભૂલી ગયા.'

ધીરુકાકાએ એમની વધુ ઓળખ આપતાં કહ્યું : 'ડૉ. શ્રીવાસ્તવ ઑસ્ટીઓપાથ છે, અને તળ લખનવી છે!' ફેલુદાએ ધીરેથી મને પૂછ્યું : 'ઑસ્ટીઓપાથ એટલે સમજ્યો?' 'ના.'

'હાડકાંની બીમારીના દાક્તર. ઑસ્ટીઓ અને અસ્થિ, બંને શબ્દોમાં સામ્ય લાગે છે ને? અસ્થિ એટલે હાડકાં એ તો તને ખબર છે.'

જગમોહન ખુરશી લઈ આવ્યો એટલે અમે બેઠા. ડૉ. શ્રીવાસ્તવે અચાનક ભૂલ કરી બાપુજીનો ચાનો કપ ઉપાડયો. એ મોઢે માંડવા જતા હતા ત્યાં બાપુજીએ હળવો ખોંખારો ખાધો. તુરત ડૉક્ટરને પોતાની ભૂલ સમજાઈ. 'આઈ એમ સૉરી' કહી એમણે કપ પાછો મૂકી દીધો.

ધીરુકાકાએ પૂછ્યું પણ ખરું : 'આજે જાણે તમને કંઈ થયું લાગે છે. કોઈ સીરીઅસ કેઈસ જોઈને આવ્યા કે શું?'

'ધીરુ, તું એમની જોડે બંગાળીમાં બોલે છે તે એમને બંગાળી આવડે છે?' બાપુજીએ પૂછ્યું.

કાકા હસીને બોલ્યા : 'આવડે છે એટલે કેવું આવડે છે!' ને પછી ડૉક્ટરને કહ્યું : 'તમે જરા બંગાળી બોલી દેખાડો જોઇએ.'

આ સાંભળી દાક્તર જરા છોભીલા પડી ગયા અને બંગાળીમાં બોલ્યા : 'હું બંગાળી થોડુંઘણું જાણું છું. ટાગોરનું સાહિત્ય પણ થોડું થોડું વાંચ્યું છે.'

'એમ!' 'યેસ. ગ્રેઈટ પોએટ.'

મારા મનમાં થયું કે હવે કવિતાની આલોચના ચાલુ થઈ જશે. પણ કંપતા હાથે પોતાની ચાનો કપ ઉપાડતાં દાક્તરે કહ્યું : 'કાલ રાતે મારા ઘેર ડાકુ આવ્યો હતો.'

'ડાકુ? ડાકુ એટલે કોણ હશે? અમારા ક્લાસમાં દક્ષિણા નામનો એક છોકરો છે. એનું હુલામણું નામ ડાકુ છે. પણ પછી ધીરુકાકા જે બોલ્યા તે પરથી ડાકુ એટલે કોણ એ હું સમજી ગયો.

'શું કહો છો? ડાકુ તો મધ્યપ્રદેશમાં જ છે એમ હું તો માનતો હતો. લખનૌ શહેરમાં વળી ડાકુ ક્યાંથી આવ્યો?'

'ડાકુ કહો કે ચોર કહો. મારી પેલી અંગૂઠીની વાતની તો તમને ખબર છે ને, મિ. સન્યાલ.'

'પેલી પ્યારેલાલ શેઠે આપી છે તે જ ને? શું એ ચોરાઈ ગઈ?'

'ના, ના. એ ચોરાઈ તો નથી ગઈ, લેકિન મને ખાતરી છે કે એ લેવા માટે જ ચોર આવ્યો હતો.'

બાપુજીએ બંનેની વાત સાંભળી પૂછ્યું : 'એ અંગૂઠીની શી વાત છે?'

શ્રીવાસ્તવે ધીરુકાકાને કહ્યું : 'તમે જ વાત કરો, મિ. સન્યાલ. આ લોકો મારી ઉર્દૂ ભાષા નહિ સમજે, અને મને એટલું બધું બંગાળી નહિ આવડે.'

ધીરુકાકા કહે : 'પ્યારેલાલ શેઠ લખનૌના એક પ્રખ્યાત ધનિક વ્યાપારી હતા. હતા તો ગુજરાતી, પણ એક જમાનામાં કલકત્તામાં પણ રહ્યા હતા એટલે થોડુંઘણું બંગાળી પણ જાણતા. એમનો પુત્ર મહાવીર બારતેર વર્ષનો થયો ત્યારે એને હાડકાંની એક ગંભીર બીમારી થઈ હતી. શ્રીવાસ્તવે એને સારો કરી દીધેલો. પ્યારેલાલની પત્ની હયાત નહોતી અને બે દીકરામાંથી મોટો પણ ટાઇફૉઈડમાં મરી ગએલો. એટલે સ્વાભાવિક રીતે જ પોતાના આ એકના એક પુત્રને દાક્તરે મોતના મોંમાંથી પાછો આણ્યો એ બદલ શેઠના દિલમાં શ્રીવાસ્તવ પ્રત્યે કૃતજ્ઞતાનો ઊંડો ભાવ જન્મ્યો હતો. એટલે મરતાં પહેલાં એમણે દાક્તરને એક મહામૂલી વીંટી ભેટ આપી હતી.'

'ક્યારે ગુજરી ગયા એ?' બાપુજીએ પૂછ્યું.

'લાસ્ટ જુલાઈમાં—ત્રણ મહિના થયા. મે માસમાં પહેલો હાર્ટ ઍટૅક આવ્યો તેમાંથી માંડ બચ્યા. એ જ વખતે એમણે મને અંગૂઠી આપી હતી. એ પછી તો એમને આરામ થઈ ગયો. પણ ફરી જુલાઈમાં સેકન્ડ ઍટૅક આવ્યો. એ વખતે હું એમને જોવા ગયો હતો. ત્રણ દિવસમાં તો એ ચાલ્યા ગયા.' પછી ખિસ્સામાં હાથ નાખતા બોલ્યા : 'આ જુઓ...' અને એમણે દીવાસળીની પેટીથી જરા મોટી બ્લ્યૂ રંગના મખમલથી મઢેલી એક સુંદર ડબ્બી બહાર કાઢીને તેનું ઢાંકણું ખોલ્યું. ઢળતા સૂરજનો પ્રકાશ તેના પર પડતાં જ મેઘધનુષી રંગનો ઝળહળાટ ઝબકી ગયો. પછી આજુબાજુ એક નજર ફેરવી લઈ એમણે અમારી તરફ આગળ ઝૂકીને હળવે હાથે એમાંની વીંટી બહાર કાઢી. એ વીંટીની વચ્ચોવચ્ચ લગભગ ચાર આની જેવડું ઝળહળતું એક કિંમતી નંગ જડેલું હતું. હીરો જ હશે. એની આજુબાજુ પણ રંગબેરંગી ચળકતાં નાનાં નંગ જડયાં હતાં. જરૂર એ બધાં બહુ મૂલ્યવાન રત્નો જ હશે.

આટલી અદ્ભુત વીંટી મેં કદી જોઈ નહોતી.

આડી નજરે મેં ફેલુદા ભણી જોયું. એક સૂકા પાંદડાના ડીંટા વડે એ કાન ખોતરતા હતા, પરંતુ એમની નજર પણ વીંટી પર જ હતી.

બાપુજી એ વીંટી જોઈ બોલ્યા : 'જોતાં તો લાગે છે કે આ બહુ જૂની છે. એનો કોઈ ઇતિહાસ છે કે ?'

શ્રીવાસ્તવ જરા હસ્યા. વીંટીને પાછી ગોઠવીને એમણે એ ડબ્બી પોતાના ખિસ્સામાં મૂકી અને ચાનો કપ ઉપાડતાં બોલ્યા : 'ઇતિહાસ છે જ ને. આ અંગૂઠી ઔરંગઝેબની છે.'

'શું કહો છો ! ઔરંગઝેબની ? શાહજહાંના બેટા ઔરંગઝેબની આ અંગૂઠી છે !' આશ્ચર્યથી બાપુજીનાં ભવાં કપાળે ચડી ગયાં હતાં.

'હા, એની જ. પણ ત્યારે ઔરંગઝેબ બાદશાહ બન્યો નહોતો. શાહજહાં ત્યારે તખ્ત પર હતો. એ વખતમાં સમરકંદ સર કરવા એ વારંવાર ફોજો મોકલતો હતો, અને દરેક વખતે એને હાર મળતી હતી. એક વાર એણે ઔરંગઝેબની સરદારીમાં ફોજ મોકલી. ઔરંગઝેબ પણ સમરકંદ જીતી ન શકયો. એટલું જ નહિ, કદાચ એ માર્યો પણ જાત. પરંતુ એના એક સરદારે એને બચાવી લીધો. એની વફાદારી ને બહાદુરી પર ખુશ થઈ ઔરંગઝેબે પોતાની આ અંગૂઠી એને બક્ષિશ કરી હતી. એ સરદારના વંશજ પાસેથી પ્યારેલાલે આગ્રામાં આ અંગૂઠી ખરીદી હતી. પ્યારેલાલે તે કેટલી કિંમતે ખરીદેલી એ તો કહ્યું નહોતું. પણ ધેટ બિગ સ્ટૉન ઈઝ અ ડાયમન્ડ. મેં એ ઝવેરીને બતાવી હતી. તમે એની શી કિંમત ધારો છો કહો જોઉં ?'

'ઓછામાં ઓછા બેએક લાખ તો હશે જ. આ વીંટી ઔરંગઝેબના બદલે કોઈ બીજાની હોત તો યે દોઢેક લાખ તો જરૂર ઊપજે જ.' ધીરુકાકાએ કહ્યું.

'એટલે જ તો કાલના બનાવથી હું ખૂબ જ અપસેટ થઈ ગયો છું.' કિંમતનો મુદ્દો છોડી દઈ શ્રીવાસ્તવે પોતાની વાત આગળ ચલાવી. 'હું રહ્યો એકલો માણસ. પેશન્ટોને જોવા મારે અવારનવાર ઘર છોડીને બહાર જવું પડે. આજે જો હું પોલીસમાં ફરિયાદ કરું ને કાલે હું બહાર નીકળું ત્યારે મારા પર કોઈ હુમલો કરે તો ? અને આવી કિંમતી ચીજ મારી પાસે હોવાનું આખા શહેરમાં જાહેર થઈ જાય એ પણ બરાબર નહિ. એક વાર તો એને બૅન્કના લૉકરમાં મૂકી દેવા વિચાર્યું, પણ પછી થયું કે આવી ઉમદા ચીજ દોસ્ત-અઝીઝોને બતાવવામાં યે એક અનોખી ખુશી ઊપજે છે. એટલે મેં એને મારી પાસે જ રાખી છે.'

'કેટલાક જણને બતાવી છે આ અંગૂઠી ?' ધીરુકાકાએ પૂછ્યું.

'હજી મારી પાસે આવ્યાને કયાં ઘણો સમય થયો છે ? અને મારે ઘેર કયાં બહુ લોકો આવે છે ? જેઓ આવે છે એ બધા અઝીઝ દોસ્તો છે, ખાનદાન છે. એમાંના જ કેટલાકને આ દેખાડી છે.'

સાંજ પડવા આવી હતી. ઝાડની ટોચ પર જ તડકો દેખાતો હતો. એ યે હવે વધુ વાર નહિ ટકે એવું લાગતું હતું. હું જોતો હતો કે શ્રીવાસ્તવ એમની મનોદશાને કારણે ખુરશીમાં આરામથી બેસી શકતા નહોતા.

'ચાલો, અંદર જઇને બેસીએ.' ધીરુકાકાએ કહ્યું : 'આ બાબત જરા ઊંડો વિચાર કરવો પડશે.'

બગીચામાંથી ઊઠી અમે સૌ અંદર દીવાનખાનામાં જઇને બેઠા. મને થયું કે ફેલુદાને આ વીંટીની બાબતમાં જરા ય રસ પડયો લાગતો નહોતો. સોફા પર બેસી એણે ખિસ્સામાંથી ગંજીફાનાં પાનાંનું પૅકેટ બહાર કાઢયું અને હાથ-સફાઈની પ્રૅક્ટિસ કરવા લાગ્યો.

બાપુજી તો આમે ય બહુ બોલે નહિ, અને બોલે ત્યારે પણ ખૂબ વિચારી સ્વસ્થતાપૂર્વક બોલે. એમણે કહ્યું : 'અચ્છા, શ્રીવાસ્તવબાબુ, તમને એમ કેમ લાગ્યું કે એ ચોર તમારી આ વીંટી લેવા જ આવ્યો હતો ? તમારી બીજી કોઈ ચીજ ચોરાઈ નથી ? એમ પણ બને કે એ કોઈ સાધારણ ચોર હોય અને રૂપિયાટકા લેવા જ આવ્યો હોય !'

'ના, એવું નથી લાગતું. હું તમને એનું કારણ કહું.' શ્રીવાસ્તવે કહ્યું : 'વનવિહારીબાબુ છે એટલે આમે ય તે અમારા લત્તામાં ચોરબોર આવે નહિ. વળી પડોશમાં જ મિ. ઝુનઝુનવાલાનો બંગલો છે, ને એમની બાજુમાં મિ. બિલિમોરિયા રહે છે. [illegible]રી રિચ. અને એ તો એમના વિશાળ બંગલા જોતાં જ ખબર પડી જાય. એ બંનેની સરખામણીમાં મારી શી વિસાત ? એમના બંગલા છોડી મારે ઘેર ચોર શા માટે આવે ?'

'પણ તેઓ જેમ પૈસાદાર છે તેમ એમનો ચોકી-પહેરો પણ એવો જ હશે ને ?' ધીરુકાકાએ કહ્યું : 'પુષ્કળ ધનમાલની આશાએ ચોર એમ જોખમ ખેડતાં યે વિચારે. મારા તમારા જેવાને ત્યાંથી એને પાંચસો-છસો રૂપરડી મળી જાય તો ય એને તો ચાર-છ માસની ખાધાખોરાકી નીકળી જાય.'

આ બધા તર્કથી દાક્તરને નિરાંત વળતી નહોતી. એ કહે : 'હું જાણતો નથી મિ. સન્યાલ, પરંતુ કોણ જાણે કેમ મારા મનમાં એમ જ થાય છે કે ચોર આ અંગૂઠી લેવા જ આવ્યો હતો. મારા બેડરૂમની બાજુના ઓરડાનો એક કબાટ એણે ખોલ્યો હતો. એમાંનું ખાનું પણ ખોલ્યું હતું. તેમાંની કેટલીક ચીજો એ લઈ શકયો હોત. આ માટે એને પૂરતો સમય પણ મળ્યો હતો. પણ હું જાગી ગયો છું એવું લાગતાં તે એ કંઈ પણ લીધા વિના પલાયન થઈ ગયો.' પછી દાક્તરે પૂછ્યું : 'અને બીજી એક ખબર છે તમને ?'

આટલું પૂછી દાક્તર અચાનક અટકી ગયા. ભવાં સંકોચી થોડો વિચાર કરી બોલ્યા : 'પ્યારેલાલે જયારે મને આ અંગૂઠી આપી ત્યારે મને એવું લાગ્યું હતું કે જાણે તેઓ આ અંગૂઠીથી છૂટવા ઇચ્છતા હતા, અને કદાચ તેથી જ એમણે એ મને આપી દીધી. ઔર...' ફરી ભવાં સંકોચી એ બોલતાં અટકી ગયા.

'ઔર કયા, દાક્તરબાબુ ?' કાકાએ પૂછ્યું.

એક ઊંડો શ્વાસ લઈ એમણે વાત આગળ ચલાવી. 'બીજી વાર જયારે એમને હાર્ટ ઍટેક આવ્યો ત્યારે હું એમને જોવા ગયો હતો. ત્યારે એમને કંઈક કહેવું હતું પણ તેઓ પૂરું બોલી ન શકયા. કેવળ એક જ શબ્દ હું સાંભળી શકયો હતો.' 'કયો શબ્દ ?'

'બે વાર એ બોલ્યા હતા—એ સ્પાઈ... એ સ્પાઈ...'

'ના, ડૉકટર ! પ્યારેલાલ ભલે જે કંઈ બોલ્યા હોય, પણ મને ખાતરી છે કે તમારે ત્યાં આવેલો ચોર કોઈ સાધારણ ચીભડાચોર જ હશે. કદાચ તમને ખબર નહિ હોય, બૅરિસ્ટર ભૂદેવને ત્યાં પણ રીસન્ટલી ચોરી થઈ હતી. એક રેડિયો અને ચાંદીનાં થોડાં વાસણકૂસણ ઊપડી ગયાં હતાં. અને છતાંય તમને ખરેખર ડર લાગતો હોય તો અંગૂઠી મારે ત્યાં ખુશીથી મૂકી જાઓ. મારા ગોદરેજના કબાટમાં એ સચવાશે. પછી તમારો ડર દૂર થાય ત્યારે પાછી લઈ જજો.'

કાકાનો પ્રસ્તાવ સાંભળી શ્રીવાસ્તવે છુટકારાનો દમ લીધો અને હસ્યા : 'હું એ માટે જ આવ્યો. લેકિન કહેતાં સંકોચ થતો હતો. થૅન્ક યુ વેરી મચ, મિસ્ટર સન્યાલ. તમારી પાસે અંગૂઠી રહેશે તો મારા જીવને નિરાંત રહેશે.' શ્રીવાસ્તવે વીંટીની ડબ્બી ધીરુકાકાને આપી ને તેઓ એ લઇને પોતાના શયનખંડમાં ચાલ્યા ગયા.

એ વખતે ફેલુદાએ અચાનક પ્રશ્ન કર્યો : 'વનવિહારીબાબુ કોણ છે ?'

'પાર્ડન ?' શ્રીવાસ્તવ કદાચ એ વખતે અન્યમનસ્ક હતા.

'તમે કહ્યું ને કે વનવિહારીબાબુ તમારા લત્તામાં રહે છે એટલે ચોર-બોર ન આવે એ. વનવિહારીબાબુ કોણ છે ? પોલીસ-બોલીસ છે ?'

'ઓહ નો, નો ! પુલીસ નહિ, એથી યે મોટા. ઈન્ટરેસ્ટિંગ પર્સન. અગાઉ બાંગ્લા દેશમાં એમની જમીનદારી હતી. પણ એ તો ચાલી ગઈ

અને એમણે એક ધંધો ચાલુ કર્યો—પરદેશમાં જાનવરો મોકલવાનો.'

'જાનવરો?' બાપુજી અને ફેલુદા એક સાથે બોલી ઊઠચા.

'હા. સરકસ, ચીડિયાખાના, ટેલિવિઝન વગેરે બધાં માટે આપણા દેશમાંથી અનેક પ્રાણીઓ પરદેશ મોકલાય છે. જાનવરોની નિકાસનો પણ એક ધંધો છે. ઘણા ઇન્ડિયનો આ કામ કરે છે. વનવિહારીબાબુ પણ એમાં સારું કમાયા હતા. પછી રીટાયર થઈ બેત્રણ વર્ષથી અહીં આવીને રહ્યા છે. આવ્યા ત્યારે થોડાં જાનવર ભી સાથમાં લાવ્યા હતા. અહીં એક મોટો બંગલો ખરીદી તેમાં એમણે પોતાનું નાનકડું પ્રાણી-સંગ્રહાલય બનાવ્યું છે.'

'આ તો અદ્ભુત કહેવાય.' બાપુજી આશ્ચર્ય પામતા બોલી ઊઠચા.

'હા. અને એમના એ પ્રાણી-સંગ્રહની સ્પેશિયાલિટી એ છે કે એમાં દરેક જીવ બહુ...બહુ...શું કહેવાય...' 'હિંસ્ર?'

'હા, હા. એવાં જ, જાલેવા. કરડે કે ડંખે એટલે ખેલ ખતમ.'

લખનૌમાં આમે ય એક પ્રાણીબાગ તો છે જ. સાંભળ્યું છે કે એ ખૂબ સરસ છે. ત્યાં વાઘ-સિંહને પિંજરામાં નથી રાખતા, પણ એ પ્રાણીઓની રહેવાની ખાસિયત પ્રમાણે કૃત્રિમ ટેકરી ગુફા વગેરે બનાવ્યાં છે ને તેમાં એ જાનવરો રહે છે. જોવા માટે આવા બધા ભાગની આસપાસ ઊંચી ઊંચી સલામત જાળીઓ લગાડેલી છે. આ વનવિહારીબાબુનું પ્રાઇવેટ પ્રાણી-સંગ્રહાલય એ એક નવું ઉમેરણ!

વધુ વિગત આપતાં શ્રીવાસ્તવે કહ્યું: 'એમની પાસે વાઈલ્ડ કૅટ, હાયના, મગર, સ્કૉર્પીઅન વગેરે અનેક અવનવા જીવ છે. રાતભર એમના ચિત્રવિચિત્ર ડરામણા અવાજો સંભળાયા કરે છે, એટલે ચોર પણ હત્તામાં આવતાં ડરે.'

આ સાંભળી હું જે પૂછવા જતો હતો એ મારા પહેલાં ફેલુદાએ જ પૂછી લીધું: 'આપણને એ પ્રાણી-સંગ્રહ એક વાર જોવા ન દે?'

બરાબર એ જ વખતે ધીરુકાકા પાછા આવ્યા. ફેલુદાનો પ્રશ્ન એમણે પણ સાંભળ્યો હતો, ને એને જવાબ આપતાં બોલ્યા: 'એ તો સહેલી સટ વાત. ત્યાં તો આપણે ગમે ત્યારે જઈ શકીએ. એ માણસ એનાં જાનવરો જેવો જરા ય નથી.'

શ્રીવાસ્તવ હવે જવા માટે ઊભા થયા. કહે: 'લાટુશ રોડ મારે એક પેશન્ટને જોવા જવાનું છે. હું જઉં હવે.'

એમને વળાવવા અમે બધા બહાર કૉમ્પાઉન્ડના ગેઈટ સુધી ગયા. બધાને 'ગુડ નાઈટ' કહી તેઓ પોતાની 'ફીઆટ'માં બેસી ચાલ્યા ગયા. બાપુજી ને કાકા ઘર તરફ વળ્યા. ફેલુદા અને હું હજી ગેઈટ પાસે જ હતા. ફેલુદા સિગારેટ સળગાવવા જતો જ હતો ત્યાં તો હુરા કરતીકને એક કાળી મોટર અમારી સામેથી શ્રીવાસ્તવ ગએલા એ દિશામાં દોડી ગઈ.

ફેલુદા તુરત બોલી ઊઠયો: 'સ્ટૅન્ડર્ડ હૅરલ્ડ. નંબર મિસ થઈ ગયો.'

'નંબરનું શું કામ છે?' મેં પૂછ્યું.

'મને લાગ્યું કે એ ગાડી ડૉ. શ્રીવાસ્તવને ફૉલો કરતી હશે. જે બાજુથી એ આવી એ તરફ જો ને કેવું અંધારું છે? ત્યાં જ એ ગાડી ડાક્તરના નીકળવાની રાહ જોઈ ઊભી હશે. આપણા ગેઈટ પાસે જ એણે ગીઅર બદલ્યું એ તેં સાંભળ્યું નહિ?' આમ કહી ફેલુદા ઘર તરફ જવા વળ્યા.

ગેઈટ અને બંગલા વચ્ચે પચાસેક વારનું અંતર હશે. આ અંદાજ હું એટલા પરથી કાઢી શક્યો કે સ્કૂલમાં હું ઘણી વખત સો વારની દોડમાં ઊતરેલો છું. ધીરુકાકાના દીવાનખંડની બત્તી જલતી હતી. બારીમાંથી અંદરનું બારણું પણ દેખાતું. બાપુજી અને કાકા એ બારણામાંથી પસાર થતા પણ દેખાયા. આ જોતાં જ ફેલુદા અચાનક અટકીને ઊભા રહી ગયા.

એમની નજર બારી તરફ જ તકાએલી હતી. ને ભવાં સંકોચાએલાં. દાંત વડે એ હોઠ દબાવી રહ્યા હતા. લાગ્યું કે એ ખૂબ ચિંતિત બની ગયા હતા. 'જાણે છે તોપસે...?'

મારું અસલ નામ તો છે તપેશરંજન, ટૂંકમાં તપેશ (બંગાળી ઉચ્ચારમાં તોપેશ), પણ ફેલુદાએ તેનું તોપસે કરી નાખ્યું છે. મેં પૂછ્યું: 'શું?'

'હું અહીં હોવા છતાં આ ભૂલ કેમ થઈ ગઈ?' 'કઈ ભૂલ?'

'આ બારી બંધ કરી દેવી જોઈતી હતી. ગેઈટ આગળથી આ બારીમાં થઇને ઓરડાની અંદરનું બધું દેખાય છે. ઇલેક્ટ્રિકનો સાદો બલ્બ હોત તો યે ઠીક રહેત, પણ અંદર તો ફ્લૉરેસન્ટ ટ્યૂબ લગાડી છે.'

'તેથી શું થયું?' મેં પૂછ્યું. 'તારા બાપુજી દેખાય છે?'

'હા, પણ એ ખુરશી પર બેઠા હોઈ માત્ર એમનું માથું હું જોઈ શકું છું.'

'એ જ ખુરશી પર થોડી વાર પહેલાં કોણ બેઠું હતું?'

'ડૉક્ટર શ્રીવાસ્તવ.'

'પેલી અંગૂઠીની ડબ્બી તારા બાપુજીને જોવા આપતી વેળા એ ખુરશી પરથી ઊભા થતા હતા એ યાદ છે?'

'આટલી જ વારમાં કંઈ ભૂલી જવાય?'

'એ વખતે આ ગેઈટ પાસે જો કોઈ ઊભું હોય તો એ પણ જોઈ શકે.'

'એ ખરું. પણ ગેઈટ પાસે કોઈ હોય એમ માનવાનું કંઈ કારણ?'

મારી સાથે આ વાત કરતાં કરતાં યે ફેલુદાની નજર તો નીચે રસ્તા પર ઘૂમી રહી હતી. એકાએક વાંકા વળી એણે કંઈક ઉપાડી લીધું અને મારા હાથમાં મૂકતાં કહ્યું: 'આને બરાબર જો'.

એ સિગારેટનું એક ઠૂંઠું હતું. બત્તીના આછા ઉજાસમાં મેં આંખ નજીક લઈ જોયું. ફેલુદાએ એ પાછું લેતાં પૂછ્યું: 'શું જોયું?'

'ચાર મિનાર'. જેણે પીધી છે તેના મોંમાં પાન પણ હતું. સિગારેટના છેડા પર તેના ડાઘ છે.'

'વેરી ગુડ. ચાલ હવે અંદર જઇએ.'

રાતના સૂતાં પહેલાં ફેલુદાએ ધીરુકાકા પાસેથી પેલી અંગૂઠી માગી ને એને બહુ ધ્યાનપૂર્વક જોઈ. અલબત્ત, ડબ્બીમાંથી વીંટી કાઢતાં પહેલાં એણે મને રૂમની બારી વાસી દેવા કહ્યું જ હતું. ઝવેરાત વિષે પણ એને આટલું જ્ઞાન હતું એ મને ખબર નહોતી. બત્તીના અજવાળામાં ફેરવી ફેરવીને વીંટી જોતાં એણે મને કહેવા માંડ્યું: 'જો, આ જે બ્લ્યુ નંગ છે તે સેફાયર એટલે કે શનિ અથવા નીલકાંત મણિ છે. આ લાલ તે રુબી, એટલે કે માણેક. આ લીલા તે પન્ના—એમરલ્ડ, અને આ પોખરાજ-ટોપાઝ. પણ અસલ જોવા જેવો તો મધ્યમાંનો હીરો છે. આવો હીરો હાથમાં લઇને જોવાનું સૌભાગ્ય પણ બધાને નથી મળતું.'

એ પછી ફેલુદાએ એ અંગૂઠીને પોતાના ડાબા હાથની ટચલી આંગળી પાસેની અનામિકામાં ભેરવી અને બોલ્યો: 'ઔરંગઝેબ ને મારી આંગળીનું માપ સરખું જ છે. જો, સેઈમ સાઈઝ'. ખરેખર ફેલુદાની આંગળીમાં વીંટી બંધબેસતી હતી.

પછી બત્તીના પ્રકાશમાં ઝગહગતાં રત્નો ભણી એક નજરે તાકી રહેતાં એ બોલ્યા: 'કોને ખબર, કેટલો ઇતિહાસ આની સાથે સંકળાએલો હશે! પણ એક વાત કરું તને, તોપસે? મને આ અંગૂઠીના ભૂતકાળમાં જરાય રસ નથી, એ ઔરંગઝેબની હોય કે અલ્તમશની યા કોઈ અકરમખાનની. એ બધું અનઈમ્પોર્ટન્ટ છે કેવળ આનું ભવિષ્ય અને વર્તમાનમાં સાચે જ કોઈ આની પાછળ પડ્યું છે કે નહિ તે. તે જો ખરેખર એમ જ હોય તો એ કોણ છે અને શા માટે આવું દુઃસાહસ કરી રહ્યું છે.' (ચાલુ)

અર્વાચીન ગુજરાતી સાહિત્યનો આસ્વાદ

લેખક: પ્રો. ડૉ. મધુસૂદન પારેખ

પ્રકરણ ૧ (ચાલુ): ગુજરાતમાં અંગ્રેજી રાજ્યની સ્થાપના

સહજાનંદ સ્વામીનો પ્રભાવ

ગુજરાતમાં સર્વત્ર અંધાધૂંધી અને અરાજકતા પ્રવર્તતાં હતાં તે સમયે સહજાનંદ સ્વામીએ ગુજરાત–કાઠિયાવાડમાં ધર્મસુધારણા અને સમાજસુધારણાનું મહાન કાર્ય બજાવ્યું.

સહજાનંદનું મૂળ વતન અયોધ્યામાં છપૈયા ગામમાં હતું. પ્રેમવતી અને હરિપ્રસાદ પાંડે એમનાં માતાપિતા. ઈ. ૧૭૮૧માં સહજાનંદનો જન્મ. એમનું અસલ નામ ઘનશ્યામ હતું. બચપણથી જ એમનું ચિત્ત વૈરાગ્ય તરફ ઢળેલું હતું. સાધુસંતોનો સત્સંગ એમને પ્રિય હતો. ઓગણીસ વર્ષની તેમની વય થઈ ત્યાં સુધી તેમણે કેવળ તપોમય જીવન ગાળ્યું. એ દરમ્યાન વેદ અને ધર્મશાસ્ત્રોનું તત્ત્વ તેમણે પચાવી લીધું. આ સમયમાં તેમણે તીર્થાટન પણ સારા પ્રમાણમાં કર્યું. ઈ. ૧૮૦૦માં તેઓ ગુજરાતમાં આવ્યા અને ઈ. ૧૮૩૦માં તેમના જીવનના અંત સુધી તેમણે ગુજરાત–કાઠિયાવાડની પછાત ગણાતી જાતિઓને ધર્મબોધ કરી તેમની જીવન-સુધારણા માટે જ જીવન સમર્પણ કર્યું. સૌરાષ્ટ્રના રામાનંદ સ્વામીએ તેમનું હીર પારખી લીધું. તેમણે પોતાની ધર્મધુરા એમને ભળાવીને ઉચ્ચર્યા કે 'અમે ડુગડુગિયું વગાડનાર હતા, વેશ તો હવે પાછળ આવે છે.' તેમણે ઘનશ્યામને મહાદીક્ષા આપીને સહજાનંદ બનાવ્યા.

કવિ નાનાલાલે તેમના જીવનકાર્યનો પ્રભાવ 'કવીશ્વર દલપતરામ' (ભાગ ૧)માં યથાર્થ વર્ણવ્યો છે: '... જસ્ટીસ રાનડે શ્રીજી મહારાજને Last of the old Hindu Reformers કહેતા. ભાંગ, ગાંજો, તમાકુ તજાવી શ્રીજીએ ગૃહસ્થીનાં જીવન નિર્માદક કીધાં; રંગેલાં તુંબડાં ફોડાવી શ્રીજીએ સંતોને નિર્મોહી કીધા; બાઈભાઈનાં દર્શનદ્વાર નિરનિરાળાં સ્થપાવી શ્રીજીએ દેવમંદિરોને પવિત્ર કીધાં; પંચવર્તમાન ધરાવીને સાંપ્રદાયિકોને આચારશુદ્ધ કીધા; 'શિક્ષાપત્રી' આપી વ્યવહારશુદ્ધ કીધા;'વચનામૃતો'સંભળાવી જ્ઞાનશુદ્ધ કીધા; પ્રેમભક્તિ વરસાવી અન્તરશુદ્ધ કીધા...પરિવ્રાજકની પેઠે ગામડે ગામડે ઘૂમી જનતાને ઉમંગી કીધી, ભાવહિંડોળે હીંચકાવી. સ્વામી નારાયણે આપણા ગુજરાતના સંસારને સંજીવની છાંટી સજીવન કીધો હતો.' (પૃ. ૧૦૮-૧૦૯, આ. ઈ. ૧૯૩૩)

ધર્મગ્લાનિના એ યુગમાં સહજાનંદે લોકોમાં એકેશ્વરવાદની ભાવના દૃઢ કરી. પ્રજામાં ધર્મને નામે પ્રવેશી ગએલાં દૂષણો દૂર કર્યાં. તેમની ધર્મભાવના વિશાળ હતી. પોતાના સંપ્રદાયમાં તેમણે હિંદુ ઉપરાંત મુસલમાન, પારસી, શૂદ્ર એ તમામ જાતિના લોકોને સમાવ્યા. તેમણે ભીલ-કોળી વગેરે જાતિઓને લૂટફાટ, ચોરી, કેફ, વહેમ વગેરેમાંથી પાછા વાળીને સન્માર્ગે પ્રેરી. એમના સ્વામીનારાયણ સંપ્રદાયમાંથી આપણને બ્રહ્માનંદ, મુક્તાનંદ, દેવાનંદ, નિષ્કુલાનંદ જેવા સંત કવિઓ મળ્યા. એમની પાસેથી 'જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્ય જી', 'ત્યાગ ટકે ન રે વૈરાગ્ય વિના' (નિષ્કુલાનંદ), 'આ તન રંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગે જી', 'રે શિર સાટે નટવરને વરીએ રે, પાછાં પગલાં તે નવ ભરીએ' (બ્રહ્માનંદ),'સાજન શ્રીજી સુજને સાંભર્યા રે', 'વંદું સહજાનંદ રસરૂપ અનુપમ સારને રે લોલ' ('પ્રેમસખી'–પ્રેમાનંદ), 'તારે માથે નગારાં વાગે મોતનાં રે' (દેવાનંદ) ઇત્યાદિ વૈરાગ્ય અને ભક્તિનાં ભાવસમૃદ્ધ પદો આપણને મળ્યાં છે. મંજુ કેશાનંદે પણ સ્વામીનારાયણ સંપ્રદાયની કવિતામાં પોતાનું આગવું ઉમેરણ કર્યું છે.

સહજાનંદનું સાહિત્ય ગદ્યમાં 'વચનામૃત' રૂપે પ્રગટ થયું છે. તેમાં તેમણે બ્રહ્મ, માયા, વૈરાગ્ય, સત્સંગ, એકાંતિક ધર્મ, ભક્તિ અને બીજા અનેક વિષયોનું વાર્તાલાપની શૈલીમાં સદૃષ્ટાંત મનોહર નિરૂપણ કર્યું છે. એમાં સૌરાષ્ટ્રની તળપદી બોલીનો રણકો ધ્યાન ખેંચી રહે છે. એ યુગના સરળ મનોહારી ગદ્યના નમૂના પણ 'વચનામૃત'માં વિપુલપણે મળે છે. વૈરાગ્ય વિષે એક વચનામૃતમાં તે કહે છે: 'જેમ અગ્નિ બળતો હોય તેને માથે જળ પડે તો ઓલાઈ જાય અને વડવાનળ અગ્નિ સમુદ્રને વિશે છે તે જળનો ઓલાવ્યો ઓલાતો નથી, તેમ જે જ્ઞાનયુક્ત વૈરાગ્ય છે તે તો વડવાનલ અગ્નિ તથા વીજળીનો અગ્નિ, તેવો છે તે કોઈ કાળે ઓલાય નહિ'. ('વચનામૃત'–પ્રકાશક બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થા, ચોથી આવૃત્તિ, જુલાઈ ૧૯૭૩, પૃ. ૧૮૧.)

માન (વખાણ) વિનાની ભક્તિ વિશે તે કહે છે કે ભક્તો પણ વખાણમાં લોભાય છે અને બહાર સારું બોલાય તે માટે ભક્તિ કરતા હોય છે. 'જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે' પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહિ અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે પછી તેણે કરીને પોતાનું મોઢું



સહજાનંદ સ્વામી

છોલાય ને તે હાડકું લોહીવાળું થાય તેને ચાટીને રાજી થાય છે. પણ મૂર્ખ એમ નથી જાણતો જે 'મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું.' તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી.' (એજન, ૪૮૫)

ભગવાનનું સ્વરૂપ વર્ણવતાં તે કહે છે: 'તે ભગવાન કેવા છે? તો પોતાની ઇચ્છાએ કરીને જીવન કલ્યાણ અર્થે જન્મ ધરે છે ને જન્મને ધરતા થકા પણ અજન્મા છે, ને દેહને મૂકતા થકા પણ અજર, અમર છે. ને નિરંજન છે કહેતાં માયાના અંજને કરીને રહિત છે ને મૂર્તિમાન છે, અને સ્વપ્રકાશ છે, પરબ્રહ્મ છે, અક્ષરાતીત છે, અંતર્યામી છે, અનંતકોટિ બ્રહ્માંડના આધાર છે અને મનુષ્ય દેહને જે ધરવું ને મૂકવું તે તો નટની પેઠે ઇંદ્રજાલ સરખું છે અને અનંતકોટિ અક્ષરાદિક મુક્તતા નિયંતા છે ને સર્વેના સ્વામી છે.' (એજન, ૬૯૩) સ્વામીનારાયણ સંપ્રદાયમાં 'વચનામૃત' એ ધર્મનો ગૌરવગ્રંથ છે અને ઓગણીસમા સૈકાના આરંભના ગદ્યનો સરસ પરિચય તેમાંથી મળે છે.

સહજાનંદની ધર્મ વિષેની એક પુસ્તિકા 'શિક્ષાપત્રી' ૨૧૨ શ્લોકમાં રચાએલી છે. એમાં ધર્માચરણ વિષે સૂત્રાત્મક બોધ છે. સહજાનંદે પોતે આ શિક્ષાપત્રી વિષે કહ્યું છે કે મદ્રૂપમિતિ મદ્‌વાણી. કવિ નાનાલાલે આ બે ધર્મગ્રંથો વિષે નોંધ્યું છે તેમ 'વચનામૃત' તે સ્વામી સંપ્રદાયની શ્રુતિ, 'શિક્ષાપત્રી' તે સ્વામી સંપ્રદાયની સ્મૃતિ.' (કવીશ્વર દલપતરામ, ભાગ-૧, પૃ. ૧૧૫.)

સૂરતની મોટી આગ

સહજાનંદ સ્વામીનું જીવન ઈ. ૧૮૩૦માં સમાપ્ત થઈ ગયું તે પછી સાત વર્ષે, ઈ. ૧૮૩૭માં સૂરતમાં પ્રચંડ આગ લાગી. એ આગને કારણે સૂરતની રોનક નાશ પામી ગઈ. 'નંદશંકર જીવનચિત્ર'માં એના કર્તા વિનાયક નંદશંકર મહેતા વર્ણવે છે તેમ 'ઈ. સ. ૧૮૩૭ની ૨૪મી એપ્રિલ ને સોમવારે પાછલા પહોરના પાંચ વાગતે એક પારસી વ્યાપારીના ઘરમાં ઊકળતા ડામરમાંથી તે આગ શરૂ થઈ હતી. મકાનમાલિકની સમૃદ્ધિ ઉપર ઈર્ષ્યા હોય કે પછી પારસીઓની અગ્નિ શાંત કરવા તરફની અશ્રદ્ધા હોય, જે હોય તે ખરું, પણ આગ શરૂથી જ છંટાઈ નહિ. કાળચક્રના સપાટામાંથી સૂરતની જે કાંઈ રૌનક બચી હતી તેને આ ભયાનક વહ્નિજિહ્વા ચાટી ગઈ. ઊંચાં, નકશીદાર ગીચોગીચ મકાન, વિશાળ પથ્થરની હવેલીઓ, એકસરખી વિભૂતિમાં ભળી ગયાં. આગ ગોપીપુરામાં ગોવિંદજીનું મંદિર બાળી છીપવાડ આગળ અટકી. 'અડધી હવેલી બળી તે અભેરામની જો' આમ ગરબો ગવાયો....ઝાંપામાં વસતા વોરા કોમની સ્ત્રીઓ બહુ બળી મરેલી. તેમણે ધાર્યું કે મસ્જિદમાં પનાહ લઈશું તો આતિશથી પણ પનાહ મળશે. પણ પ્રયત્ન વ્યર્થ ગયો ને આ ધગધગતા મકાનમાં તેઓ સસડી ગઈ. કેટલીક સુવાવડી સ્ત્રીઓ તો શયનખંડમાં જ બળી મરી.' (આવૃત્તિ બીજી, ઈ. ૧૯૬૧, પૃ. ૨૭ અને ૨૯.)

સૂરતની આ મોટી આગને કારણે લોકોમાં વહેમની વ્યાપકતા વધી ગઈ. આખા સૂરતમાં ભૂતપ્રેત ચૂડેલશંખણીની વાતો ચોમેર પ્રસરવા લાગી. દુર્ગારામ, નંદશંકર, નર્મદ વગેરે સમાજસુધારકોને આ વહેમોમાંથી પ્રજાને મુક્ત કરવા અથાગ પરિશ્રમ કરવો પડ્યો. સૂરતની આગનો ચિતાર સાહિત્ય કૃતિઓમાં પણ એક કે બીજા રૂપે પ્રસિદ્ધ થવા માંડ્યો. નર્મદે એની કવિતામાં એ ઘટના વર્ણવી નંદશંકરે 'કરણઘેલો' નવલકથામાં પાટણની આગનું જે વર્ણન કર્યું છે તે અને આગમાંથી જે વહેમો ઉદ્‌ભવ્યા તે સૂરતની આગની ઘટના પર આધારિત છે.

ખ્રિસ્તી મિશનરીઓ

ભારતમાં યુરોપીય પ્રજાઓ આરંભમાં વેપાર કરવાના હેતુસર આવી હતી. સોળમા સૈકામાં પોર્ટુગીઝો ભારતમાં આવ્યા ત્યારથી યુરોપની પ્રજા સાથે ભારતના લોકોનો સંપર્ક થવા માંડ્યો. એ પછી ફ્રેન્ચ પ્રજા આવી અને છેલ્લે અંગ્રેજો આવ્યા. અંગ્રેજોએ પોર્ટુગીઝ અને ફ્રેન્ચ પ્રજાને અવારનવાર યુદ્ધોમાં શિકસ્ત આપી અને છેવટે અંગ્રેજ પ્રજાનું વર્ચસ્ ભારત પર સ્થપાયું. આ યુરોપીય વેપારીઓ સાથે ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર ને ઉપદેશ માટે પાદરીઓ પણ આવતા હતા. બાઈબલનું શિક્ષણ આપવા માટેની શાળાઓ પોર્ટુગીઝ પ્રજાના આગમનકાળથી સ્થપાવા માંડી હતી. અંગ્રેજી રાજ્યમાં તેમનો ધર્મપ્રચાર વધવા માંડ્યો. અંગ્રેજોએ હિંદના વતનીઓના શિક્ષણ માટે નિશાળો સ્થાપવા માંડી હતી. ગુજરાતમાં ઈ. ૧૮૨૬માં બે ગુજરાતી શાળાઓ સ્થપાઈ; અને ઈ. ૧૮૪૨માં અંગ્રેજી નિશાળ પણ શરૂ થઈ. અંગ્રેજ પાદરીઓએ પોતાની આગવી નિશાળો પણ સ્થાપી હતી. પણ લોકોને એ નિશાળોમાં છોકરાઓને વટલાવવામાં આવે છે એવો વહેમ હતો, ને એ વહેમનું સમર્થન કરે તેવો એક કિસ્સો બન્યો પણ ખરો. સૂરતમાં મૉન્ટગોમરી નામનો પાદરી હતો. તેણે નવરોજજી પારેખ[3] નામના એક પારસી છોકરાને વટલાવી ખ્રિસ્તી ધર્મમાં દાખલ કર્યો. આ ઘટનાથી આખા સૂરતમાં ચારે કોર હાહાકાર ફેલાઈ ગયો. લોકો પોતાનાં બાળકોને નિશાળોમાં ભણવા મોકલતાં બંધ થઈ ગયા, પણ એક સરકારી શાળાના હેડમાસ્તર ગ્રીને એ પાદરીની ઝાટકણી કાઢી નાખી, દુર્ગારામની સહાય લઇને પેલા પારસી વિદ્યાર્થીને ફરી સ્વધર્મમાં દાખલ કરાવ્યો અને વાત ટાઢી પડી.

ખ્રિસ્તી મિશનરીઓ ખૂબ સેવાભાવી હતા. એમણે રોગીની સારવાર માટે દવાખાનાં શરૂ કરીને દેશીઓની બહુ સેવા કરી. એમણે જો આ ધર્માંતર કરાવવાની વૃત્તિ રોકી હોત તો તેમની સેવાને ખૂબ યશ મળ્યો હોત. દેશીઓની સેવા માટે તેઓ દેશી ભાષા શીખ્યા. ગુજરાતી ભાષાનું વ્યાકરણ, કોશ, ઇતિહાસ વગેરે પુસ્તકો કેળવણીના આરંભકાળમાં સેવાભાવી અગ્રેજ સજ્જનો તરફથી જ આપણને મળ્યાં હતાં. માત્ર ગુજરાતી ભાષામાં જ નહિ પણ હિંદી, બંગાળી, તમિળ વગેરે ભાષાઓમાં પણ કોશ અને વ્યાકરણના ગ્રંથો આપણને અંગ્રેજો તરફથી સાંપડ્યા છે. 'ગુજરાતી ભાષામાં વ્યાકરણ અને શબ્દસંગ્રહ' એ ડૉ. ડ્રમંડનો રચેલો પહેલવહેલો ગ્રંથ છે તેમ ગુજરાતી ટાઈપમાં છાપેલું એ પુસ્તક પ્રથમ જ છે. તે સન ૧૮૦૮માં છપાયું હતું અને તે નવા અંગ્રેજ શિખાઉ માટે રચાયું હતું.' (અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન, સંપાદક મધુસૂદન પારેખ, આવૃત્તિ પહેલી, ઈ. ૧૯૭૬, પૃ. ૨૨૩) એવું બીજું વ્યાકરણ વિલિયમ ફોર્બ્સે ઈ. ૧૮૨૯માં રચ્યું હતું. તે પછી ઈ ૧૮૪૭માં ગુજરાતના એક મિશનરી વિલિયમ ક્લાર્કસને વ્યવસ્થિત રીતે એક નવું મોટું વ્યાકરણ રચ્યું હતું, અને છેલ્લે જોસફ વાન સોમરન ટેલરનું 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' ઈ. ૧૮૬૭માં પ્રગટ થયું. તે ખૂબ પ્રમાણભૂત હતું અને શ્રી કમળાશંકર ત્રિવેદીએ વ્યાકરણ રચ્યું ત્યાં સુધી ટેલરનું જ વ્યાકરણ ગુજરાતમાં પ્રચલિત હતું. ખ્રિસ્તી મિશનરીઓની તેમ જ ભારત દેશની પ્રજાના કેટલાક હિતચિંતક અંગ્રેજ સજ્જનોની આ સેવા ભૂલી શકાય તેમ નથી.

અંગ્રેજી શિક્ષણનો પ્રસાર

ભારતમાં–ગુજરાતમાં–અંગ્રેજી રાજ્યવહીવટ સ્થપાયા પછી શિક્ષણસંસ્થાઓનું અને શિક્ષણની પદ્ધતિનું સ્વરૂપ બદલાવા માંડ્યું. અંગ્રેજોએ હિંદીજનોને કેળવણીની સગવડ મળે તે માટે નિશાળો સ્થાપવા માંડી. ઈ ૧૮૨૩માં 'મુંબઈ નેટીવ સ્કૂલ'ની સ્થાપના થઈ. ઈ. ૧૮૨૭ પછી લૉર્ડ એલ્ફિન્સ્ટનની રાહબરી નીચે તે 'મુંબાઈ નેટીવ એજ્યુકેશન સોસાયટી' નામથી વિકસવા માંડી; અને તેમાંથી અંતે મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજનો ઉદ્‌ભવ થયો.

---

[3] 'નંદશંકર જીવનચિત્ર'માં તેના કર્તા વિનાયક નંદશંકર મહેતાએ એ પારસી વિદ્યાર્થીનું નામ નસરવાનજી માણેકજી આપ્યું છે.

ગુજરાતમાં નવીન અંગ્રેજી શિક્ષણનું વિતરણ કઈ રીતે કરવું તે બાબતમાં અંગ્રેજ હાકેમો વચ્ચે મતભેદ પ્રવર્તતો હતો. એક વર્ગ એવી માન્યતા ધરાવતો હતો કે સર્વ શિક્ષિત દેશીઓને તેમની માતૃભાષામાં આપવું. એ રીતે તૈયાર થએલો શિક્ષણ વર્ગ પોતાના જ્ઞાનનું વિતરણ તેમના અભણ બંધુઓમાં કરશે. એ સમયના મુંબાઈના ગવર્નર સર જે. માલ્કમ આ પદ્ધતિએ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના હિમાયતી હતા.

બીજા પક્ષે લૉર્ડ મૅકાલે સર્વ કેળવણી અંગ્રેજી માધ્યમ દ્વારા જ અપાય તે બાબતના આગ્રહી હતા. એમના મતે દેશી ભાષાનું સાહિત્ય નિર્માલ્ય અને વહેમોથી ભરેલું હતું. પણ વિશેષ મહત્ત્વની વાત તો એ હતી કે હિંદમાં અંગ્રેજી રાજ્યવહીવટમાં મદદ કરી શકે તેવા અંગેજી ભણેલા કારકુનોની અંગ્રેજ હાકેમોને આવશ્યકતા હતી. અને લૉર્ડ મૅકાલેનું મંતવ્ય એવું હતું કે અંગ્રેજી કેળવણી પામેલા હિંદીઓ રંગે અને રક્તે હિંદીઓ જ રહેશે, માત્ર તેમના રુચિ અને શિષ્ટાચાર પશ્ચિમી ઢબના થશે.* અને એ જ તેમને ઈષ્ટ હતું. રાજા રામમોહન રાય જેવા પ્રખર સમાજસુધારકે પણ અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણની હિમાયત કરી હતી. અંતે ઈ. ૧૮૩૫માં લૉર્ડ મૅકાલેની નીતિનો તે વખતના હિંદના ગવર્નર જનરલ લૉર્ડ વિલિયમ બેન્ટિકે સ્વીકાર કરી લીધો ને અંગ્રેજી માધ્યમથી શિક્ષણ આપવાના વ્યવસ્થિત ગણેશ મંડાયા. આ અંગ્રેજી ભાષા દ્વારા શિક્ષણની પદ્ધતિને કારણે આજે દેશભરમાં અંગ્રેજી ભણેલાઓનો અને અંગ્રેજી શિક્ષણ વિનાનો એવા બે ભાગ પડી ગયા છે અને તેમની વચ્ચે મોટી ખાઈ છે જે હજુ સુધી પૂરી શકાઈ નથી.

મૅકાલે પછી ઈ. ૧૮૫૪માં ચાર્લ્સ વૂડના ખરીતાથી હિંદમાં અંગ્રેજી શિક્ષણ વ્યાપક અને વ્યવસ્થિત બનાવવામાં આવ્યું. એ ખરીતાની કલમ અનુસાર યુનિવર્સિટીઓની સ્થાપના કરવાનું નક્કી કરવામાં આવ્યું અને અંગ્રેજી શિક્ષણ લેવા માટે હિંદીઓમાં સ્વયંભૂ ઉત્સાહ પ્રકટ્યો. એ શિક્ષણ પામનારાઓને સરકારી નોકરીના લાભ સુલભ થતા હતા ને સામાજિક ગૌરવ પ્રાપ્ત થતું હતું. અંગ્રેજી ભાષા-સાહિત્યના એ અતિશય મહિમાથી રાષ્ટ્રીય એકતાને ધક્કો વાગ્યો, તેમ છતાં વિશાળ અંગ્રેજી સાહિત્યનો સંપર્ક લાભદાયી બની રહ્યો. અંગ્રેજી સાહિત્યના વાચને પ્રજામાં નવી ઉદાર દૃષ્ટિ ખીલવી, નવાં સાહિત્યસ્વરૂપો અસ્તિત્વમાં આવ્યાં, વ્યક્તિ-સ્વાતંત્ર્યની ને દેશપ્રેમની ભાવના મહોરવા માંડી અને ધીમે ધીમે નવશિક્ષિત વર્ગ દ્વારા સ્વતંત્રતા માટેની એષણા પ્રગટ થવા લાગી. અંગ્રેજી કેળવણીની હિમાયત પછી, કહેવાય છે, કે એક વાર લૉર્ડ એલ્ફિન્સ્ટન પોતાની છાવણીમાં બેઠો હતો તે વખતે એક અંગ્રેજ સરદાર બ્રિગ્ઝ એને મળવા આવ્યો. એની આસપાસ શિક્ષણ માટેનાં પાઠ્યપુસ્તકોનો ઢગલો જોઈ બ્રિગ્ઝ વિસ્મય પામ્યો. તેને કુતૂહલ થયું ત્યારે એલ્ફિન્સ્ટને જવાબમાં જણાવ્યું કે 'દેશીઓને કેળવણી આપવા માટેનાં આ પુસ્તકો છે. પણ વસ્તુતઃ આપણે યુરોપમાં પાછા ફરવા માટેનો એ રાજમાર્ગ છે.' આમ અંગ્રેજી કેળવણી પામેલો શિક્ષિત વર્ગ પોતાની સ્વતંત્રતા પ્રાપ્ત કરવા કટિબદ્ધ થશે એવી આગાહી કેટલાક દીર્ઘદૃષ્ટિવાળા અંગ્રેજ હાકેમોએ કરી મૂકેલી હતી ને તે સાચી પડી છે.

મીશતર• મરેની•મોખતેશર•થ, નમી•ગરામર*

ઇઆને•

અંગરેજી•વેઆકરણની•કેતાબનો•તરજુમો•તથા

શરહે•ગુજરાતી•બોલીમો*

આ૦ મરદેશેરજી•બેહેરામજી•લશકરીનાંએ

ગુજરાતી•વાંચનારાવોને

અંગરેજી•

વીદેઆ•શીખવા•શારૂં•કીધોછે*

એ કેતાબ•

શ્રી•

મુમબઇ•મધે*

પરદુનજી•મોબેદ•મરજબાંનજીનાં•કારખાંનાંમો

શને ૧૮૨૨ અંગરેજીનાં•વરશમો•છપાઇછે*

મિ. મરેએ લખેલા વ્યાકરણના ગુજરાતી અનુવાદનું અગ્રપૃષ્ઠ–આજનાં ગુજરાતી બીબાંના એક આદિ પૂર્વજમાં છપાએલું. ઈ. ૧૮૨૨માં આજનું દૈનિક મુંબાઈ સમાચાર આ જ બીબાંમાં શરૂ થયું હતું. એના કોતરનાર હતા મોબેદ બહેરામજી જીજીભાઈ છાપગર. જોકે એની યે પહેલાં એક અંગ્રેજ દાક્તર ડૉ. ડ્રમન્ડે ગુજરાતી ભાષામાં 'વ્યાકરણ અને શબ્દસંગ્રહ' રચીને ૧૮૦૮માં ગુજરાતી બીબાંમાં છપાવ્યું હતું. એ ગુજરાતી બીબાંનો આદિ પૂર્વજ ગણાય.

શિક્ષણ અને સાહિત્યપ્રસારનાં માધ્યમો

અંગ્રેજી રાજ્ય અમલના આરંભકાળથી જ દેશીઓને કેળવણી

* Indian in blood and colour, but English in tastes, in morals and in intellects.

લઘુકથા

ઘરગોખલાં

જયન્ત મોઢા

મેડિકલ લાઈનનો સાત વર્ષનો કોર્સ પૂરો કરી, પુરંદર દેશમાં આવી રહ્યો હતો.

'હાઉ નાઈસ ઈઝ ધ ક્લાઈમેટ, સુનુ !' 'યા, ડીઅર !'

એર ઇન્ડિયાની ફ્લાઈટમાં પોતાની સાઈડની સીટમાં ગોઠવાએલાં એક નવપરિણીત જેવા લાગતા યુગલના સંવાદમાં 'સુનુ' સંબોધનથી તેનું ધ્યાન ખેંચાયું. સુનુ...સુની...સુનંદા!

તેને બચપણના વીતેલા દિવસો એકાએક યાદ આવી ગયા. તે જૂનું ઘર, ત્યાંનો આડોશ-પાડોશ, ને સુનંદા સાથેની ઘરગોખલાંની રમત.

કોઈ રમતના પ્રસંગે તેણે મિલમજૂર બની કહેલું: 'સુનંદા! હું મિલમાં પાળી ભરવા જઉં છું; તું રસોઈ વહેલી કરી રાખજે.'

'છી! આપણે મિલમાં નથી જવું. તું તો દાક્તર છે. ચાલ, હું દવાની પેટી તૈયાર કરી દઉં; તું દવાખાને જા...' સુનંદાએ લાડપૂર્વક કહેલું.

પુરંદરના પિતા તે વખતે એક કાપડ-મિલમાં વીવર હતા. સુનંદાના પિતા ગુજરી ગયા હતા અને મા કોઈ દાક્તરને ત્યાં ઘરકામ કરવા જતી હતી. કૌટુંબિક સંજોગો પ્રમાણે પુરંદરની ઉચ્ચ અભ્યાસ કરવાની કશી હેસિયત ન હતી, પણ તે વખતે અજ્ઞાત માનસમાં ખાસ વિચારનું મુદ્રણ થઈ ચૂક્યું અને સંજોગોનો સાથ મળતાં શમણું વાસ્તવિકતા બન્યું.

વિમાને એર પોર્ટ પર ઉતરાણ કર્યું ત્યાં સુધી પુરંદર સુનુના વિચારો વાગોળતો રહ્યો, ને પછી ઊતરવાની, લગેજ કાઢવાની, રિસીવ કરવા આવેલાં પિતા અને અન્ય સંબંધીઓ તથા મિત્રોને મળવાની ધમાલમાં તેનું વિસ્મરણ થઈ ગયું. બીજે દિવસે ફરી સુનંદા તેના સ્મૃતિપટ પર ચડી આવી. તેણે નાની બેનને પૂછ્યું: 'બેન! આપણે જૂને ઘરે, સામે પેલી સુની રહેતી તે...'

'સુનીને તો રમાબેને પરણાવી દીધી.'

'એમ! ક્યાં?' પ્રશ્નમાં પૃચ્છકની અધીરાઈ અછતી નહોતી રહેતી.

'અમદાવાદ. ત્યાં તેનો ધણી બનતાં સુધી કોઈ કાપડની મિલમાં કામે જાય છે...કેમ?'...

□

આપવા માટે અંગ્રેજ હાકેમોએ પ્રયત્ન કર્યા હતા. ગુજરાતમાં ઈ. ૧૮૨૬ના અરસામાં દસ જેટલી નિશાળો સ્થપાઈ હતી. નિશાળોમાં શિક્ષણ આપવા માટે સરકારે તાલીમ પામેલા મહેતાજીઓની ગોઠવણ કરી હતી. સૂરતની નિશાળ સારુ શિક્ષણ ને સમાજસુધારાના કાર્ય માટે સુપ્રસિદ્ધ મહેતાજી દુર્ગારામ મંછારામ હતા. મહેતાજીઓ દ્વારા શિક્ષણની વ્યવસ્થા થઈ તેમ છતાં યોગ્ય પાઠ્યપુસ્તકોનો જ અભાવ હતો. ગુજરાતમાં શરૂઆતમાં કેટલાક અંગ્રેજોનાં વ્યાકરણ અને કોશથી ભાષાશિક્ષણનું કામ ચાલ્યું. મરાઠીમાંથી કેટલાક મરાઠી શાસ્ત્રીઓએ ગુજરાતીમાં પુસ્તકોનું ભાષાંતર કર્યું, પણ તે ભાષાંતરો ઘણાં દોષયુક્ત ને અસંતોષકારક હતાં.

આ અરસામાં કેટલાક શિક્ષિત પારસીઓએ કેળવણીના પ્રસારમાં મહત્ત્વની કામગીરી બજાવી. અંગ્રેજ લેખક મરે કૃત અંગ્રેજી વ્યાકરણ પરથી ઈ. ૧૮૨૨માં અરદેશર બહેરામજીએ ગુજરાતીમાં વ્યાકરણ તૈયાર કર્યું. એ જ વર્ષમાં એક સાહસિક પારસી સજ્જને ગુજરાતી ભાષાનું પહેલું (અને હિંદુસ્તાનમાં બીજું) વર્તમાનપત્ર મુંબઈ સમાચાર પ્રસિદ્ધ કર્યું.

અમદાવાદમાં ઍલેક્ઝાન્ડર કિન્લૉક ફૉર્બ્સ ઈ. ૧૮૪૬માં આસિસ્ટન્ટ જજ તરીકે આવ્યા. તેમને ઇતિહાસ, શિલ્પ-સ્થાપત્ય આદિમાં જીવંત રસ હતો અને ગુજરાત પ્રત્યે તેમને અનાયાસ પ્રીતિ થઈ. ગુજરાતમાં વિદ્યાનો પ્રસાર થાય તે હેતુથી તેમણે ઈ. ૧૮૪૮માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સ્થાપી અને ઈ. ૧૮૪૯માં એ સંસ્થા તરફથી 'બુધવારિયા' નામે પ્રચલિત થયેલું સમાચાર પત્ર 'વરતમાન' (વર્તમાન) દર બુધવારે પ્રકટ કરવા માંડયું જો કે તે અલ્પજીવી નીવડયું. એ જ વર્ષમાં સોસાયટી તરફથી નેટીવ લાયબ્રેરી સ્થપાઈ અને આગળ જતાં તે 'હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ' નામથી પ્રચલિત થઈ. ઈ. ૧૮૫૦માં સોસાયટીના મુખપત્ર તરીકે જ્ઞાન પ્રસાર માટે 'બુદ્ધિપ્રકાશ' સામયિક શરૂ થયું; થોડાક સમય માટે તેનું પ્રકાશન થંભી ગયુ, પરંતુ ઈ. ૧૮૫૪થી તે આજ-સુધી નિયમિતપણે પ્રગટ થતું રહ્યું છે. આ જ અરસામાં અમદાવાદમાં હરકુંવર શેઠાણીના દાનથી સોસાયટીએ કન્યાશાળા પણ સ્થાપી.

નવીન શિક્ષણ માટે પ્રજામાં ઉત્સાહ પ્રકટવા માંડયો. જૂની અનિષ્ટ રૂઢિઓ તોડવા માટે મંડળીઓ સ્થપાવા માંડી અને તેમાં કેળવાએલા ઉત્સાહી જુવાનો નિબંધવાચન અને ચર્ચા કરવા લાગ્યા. મુંબાઈમાં 'ગુજરાતી જ્ઞાન પ્રસારક મંડળી' સ્થપાઈ તેમાં શિક્ષિત પારસી યુવાનો પણ મહત્ત્વનો ભાગ લેતા અને હિંદુ સમાજસુધારામાં પણ રસ દાખવતા. એ જ મંડળીમાંથી 'બુદ્ધિવર્ધક હિંદુ સભા' પ્રકટી (ઈ. ૧૮૫૧) અને એ સભા તરફથી 'બુદ્ધિવર્ધક' નામનું સામયિક પ્રકાશિત થવા લાગ્યું. તદુપરાંત કવિ નર્મદે 'તત્ત્વશોધક' નામથી એક આગવી મંડળી પણ સ્થાપી હતી. ઈ. ૧૮૫૫માં કરસનદાસ મૂળજીએ 'સત્યપ્રકાશ' સામયિક સમાજસુધારાની ભાવનાથી શરૂ કર્યું અને વૈષ્ણવ મહારાજોનાં કરતૂકો ખુલ્લાં કરવામાં તે સામયિક અગ્રેસર બની રહ્યું.

સૂરતમાં પણ પુસ્તકાલયો સ્થપાયાં જ હતાં. ઉપરાંત દુર્ગારામ મહેતાજીએ ધર્મને નામે પ્રચલિત ખોટા વહેમો સામે જેહાદ જગવવા 'માનવધર્મ સભા' ઈ. ૧૮૪૪માં શરૂ કરી હતી અને સૂરતના કેટલાક અગ્રણી સુધારકો માનવને કેન્દ્રમાં રાખીને ધર્મ, સમાજ, ઇશ્વર વગેરે વિષયોની તેમાં ચર્ચા કરતા હતા.

ઈ. ૧૮૫૭માં દેશમાં મુંબાઈ, કલકત્તા અને મદ્રાસમાં એમ ત્રણ સ્થળે યુનિવર્સિટીની સ્થાપના થઈ. આ યુનિવર્સિટી શિક્ષણને પરિણામે ઘણા યુવાનો સમાજસુધારણાના કાર્યમાં પ્રવૃત્ત થયા અને આ યુનિવર્સિટીમાંના અંગ્રેજી સાહિત્યના અભ્યાસમાંથી જ ગુજરાતી સાહિત્યમાં નવાં સ્વરૂપો ખેડાવા માંડયાં.

અંગ્રેજી રાજ્યની ઈ. ૧૮૧૮માં ગુજરાતમાં સ્થાપના પછી પચાસ વર્ષમાં તો સમગ્ર ગુજરાતમાં નવજાગ્રતિનું પ્રચંડ મોજું ફરી વળ્યું. (ચાલુ)

અનુસંધાન] **પર્સી હેરીસન ફોસેટ** [પૃ. ૨૭૨થી

પ્રાપ્ત થઈ...ચોકોલાટલ ધોધ મહામુશ્કેલીએ ત્રણ દિવસે પાર કરી આગળનો માર્ગ પૂછવા એક જણને મોકલ્યો પણ તે પાછો જ ન ફર્યો! એની તલાશમાં નીકળતાં એના શબનો પત્તો મળ્યો જેમાં ૪૨ તીર ખૂંચેલાં હતાં. અમને ભય લાગ્યો કે અમારા પણ એ જ હાલ કરવા તેઓ ક્યાંક છુપાયા હશે, પણ એવું કંઈ ન બનતાં પ્રભુનો પાડ માન્યો.'

'ઠેર ઠેર ગુફાઓવાળી પર્વતમાળાઓ આવતી જાય છે. ખાવાનું ખૂટી જવા આવ્યું છે. શિકાર કાંઈ મળે તેમ નથી. આદિવાસી નોકરોનો મુખી તો લાંબો થઇને રસ્તામાં જ સૂઈ ગયો અને બોલ્યો: 'હું ભૂખ્યો છું, મને અહીં જ મરવા દો.' આવે વખતે સહાનુભૂતિની નહિ પણ સખ્તાઈની જરૂર હતી, અને મેં તે દર્શાવી. ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તેનાં પાંસળાં પર તે દબાવી તેને ઊભા થઈ જવા હુકમ કર્યો અને તે ઊઠયો.'

આગળ જતાં એક ચોકી આવી. તે પરના અધિકારી મેજર અલડાસોલાએ આ યાત્રી ટુકડીને ચેતવણી આપી કે 'અહીંથી તમારી જોખમદારીએ આગળ વધવું હોય તો વધજો, કારણ આગળના આદિવાસી કબીલા ભારે ખતરનાક છે. સશસ્ત્ર સૈનકો પર પણ હુમલા કરતાં ચૂકતા નથી.' પરંતુ ફૉસેટ પીછેહઠ કરતાં શીખ્યો જ નહોતો. પરિણામે લુપ્ત સંસ્કૃતિની શોધમાં એ જાતે જ એના સહયાત્રીઓ સાથે લુપ્ત થઈ ગયો. પરંતુ અણદીઠને દેખવાની એની તિતિક્ષા અને એના ધૈર્યને જગત આજે પણ કૃતજ્ઞ ભાવે અંજલિ આપી રહેલ છે. □


પશ્ચિમ સૌરાષ્ટ્રનાં સૂર્યમંદિરો

લેખક • મણિભાઈ વોરા

પશ્ચિમ સૌરાષ્ટ્રમાં મૈત્રક યુગનાં અનેક પ્રાચીન મંદિરો છે; જ્યારે અન્ય સ્થળે ઓછાં છે, અથવા નથી. તેથી આ મંદિરોનું મહત્ત્વ વધે છે. ગુફામંદિરો પછી પથ્થરનાં બંધાએલાં આ મંદિરોમાં ગુફાનો અણુસાર છે. નાનું ચોરસ મંદિર હોય, કે એવાં ગર્ભગૃહ અને તેની આગળ ગૂઢમંડપ હોય; અલંકરણ રહિત નાનું સાદું પ્રવેશદ્વાર, નાના ચોરસ સ્તંભ ઉપર પથ્થરના પાટડા મૂકી છાવરેલ સમતલ છતનો મંડપ, દ્વાર સિવાય ભાગ્યે જ જાળીજાળિયું હોવાથી અંદર ગુફાનો જ ખયાલ આપે એવાં આ મંદિરો હતાં. દેવઘર ઉપર શિખર મુકાયાં, રથ કે વિમાન જેવાં મંદિરોને દ્રાવિડ, નાગર વગેરે શિખરના ઘાટ અને ગુફામંદિરના ચૈત્ય બારીનાં શોભનશિલ્પ પણ સમય જતાં મુકાતાં ગયાં. ગુપ્ત મૈત્રક ઢબનાં પાંચમી સદીથી નવમી સદીના અંત સુધીમાં બંધાએલાં એવાં મંદિરો પૈકીનાં અનન્ય લાગતાં ચાર મંદિરો : ગોપ–કિન્દરખેડા, અખોદર અને પાતાનાં દહેરાં અહીં લીધાં છે.

ગોપનું મંદિર

પશ્ચિમ સૌરાષ્ટ્રમાંબરડા ડુંગરની ઈશાને દશ માઈલ પર ગોપનો ડુંગર અને ગોપ ગામ છે. આ ડુંગરની દક્ષિણ તળેટીમાં સૌરાષ્ટ્રમાં અને કદાચ ભારતભરમાં પથ્થરથી સૌ પ્રથમ બંધાએલું આ ગોપનું ભવ્ય મંદિર પ્રાચીન સ્થાપત્યનો એક અનન્ય નમૂનો છે. અગિયાર ફૂટ ઊંચી જગતી ઉપર પચાસ ફૂટ ઊંચે શિખરનો કળશ પહોંચે એવું આ દહેરું જર્જરિત ઊભું છે. જગતીને પણ ભદ્ર વગેરે આપ્યા છે. જગતીની પીઠમાં પણ વાજન, કપોત, કંઠ જેવા થર મૂકી ત્રણ ભાગ કર્યા છે. અધિસ્થાનમાં વચ્ચેવચ્ચે ભદ્ર ગવાક્ષો અને તેની બાજુએ પ્રમથો મૂક્યા છે. આવી આ સૌ પ્રથમ બંધાએલા મંદિરની ઉદાત્ત જગતી ૮૫'×૬૦'ના માપની છે. જગતી ઉપર વિશાળ ચોરસ મૂળ મંદિર ઊભું છે. જગતી ઉપર જવા પીઠના પૂર્વ ભાગે ઉત્તર અને દક્ષિણ તરફથી ઉપર જતાં પગથિયાં હતાં, પ્રવેશસ્થાન ઉપર ચંદ્રશિલાઓ પડી છે. પૂર્વાભિમુખ આ સાંધાર મંદિરને એક કાળે પ્રદક્ષિણા માર્ગ અને આગળ મંડપ હતા, જે હાલ રહ્યા નથી. મંદિર ઉપર બે ભારે ભૂમિવાળુ ફાંસાકાર શિખર હજી અખંડ રહ્યું છે.





પહેલી ભૂમિ ઉપર બે અને તેની ઉપરની ભૂમિ ઉપર એક એમ દરેક દિશામાં ત્રણ ભવ્ય ચંદ્રશાલાઓ છે. વાજન અને કંઠથી બે ભૂમિ જુદી પડે છે. દરેક ચંદ્રશાલામાં વેદિકા ને કોઈ દેવ છે. ઉત્તરની ચંદ્રશાલામાં અદિતી ઉત્તાનપાદ જેવી દેવી છે અને પશ્ચિમે ગણેશ દેખાય છે. બાકીની ચંદ્રશાલાઓ તદ્દન ભગ્ન સ્થિતિમાં છે. શિખર ઉપર બીજી ભૂમિ પછી ચૂલિકા છે જેના ઉપર કળશ રહ્યો નથી.


મંદિરની અંદર દ્વાર ઉપરના પથ્થરમાં સાત-આઠ બ્રાહ્મી અક્ષરોનું લખાણ છે જે ઉકેલી શકાયું નથી. 'રાજન રૂદ્ર' જેવું લખાણ લાગે છે. મંદિરમાં વિષ્ણુ અને દંડપાણિ કાર્તિકેયની બે મૂર્તિઓ છે. એ પ્રાચીન છે છતાં આ મંદિરની જ પ્રતિમાઓ હશે એમ કહી શકાય નહિ. અન્ય શિલ્પખંડો પણ ગુપ્ત કાલના કહી શકાય તેવા છે.

આ મંદિર કાશ્મીરના માર્તંડ મંદિરની યાદ આપે છે, પણ તેના કરતાં વધારે જૂનું છે. સમગ્ર બાંધણી ગાંધાર ઢબની છે. આ મંદિરના બાંધનારા કાશ્મીરથી મુલતાન સિંધને માર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યા હોય એવો સંભવ છે. આ પ્રદેશના મહેર—સૈન્ધવો સૌરાષ્ટ્રમાં એ જ રસ્તે આવ્યાની એક માન્યતા છે. મંદિરનો સમય પાંચમા સૈકાના અંત ભાગ અને છઠ્ઠા સૈકાની શરૂઆતનો છે. જ્યારે આ મંદિર નખશિખ અકબંધ ઊભું હશે ત્યારે સૂર્ય મહારાજનો મહાન રથ આકાશમાંથી પૃથ્વી ઉપર અહીં ઊતરી આવી ઊભો હોય એવું લાગતું હશે. એ જમાનાની એક અજાયબી જેવું આ મંદિર સૂર્યપૂજાનું કેન્દ્ર હશે.


મથાળે : બરડા ડુંગરની ઈશાને આવેલું ૫મી–૬ઠ્ઠી સદીનું ગોપનું (સૂર્ય ?) મંદિર. (ફોટો • પુરાતત્ત્વ સંશોધન મંડળ–પોરબંદર)
નીચે : કિન્દરખેડાનું સાતમી સદીનું સૂર્યમંદિર (ફોટો • પુરા. સં. મં.) અને અખોદરનું આઠમી સદીનું સૂર્યમંદિર (ફોટો • મણિભાઈ વોરા)







(બંને ફોટો • મણિભાઈ વોરા)



△ પાતાનું સૂર્યમંદિર (૮-૯મી સદી) અને માંગરોળ પાસેના બુધેચા ગામમાં સૂર્ય અને દુર્ગાની ૮મી સદીની પ્રતિમાઓ △

કિન્દરખેડાનું મંદિર

પોરબંદરથી ૧૪ માઈલ ઉત્તરમાં કિન્દરખેડા નામે ગામ છે. અહીં બે પ્રાચીન મંદિરો છે : સૂર્યદહેરું અને ચામુંડા મંદિર. સૂર્યનું મંદિર બેઠા ઘાટનું અને લંબચોરસ પીઠ ઉપર બાંધેલું છે. આગળ મુખમંડપ, પછી વચ્ચે ચાર રુચક સ્તંભવાળો ગૂઢમંડપ. અને પ્રદક્ષિણા માર્ગવાળું ગર્ભગૃહ ધરાવતું આ સૂર્યમંદિર પૂર્વાભિમુખ છે. સ્થાપત્યની દૃષ્ટિએ આ અનન્ય છે. તેના ગર્ભગૃહ ઉપર ફાંસાકાર શિખરને ચાર સાદી પાતળી ભૂમિકાઓ છે. આ ભગ્ન શિખર ઉપર આમલક કે ચૂલિકા રહી નથી. પૂર્વમાં મંડપ ઉપર બારી ધરાવતું ઓછા ઢાળનું લંબચોરસ છાવરણ છે. મંડપ તથા ગર્ભગૃહને સાદાં દ્વાર છે. આ સિવાય મંડપમાં ઉજાસ માટે જાળી નથી. ઉત્તર-દક્ષિણની ભીંતમાં બહાર દેખાતાં જાળિયાં પણ અંધારિયાં છે. પ્રદક્ષિણા-માર્ગમાં પશ્ચિમ છેડે બન્ને બાજુ નાનાં બાકોરાં છે. જાળીનું શિલ્પ આજકના સૂર્યમંદિર તેમ જ કદવારના વરાહમંદિરને મળતું છે. મંદિરમાં સૂર્ય-સૂર્યાણીની ભગ્ન મૂર્તિઓ છે. ગર્ભગૃહના દ્વાર આગળ પથ્થરની પાટની વેદિ છે જેની ધાર પર બાજુમાં સૂર્યના છડીદાર-કૂકડાનાં નાનાં શિલ્પ છે. મંદિર સાતમી સદીનું લાગે છે, જ્યારે મૂર્તિઓ કદાચ પાછળના સમયની પણ હોય.

અખોદરનું મંદિર

જૂનાગઢથી ૨૫ માઈલ નૈઋત્યે ને કેશોદથી પશ્ચિમે અખોદર ગામ છે. અહીં પણ એક જૂનું સૂર્યમંદિર છે. ગર્ભગૃહ, તેને ફરતો સાંકડો પ્રદક્ષિણા માર્ગ અને આગળ ગૂઢમંડપ ૪૦' × ૨૪'ની લંબચોરસ તળભૂમિ ઉપર ઊભાં છે. મંદિરના મંડપ અને ગર્ભગૃહનાં સાદાં દ્વાર સિવાય મંદિરમાં પ્રકાશ માટે બીજાં બારી કે જાળિયાં નથી. દૂર પશ્ચિમ છેડે પ્રદક્ષિણા-માર્ગમાં બે બાજુ બે છિદ્રો છે. અંદરથી આ મંદિર ગુફામંદિર જેવું જ લાગે છે. બે ફૂટ જાડી ભીંત ઉપર વાજન, કંઠ અને કપોતથર મૂકીને વેદિકા બાંધી છે. ઉપરના થરોમાં થોડેથોડે અંતરે મોટી ચૈત્ય બારીમાં યક્ષમુખ અથવા માનવમુખ મૂક્યાં છે. મંડપમાં વચ્ચે ચાર રુચક સ્તંભ અને બીજા ભીંતિયા સ્તંભો ઉપર પથ્થરના પાટડા મૂકી સમતલ છાવરણ કરેલું છે. ગર્ભગૃહની વેદિકા ઉપર વાજન ને કપોતથર મૂકી તેનાં ઉપર જાલયુક્ત ઊંચું શિખર લીધું છે. ભદ્ર ભાગે શિખરની મધ્યલતામાં ચંદ્રશાલાનાં શિલ્પ છે, અને કર્ણ પર ભૂમિભારથી દબાએલા આમલસારકો ને શિખરને મથાળે ભારે આમલસારક તથા કળશથી શિખરને ભુવનેશ્વરનાં મંદિરોનો અણસાર મળે છે. આ મંદિર આઠમી સદીનું સંભવે છે. ગર્ભગૃહમાં તો આજકાલ લોક વર્ણમાં મનાતાં દર્દનાં દેવ બેઠાં છે.

પાતાનું મંદિર

માધવપુર-ઘેડની ઉત્તરે દોઢ માઈલ પર પાતા નામે ગામ છે. અહીં ઉત્તરાભિમુખ સપ્ત માતૃકા મંદિર અને બીજાં નાનાં મૈત્રક મંદિરોના સમૂહમાં મુખ્ય મંદિર તરીકે પૂર્વાભિમુખ સૂર્ય મંદિર છે. આ મંદિરમાં આજે પણ સૂર્યપૂજા થાય છે. સૂર્યમૂર્તિને ઘૂંટી રંગીને આધુનિક બનાવેલી છે. મંદિરની નીચી પીઠિકા ઉપર મંડોવર બાંધેલો છે. ચોરસ ગર્ભગૃહ અને તેની આગળ વિશેષ મોટો ચોરસ મંડપ છે. આ મંડપમાં વચ્ચે ચાર રુચક સ્તંભો છે. આ સ્તંભો અને ભીંતિયા સ્તંભોના ટેકા ઉપર છાવરણ કરેલું છે. મંડપમાં પ્રકાશ માટે બન્ને બાજુ પથ્થરની જાળી છે. પ્રવેશદ્વાર પાસે આગલા ભાગે વેદિકા-કક્ષાસન તેમ જ દ્વાર ઉપર મોટી ચંદ્રશાલા છે. મંદિરના શિખરનો ઉપરનો ભાગ પાછળના સમયનો બંધાયેલો છે. આ મોટું સૂર્યમંદિર આઠમી સદીનું સંભવે છે.

બુધેચાની પ્રાચીન પ્રતિમાઓ

માંગરોળથી અગ્નિ ખૂણામાં આઠેક માઈલ દૂર બુધેચા નામે ગામ છે. ગામમાં બુધનાથ મહાદેવની દેરી છે. તેમાં શિવલિંગના પાછળના ભાગે સૂર્યની એક સુંદર મૂર્તિ તથા શિવપાર્વતીની મનોહર યુગલ પ્રતિમા છે. આ બન્ને મૂર્તિઓ અઢીત્રણ ફૂટની ઊંચાઈની છે જે પ્રતિહાર સમયની મૂર્તિકલા લાગે છે. બુધેચા ગામની બહાર પૂર્વના પાદરે માતાજીની એક જગ્યા છે. તેમાં પૂર્વાભિમુખ પાંચેક ભગ્ન પ્રતિમાઓ ગોઠવી તેને સિંદુર અર્ચીને લોકો માતાજી તરીકે માને-પૂજે છે. માતાજીના સ્થાનકની મૂર્તિઓમાં બે સૂર્યની અને બે દુર્ગાની મૂર્તિઓ મુખ્ય છે. આમાં પહેલી સૂર્યમૂર્તિને માથા પર ભારે કિરીટમુકુટ છે. મૂર્તિના હાથ ખંડિત છે. સૂર્યની બન્ને બાજુ પગ પાસે સૂર્યપત્ની સંજ્ઞા અને છાયા ઊભેલી છે. એક સૂર્યપત્નીનું મુખ અશ્વનું દેખાય છે! આ મૂર્તિ સાતમી સદીની લાગે છે. બીજી સૂર્ય મૂર્તિ વધારે સુંદર છે ને સારી સચવાએલી છે. તેમાં સૂર્યના માથા ઉપર સુંદર કિરીટમુકુટ છે. બન્ને હાથમાં ખભા પર રહેલાં પદ્મ છે, સુંદર આભૂષણો છે, પગે પાપોશ (બૂટ—પગરખાં) પહેર્યા છે. બન્ને બાજુ બે સૂર્ય-પત્નીઓ ઉપરાંત પગ પાસે સૂર્યપુત્રો ને અશ્વિનીકુમારો પણ આ મૂર્તિમાં છે. આ પ્રતિમા આઠમી-નવમી સદીની લાગે છે.

સૂર્ય-પ્રતિમાઓ પાસે ત્રીજી પ્રતિમા સિંહવાહિની શક્તિ દુર્ગાની છે. પશ્ચિમ સૌરાષ્ટ્રની આ દેવીમૂર્તિ અનન્ય છે, જેમાં ગુપ્ત શાસનના અંત સમયની કળા દેખાય છે. દશ ભુજા અને વિવિધ આયુધોવાળી દુર્ગાશક્તિ અને સામર્થ્યવાળી છે. મસ્તક ઉપર જટામુકુટ અને પાછળ આભાવાળી આ જીવંત મૂર્તિ આત્મવિશ્વાસપૂર્વક ગતિશીલ સિંહ પર બેઠેલી છે. કેસરી પણ ચાલ્યા જતા ગિરના સાવજ જેવો છે. તેના પર પ્રૌઢ દેહવાળી આ શક્તિ સેવકોને અભય આપતી સ્થિર બેઠેલી છે. આઠમી સદીની લાગતી આ પ્રતિમા પણ સુંદર છે. તેની બાજુમાં એવી જ સિંહવાહિની દુર્ગાની બીજી મૂર્તિ પણ છે, પરંતુ તે પહેલીના જેટલી સુંદર નથી. મૂર્તિશાસ્ત્રના અભ્યાસીઓએ બુધેચાનો પ્રાક્ સોલંકી યુગનો આ પ્રતિમા સમૂહ જોવો જોઇએ, જેમાં ત્રણ તો સૂર્યમૂર્તિઓ છે. □

સાહિત્યસંપર્ક

હૃદયરોગ અને તેના ઉપચાર

બુદ્ધિધન માણસો જ્યારે જીવનની ટોચે પહોંચ્યા હોય ત્યારે તેમને એકાએક પટકી પાડતો હૃદયરોગ (કૉરૉનરી હાર્ટ ડિસીઝ) હવે કોઇનેય અજાણ્યો રહ્યો નથી. આ રોગથી જિંદગીની ક્ષણભંગુરતાનો સૌને ખયાલ આવી ગયો છે અને પ્રૌઢાવસ્થાના આરે પહોંચેલા માણસો રખેને પોતે આ રોગનો ભોગ થઈ પડશે એવી બીક રાખતા થયા છે.

હૃદયના રોગો આજે સામાન્ય બન્યા છે ત્યારે તેનાથી પીડાતા રોગીઓ ઉપરાંત સામાન્ય માનવીએ પણ આ રોગની માહિતી રોગ થવાનાં કારણે રોગ નિવારણની બાબતો અને રોગ થયા પછી સ્વસ્થ રહેવા માટે આહાર-વિહાર અને વ્યાયામની વિગતો જાણવી જોઇએ, જેથી રોગમાંથી મુક્તિ મળે અને રોગ મટયા પછી આયુની અવધી વધે.

ઉપરની બાબતોને સરળતાથી આવરી લેતું ઉપયોગી પુસ્તક 'હૃદયરોગ અને તેના ઉપચાર' નવજીવન પ્રકાશન મંદિર દ્વારા પ્રકટ થયું છે. લેખક છે શ્રી ચંદુલાલ કાશીરામ દવે.

શિક્ષકની અદા અને ફાવટથી લેખકે હૃદયરોગ અટકાવવાના જ નહિ, પણ તંદુરસ્ત દીર્ઘ જીવન જીવવાના ઉપાય જણાવ્યા છે. પુસ્તકની શરૂઆતમાં હૃદયની કામગીરી વર્ણવી છે, પછી લોહીનું દબાણ ને હૃદયરોગ આણનારાં વિવિધ કારણોનું સુપેરે વર્ણન કર્યું છે. વળી, છાતીની મધ્યમાં થતી પીડાથી હૃદયરોગ થયાના ભયે ફફડી ન મરાય તેની સ્પષ્ટ સમજૂતી આપી છે.

હૃદયરોગ નિવારવામાં આહાર ને વ્યાયામ બંને જાળવવાનાં છે. લેખકે આહારશાસ્ત્રીની અદાથી પથ્ય ખોરાકની વિગત વિશદતાથી આપેલી છે, તો હળવી કસરતોથી માંડી યોગાસનોની માફકસર કસરતો વર્ણવી છે. યોગાસનોનાં સ્પષ્ટ અને સુરેખ ચિત્રોથી વાંચ્યા કરતાં વિશેષ સમજ પડે છે.

પુસ્તકના ઉપસંહારમાં લેખકે હૃદયરોગ નિવારવા અને મટાડવા માટે સારભૂત ને અગત્યની બાબતો ઘણી ઉચિતતાથી લખી છે.

શ્રી ચંદુલાલ દવે નથી હૃદયરોગી કે નથી વૈદ્ય દાક્તર. તે તો રહ્યા આજીવન વિદ્યાર્થી. તેમનું આજના આ મારક રોગ તરફ ધ્યાન ગયું ને ૯૦ વર્ષની વયે યુવાનની ધગશ ને તમન્નાથી તેર જેટલાં પુસ્તકોના વાચનમાંથી સંદર્ભો તારવી, રોગનાં બધાં પાસાંનો અભ્યાસ કરીને, જિજ્ઞાસુ અને જ્ઞાનેપ્સુ વાચકો માટે વૈજ્ઞાનિક દૃષ્ટિથી હૃદયરોગ ન થાય અને થયો હોય તો તે મટયા પછી સ્વસ્થ રીતે જીવાય તેના ઉપચાર દર્શાવતું આ પુસ્તક એમણે લખ્યું છે. તે માટે તેમને ધન્યવાદ અને અભિનંદન.

—(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

શબ્દકથા : મોરથૂથુ

તાંબાના એક ક્ષાર—'કૉપર સલ્ફેટ' માટે मोरथूथु જાણીતો છે. મરાઠીમાં मोरचूत અને હિંદી मोरथुथिया હોવાનું જોડણીકોશે નોંધ્યું છે. હિંદીમાં આ માટે नीलाथोथा શબ્દ પણ છે. તે ઉપરથી સમજાય છે કે मोर અને नीला એ અંશો મોરથૂથાના નીલ રંગના વાચક છે. સરખાવો અંગ્રેજી 'બ્લૂ વિટ્રિઅલ' મોર नीलकंठ કહેવાય છે એ અહીં યાદ કરવાનું છે.

સંસ્કૃતમાં तूत्त શબ્દ 'ધૂળ'ના અર્થમાં પાણિનિમાં મળે છે. પછીથી પ્રાકૃત ભાષાની અસર નીચે तुत्थ એવા રૂપમાં તે 'મોરથૂથુ'ના અર્થમાં પાછળના સમયમાં નોંધાયો છે. આ तुत्थ કે तोत्थ ઉપરથી तूथ्तु, तोथा એવાં પરિવર્તન દ્વારા थूथु અને थोथ्त એવાં શબ્દરૂપ થયાં. પછીથી રંગવાચક ઘટક આગળ જોડાઈને मोरथूथु અને नीलाथोथा શબ્દો સિદ્ધ થયા.

સંસ્કૃત तूत्त શબ્દ એક તરફથી સંસ્કૃત धूसर અને धूलि સાથે, તો બીજી તરફથી અંગ્રેજી 'ડસ્ટ' સાથે સંકળાયેલો છે.

હરિવલ્લભ ભાયાણી

નવાં પ્રકાશનો

આર. આર. શેઠના કંપની

ગાંધીમાર્ગ અમદાવાદ-૧

મહાનિબંધ વર્ગીકૃત સૂચિ: છેલ્લા બેએક દાયકાથી ગુજરાતીના વિષયમાં પી-એચ. ડી.ના ઉપાધિ માટે ઠીક ઠીક સંખ્યામાં સંશોધનો થયા છે. વળી, કેળવણીનો વ્યાપ જે ઝડપે ગતિ કરી રહ્યો છે તે જોતા આ ક્ષેત્રમાં વધુ ને વધુ વિદ્યાર્થીઓ કામે લાગશે તે સ્પષ્ટ છે. આ પરિસ્થિતિમાં શ્રી પ્રકાશ વેગડનુ પ્રસ્તુત પુસ્તક વિદ્યાર્થી અને માર્ગદર્શક બન્નેને ખૂબ જ ઉપયોગી પુરવાર થાય તેવું છે. પી-એચ. ડી.ના માર્ગદર્શક અને વિદ્યાર્થી પાસે અત્યાર સુધીમાં થએલાં સંશોધનના જો અધિકૃત યાદી તૈયાર હોય તો નવું કામ કયા મુદ્દા પર કરવું તેનુ સમ્યગ્ દિશા–સૂચન મળી રહે, અને કોઈ વિષય પર સંશોધનનું કામ નિરર્થક રીતે બેવડાય નહિ. આથી સરવાળે તો વિદ્યાક્ષેત્રને લાભ થાય. આવી દૃષ્ટિથી તૈયાર થએલી આ સૂચિમાં ઈ. ૧૯૫૭થી ૧૯૭૭ સુધીના બે દાયકામા પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી ભાષા–સાહિત્યના ક્ષેત્રમાં ભારતની તેમ જ વિદેશના યુનિવર્સિટીઓમાં સ્વીકારાએલા મહાનિબંધો વિષયવાર રજૂ કરવામાં આવ્યા છે. આ અત્યંત ઉપયોગી કાર્યના પહેલ કરનાર તરીકે સૂચિકાર શ્રી પ્રકાશ વેગડ અને પ્રકાશન સંસ્થા બન્ને અભિનંદનનાં અધિકારી છે. (કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૧૨.)

ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન: ગિજુભાઈ બધેકાનું નામ કેળવણીના ક્ષેત્રમાં એક સીમાસ્તંભ જેવું છે. ગુજરાત યુનિવર્સિટીમાં એમ. એડ્.ની ઉપાધિ માટે શ્રી ભારતલાલ પાઠકે રજૂ કરેલા આ મહાનિબંધમાં સ્વ. ગિજુભાઈની વિગતપૂર્ણ જીવનરેખા, એ કાળ અને એ પૂર્વેના કાળની ગુજરાતના કેળવણી-ક્ષેત્રની પરિસ્થિતિ, એ પરિસ્થિતિમાં ગિજુભાઈનું પ્રદાન વગેરે મુદ્દાઓને શાસ્ત્રીય પદ્ધતિએ અને ઝીણવટપૂર્વક રજૂ કરવામાં આવ્યા છે. પરિણામે, આ પુસ્તક ગિજુભાઈનું જીવન-પોત અને કર્મપોત પામવા માટે કેળવણીમાં રસ ધરાવનાર કોઈ ને પણ ઉપયોગી થઈ રહે તેવું છે. (કાચું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૪.)

પરોઢનું અંધારુ: આઝાદીના ત્રણ દાયકા પછી યે, અને ગ્રામોદ્ધારની પ્રવૃત્તિઓ બાદ પણ ભારતના ગ્રામસમાજની જે અવદશા છે તેનું વાસ્તવ ચિત્ર શ્રી ઈશ્વર પેટલીકરની લાંબા ગાળા બાદ પ્રકટ થએલી આ નવલકથામાં વાર્તાની વિધિસરતા, પાત્રોની પરિષ્કૃતતા કે કથયિતવ્યની કસબપરકતાની ખેવના વગર અરૂઢ ઢબે રજૂ થયું છે તે શ્રી પેટલીકરની આ સાહિત્યપ્રકારના સિદ્ધિનું એક આડફળ બની રહે છે પાત્રો, પ્રસંગો વાર્તા, વાતાવરણ બધું જ સાહજિક ઢબે આવતું રહે છે, અને એને શ્રી પેટલીકરના અનુભવ નિરીક્ષણ, ભાષા વગેરેની સુપેરે મદદ મળી રહી છે. કોઈ વળવાળા અંતની અપેક્ષા રાખનાર વાચકને થોડા નિરાશ થવું પડે તો તેમ થવા દઈને પણ જેમ જેમ જીવન–સમાજમાં બને છે તેમ અહીં પણ બધું બનતું બતાવવાનો લેખકના પ્રયાસ સુધારાવાદી વલણની ગંધ આવવા દીધા વગર એ દિશામાં કાયમ રહ્યો છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૪, રૂ. ૨૦.)

આ અવધપુરી! આ રામ!!: અ-

પત્યવાત્સલ્યની બુનિયાદ પર મંડાએલી આ નવલકથામાં શ્રી શિવકુમાર જોષીએ, પિતા વિજય દેસાઈ પુત્ર નિકામને અજમેરની પબ્લિક સ્કૂલમાં ભણવા મૂકવા જાય છે તે સમયનાં સંવેદનોની કથનાત્મક રજૂઆતથી તે અંતિમ પ્રકરણમાં, પરદેશ ભણવાની સ્કૉલરશિપ મળ્યાથી, જમ્બોમાં આરૂઢ થઈ અદશ્ય થએલા પુત્રને સંવેદનશીલતાથી વિદાય આપતા મા-બાપ સરયૂ અને વિજય દેસાઈની સ્થૂળ મૂર્તિઓ આનંદ-અવસાદની પ્રતિકૃતિઓ બની રહેતી બતાવે છે ત્યાં સુધીમાં સુરેખ અને સંવેદનગર્ભ કલાકૃતિ કંડારવાનો પ્રયાસ કર્યો છે. (પાકું પૂઠું, પૃ. ૩૨૩, રૂ. ૨૦-૭૫.)

મારગ આ પણ છે શૂરાનો: નાટ્યલેખક, દિગ્દર્શક અને નટ શ્રી શિવકુમાર જોષીએ આ પુસ્તકનાં ૩૭ પ્રકરણમાં રંગમંચની દુનિયાના પોતાના પ્રત્યક્ષ અનુભવોની સ્મરણકથા મુક્ત મને આલેખી છે તે સૌ કોઈ નાટ્યરસિયાઓને તો ખૂબ જ રોચક થઈ પડશે. વળી, એમાંના કેટલાક અંશો અર્વાચીન ગુજરાતી રંગભૂમિના ઇતિહાસનું દર્શન કરવા પૂરતા પણ ઉપયોગી થઈ પડે તેવા છે. નિખાલસ રીતે લખાએલી આ સ્મરણકથા એ પ્રકારના સાહિત્યમાં મહત્ત્વનો ઉમેરો બની રહે છે. (પાકું પૂઠું, પૃ. ૨૯૧, રૂ. ૨૨-૫૦.)

રુદ્રમહાલય: ગુજરાતના પ્રસિદ્ધ સ્થાપત્ય રુદ્ર મહાલય અને એની ઇતિહાસસૃષ્ટિને કેન્દ્રમાં રાખી ઐતિહાસિક પરિવેશમાં 'નવલ' કથા રચવાનો શ્રી રઘુવીર ચૌધરીનો આ પ્રયત્ન એ પ્રકારની નવલ-પરંપરામાં નોંધપાત્ર ઉમેરો કરે છે. ભાષાશૈલી અને સામગ્રી રુદ્રમહાલયના સમયનું વાતાવરણ આબેહૂબ રીતે ખડું કરી જાય છે, તો કથામાં થએલાં અર્થઘટનો સર્જકની દૃષ્ટિનાં દ્યોતક થઈ પદ્મસેન અને કર્પૂરમંજરીની ઐતિહાસિક કથાને 'નવલ' કથા બનાવી જાય છે. એક સુવાચ્ય નવલકથા. (પાકું, પૃ. ૨૮૦, રૂ ૧૮.)

અધિપુરુષ: દશરથ રાજાની સત્તાના સમયગાળાની આ પૌરાણિક નવલકથા અયોધ્યાના રાજા દશરથ અને અંગ દેશના રાજા રોમપાદના જીવનની ઘટનાઓની આસપાસ કંડારાએલી છે. એમની આ પૂર્વે પ્રકટ થએલી અને સુખ્યાત બનેલી પૌરાણિક નવલકથા 'વિશ્વજિત્' જેટલી જ સફળતા આ કૃતિને પણ મળી છે એ એના વાચનથી પ્રતીત થયા વગર રહેશે નહિ. (લે. પિનાકિન્ દવે; પાકું પૂઠું, પૃ. ૩૨૨, રૂ. ૨૦-૭૫.)

ઈ ખિકા: યુવાન અને ઉત્સાહી સર્જક શ્રી યશવન્ત ત્રિવેદીનો આ વિવેચનસંગ્રહ ત્રણ ખંડમાં વિભક્ત છે, જેમાંથી પહેલા ખંડમાં કવિતા વિષયક આઠ લેખો છે તો બીજા ખંડમાં પૉપ કવિતા, તાન્કા, હાઈકુ, સરરિયાલિઝમ વગેરેની ચર્ચા કરતા સૈદ્ધાન્તિક લઘુ લેખો છે. ખંડ ત્રીજામાં મધુરાયની નવલકથા 'કામિની'નું અવલોકન તથા શરદબાબુની કલાસિદ્ધિ વિષયક લેખ રજૂ કરાયાં છે. મુખ્યત્વે એમનો પક્ષપાત કવિતા તરફ છે તે અત્ર અને અન્યત્ર પણ જોઈ શકાશે. શ્રી યશવન્તભાઈની આ લેખનસામગ્રીમાં વિગતોનો જેટલો વ્યાપ છે તેટલું વક્તવ્યનું ઊંડાણ આવ્યું હોત તો વધુ સારું રહેત એમ લાગ્યા વગર રહેશે નહિ. (પાકું પૂઠું, પૃ. ૨૯૯, રૂ. ૧૬.)

પરિશેષ: શ્રી યશવન્ત ત્રિવેદીનાં કાવ્યોમાંથી સો કાવ્યોનું શ્રી પ્રમોદકુમાર પટેલે કરેલું આ સંપાદન કવિવ્યક્તિત્વનો ઠીક ઠીક પરિચય આપી રહે છે. પુસ્તકને આરંભે સંપાદકનો ૨૯ પાનાંનો વિશ્લેષણાત્મક લેખ સંપાદકની અભ્યાસનિષ્ઠા પ્રકટ કરે છે તો કવિની કવનપ્રવૃત્તિને માણવામાં પણ ઉપકારક પુરવાર ઠરે છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૧૫.)

વ્યોમલિપિ: અમેરિકાના પ્રવાસ બાદનો સ્વ. કવિ પ્રિયકાન્ત મણિયારનાં છંદોબદ્ધ અને ગદ્ય કાવ્યોનો આ સંગ્રહ એમની આધુનિક સંવેદનાનો સવિશેષ દ્યોતક બની રહે છે. એમાં ય છંદોબદ્ધ રચનાઓ કરતાં ગદ્યરચનાઓમાં એમની સંવેદનની ધાર અહીં વધુ તીવ્રતાથી ફૂટેલી જણાય છે. અનેક વિષયો ને નિરનિરાળી અભિવ્યક્તિનું આ કવનવિશ્વ આનંદપ્રદ છે તો કવિનો કલાપ્રમાદ થોડી ખિન્નતા પણ જન્માવે છે. (કાચું પૂઠું, પૃ. ૮૦, રૂ. ૧૦.)

લીલેરો ઢાળ: ગીતકવિ તરીકે પ્રિયકાન્ત મણિયારની મુદ્રા નિરાળી રહી છે તેની પ્રતીતિ અહીં સંગૃહીત લગભગ ૮૦ જેટલી ગીતરચનાઓ આપણને કરાવી જાય છે. પ્રભુ અને પ્રકૃતિ જેવા પ્રિયકાન્તના પ્રિય વિષયો ઉપરાંત કૃષ્ણ-રાધાને વિષયભૂત કરતી એમની ફાવટ પણ અહીં રજૂ થએલી છે. જો કે એમના અગાઉ પ્રકટ થઈ ગએલાં ગીતોથી આ ગીતો કોઈ નવું પ્રસ્થાન ભલે ન આદરતાં હોય તોપણ એમની અગાઉની ભાવમાધુરી ને લયમીઠાશનો તંતુ તો અહીં અક્ષુણ્ણ જ છે એ આ સંગ્રહની રચનાઓનું ઘણું મોટું આશ્વાસન છે. (કાચું પૂઠું, પૃ. ૭૫, રૂ. ૧૦.)

સમાજ વિજ્ઞાનમાળા: પ્રસ્તુત શ્રેણીમાં ડૉ. અક્ષયકુમાર દેસાઈ અને ડૉ. નીરાબેન દેસાઈએ સંપાદિત કરેલી બે પુસ્તિકાઓ 'સ્ત્રી વિમુક્તિની સમસ્યાઓ' અને 'વિકસતાં શહેરો અને ઝૂંપડપટ્ટીઓ' સંપાદકોનો તદ્વિષયક જ્ઞાનાનુભવ રજૂ કરે છે અને સમાજશાસ્ત્રના અભ્યાસીઓને તથા વિદ્યાર્થીઓને માટે ખૂબ જ ઉપયોગી સામગ્રી પૂરી પાડે છે. (બન્નેનું કાચું પૂઠું; પ્રથમ પુસ્તિકાનાં પૃ. ૧૭૬, રૂ. ૯-૨૫; બીજી પુસ્તિકાનાં પૃ. ૧૫૬, રૂ. ૮.)

લોકપ્રિય પ્રકાશન
૧૧૦ પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબાઈ-૪૦૦ ૦૦૨

ચિહ્ન: શ્રી ધીરેન્દ્ર મહેતાની આ બીજી નવલકથામાં સ્વાનુભવના સઘન સ્પર્શવાળો નાયક ઉદય બાળલકવાથી મજબૂર બન્યો હોવા છતાં આત્મપ્રસ્થાપના માટે જે આંતરબાહ્ય સંઘર્ષ અનુભવે છે તેનું કાવ્યાત્મક નિરૂપણ થયું હોઈ નવલનાયકના સંવેદનગર્ભ જીવનપ્રસંગો ચેટદાર બન્યા છે. પ્રથમ ચિહ્ન, દ્વિતીય ચિહ્ન અને તૃતીય ચિહ્ન એમ ત્રણ ખંડકોમાં વહેંચાએલી આ નવલકથામાં નાયકના શૈશવની, તે અને તે પછીના કાળના હસ્પિતાલના જીવન તેમ જ કૉલેજ-જીવનની વાર્તા, કુટુંબીજનો, હસ્પિતાલના સ્ટાફ અને પછીથી એના જીવનમાં પ્રવેશતાં અમલા અને ઋતુ જેવી જીવંત પાત્રસૃષ્ટિથી અને સંવેદનરસ્યા પ્રસંગોથી હૃદયંગમ અને હૃદયસ્પર્શી બની છે. બાળલકવા જેવી કુદરતી આફતથી કરુણ પરિસ્થિતિમાં મુકાએલા બાળ-કિશોર-યુવાન નાયકની આ સંઘર્ષકથા એક જીવનવીરની મગરૂરીભરી મુલાયમ દાસ્તાન છે. (પાકું પૂઠું, પૃ. ૩૧૨, રૂ. ૨૦.)

અમે તરસ્યાં પૂનમનાં: પ્રેમ, વેવિશાળ, લગ્ન, આંધી, વેર–એમ શૃંખલામાં સામાજિક સનાતનતાવાળી સમસ્યાના પાયા પર મંડાએલી શ્રી દિલીપ રાણપુરાની આ વાર્તા વિમળા, શીલા, તલસાણિયા આદિ પાત્રોના મનની અંતર ગતિવિધિ દર્શાવનારી અને તેના પરિણામરૂપ બાહ્ય જીવનઘટનાઓની પરંપરાને વાસ્તવિક ભૂમિકાનો ઓપ આપતી લાગે છતાં ય તાલમેલિયા પ્રસંગાયોજન અને અંતયુક્ત હોઈ અપ્રતીતિકર લાગ્યા વગર રહેતી નથી. ભાષાશૈલી, પાત્રાલેખન, સંવાદ આદિમાં આ નવલકથાને લેખકની ઘડાએલી કલમનો જે લાભ મળ્યો છે તે તેને સુવાચ્ય જરૂર બનાવે છે. (પાકું પૂઠું, પૃ. ૩૦૩, રૂ. ૧૯-૫૦.)

નગારે ઘા: ઉમરકોટના રાજવી ભુંગરદેવની તલવાર શિકારમાં ખંડિત થઇ, તે શુકનવંતી તલવારને સમી કરવા પડો વગાડાયો, આખરે એક સ્વરૂપવાન લુહારકન્યા અમાયા એ તલવાર સમી કરી દેવા આવી ત્યારે રાજવીની 'જે માગે તે આપવા'ની જાહેરાતના અનુસંધાને એ કન્યાએ પોતાને પટરાણી બનાવવાનું વેણ નાખ્યું... આમ પ્રસંગોને ગૂંથતી જતી, મુસલમાનો અને હિંદુ રાજવીઓના કાવાદાવા, કત્લેઆમ આદિ પ્રસંગો મલાવ્યે જતી ઐતિહાસિક પરિવેશમાં રજૂ થએલી ટેક, પ્રેમ, શૌર્યની શ્રી મૂળરાજ રૂપારેલ લિખિત આ

નવલકથા રસિક વાચનસામગ્રી પૂરી પાડે તેવી બની છે. (પાકું પૂઠું, પૃ. ૩૫૫, રૂ. ૨૨–૭૫.)

વેદનાની વાડી લીલીછમ : પિતા વસંતના અત્યંત પ્યારમાં ઊછરેલી પુત્રી તરુ, માતા મધુના મૃત્યુ પછી જે રીતે ઠાવકી બની જાય છે તેનું સુંદર આલેખન કરીને આગળ વધતી આ કુટુંબકથામાં પિતૃપ્રેમના પરિણામે જીવનભરનું એકલવાયાપણું સ્વીકારી લેતી તરુના લાગણીભર્યા સંઘર્ષમય જીવનનું અનુલેખન રસમય બની શક્યું છે. (લે. મૂળરાજ રૂપારેલ; પાકું પૂઠું, પૃ. ૩૭૮, રૂ ૨૪.)

વિપુલ ઝરણું : ધરમદાસ નામના મુંબાઈના ધનાઢ્ય આદમીની મુંબાઈમાંની પાક પ્રવૃત્તિ અને કલકત્તામાંની નાપાક પ્રવૃત્તિ વચ્ચે આકાર લેતી વિકસતી શ્રી પ્રહ્લાદ બ્રહ્મભટની આ નવલકથા આપણા સમાજના ચીલાચાલુ અને ચવાઈ ગએલા વિષયવસ્તુને તાલમેલિયા પરિપાટીએ નિરૂપે છે. (પાકું પૂઠું, પૃ. ૩૪૦, રૂ. ૨૧-૭૫)

ભાષાંતર નિધિ

બળવંત ભવન ભાવનગર–૧

રઘુવંશ : મહાકવિ કાલિદાસના એ પ્રસિદ્ધ મહાકાવ્યનો શ્રી પ્રજારામ રાવળે કરેલો આ સમશ્લોકી અનુવાદ સંસ્કૃત મહાકાવ્યની પ્રસાદી ગુજરાતી વાચકો સમક્ષ સમ્યક્ સ્વરૂપે રજૂ કરે છે. અનુવાદક કવિ હોઈ માત્ર છંદો જ જાળવ્યા છે એમ નહિ, પણ મૂળના કાવ્યતત્ત્વને પુરુષાર્થપૂર્વક અનુવાદમાં ઉતાર્યું છે તે સવિશેષ આનંદની વાત છે. અનુવાદકના જણાવ્યા પ્રમાણે ઈ. સ. ૧૯૪૯ થી ઈ. ૧૯૭૭ સુધીનાં ૨૮ વર્ષો સુધી ચાલેલા આ અનુવાદકર્મની સફળ ને સરસ પરિણતિ આવકાર્ય ને અભિનંદનીય છે. વળી, આ અનુવાદમાં મૂળ સંસ્કૃત કૃતિ પણ મૂકવામાં આવી છે તેથી ગુજરાતી વાચકને એ સંસ્કૃત ભાષાનું સૌન્દર્ય માણવાનો અને એ ઉત્સાહ પર ભાવક અન્ય સંસ્કૃત રચનાઓના આસ્વાદ તરફ આકર્ષાઈ શકે એવો બેવડો લાગ આ અનુવાદથી પ્રાપ્ત થાય છે. (પાકું પૂઠું, પૃ. ૫૩૪, રૂ. ૧૮.)

કાન્તિની કથા : વિક્ટોરિયન યુગના સમર્થ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સના ઉત્તર જીવનકાળમાં લખાએલી વિશ્વખ્યાત નવલકથા 'અ ટેઈલ ઑવ ટુ સિટીઝ'નો જાણીતા ગુજરાતી કવિવિવેચક ડૉ. જયન્ત પાઠકે આ સુભગ અનુવાદ કરી, જગતના નવલકથા-સાહિત્યની એક ઉત્તમ કૃતિને, અંગ્રેજી ભાષાના જ્ઞાનના અભાવે આવા લાભથી વંચિત રહી જતા વિશાળ ગુજરાતી વાચકસમાજ સમક્ષ મૂકી છે તે માટે ભાષાન્તર નિધિ અને અનુવાદક બંને ધન્યવાદને પાત્ર છે. નામો અને વાતાવરણની આંગતતા યથાતથ જાળવીને પણ તરજુમિયા ભાષામાંથી કૃતિને ઉગારી લેવામાં અનુવાદકની સફળતા પ્રશસ્ય છે. (પાકું, પૃ. ૫૫૫, રૂ. ૨૨.)

વાચનક્ષુધા : ઈ. સ. ૧૯૭૨માં ઉજવાએલા આંતરરાષ્ટ્રીય પુસ્તક વર્ષની ઉજવણી દરમ્યાન યુનેસ્કોએ રોનાલ્ડ બાર્કર અને રૉબર્ટ એસ્કાર્પીટ દ્વારા સંપાદિત 'ધ બુક હંગર' નામે પુસ્તક પ્રકટ કર્યું હતું તેનો શ્રી વ્રજરાય મુકુન્દરાય દેસાઇએ આપેલો આ અનુવાદ આજની દુનિયામાં પુસ્તકવાચનનો શોખ કેટલો વધ્યો છે તે દર્શાવે છે અને 'કૃતિની ઉત્પત્તિ', 'ભાવિ

આવકાર

પ્રકટ બ્રહ્મસ્વરૂપ સ્વામી શ્રી નારાયણ સ્વરૂપદાસજી શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થા

શાહીબાગ રોડ અમદાવાદ-૪

કથીરનાં કુંદન કર્યાં : લે. નાનુભાઈ દવે. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૩.

અમરવેલનાં પાન : લે. નાનુભાઈ દવે. પૃ. ૭૮, કાચું પૂઠું, રૂ. ૩–૫૦.

અંતર નીરખે નિરંતર : લે. નાનુભાઈ દવે. પૃ. ૧૦૬, કાચું પૂઠું, રૂ. ૩–૫૦.

ધન્ય થઈ વસુંધરા : લે. નાનુભાઈ દવે. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૩.

હરિચરણની શૂર સરિતાઓ : લે. નાનુભાઈ દવે. પૃ. ૯૬, કાચું પૂઠું, રૂ. ૩–૫૦.

સ્વામિનારાયણ કથામંગળ : લે. રમણલાલ સોની. પૃ. ૧૭૦, કાચું, રૂ. ૧૨.

સ્વામિનારાયણીય સંસ્કૃત સાહિત્ય : લે. ભાઈશંકર પુરોહિત. પૃ. ૩૨, કાચું, રૂ. ૦–૬૦.

ભક્તરાજ જીવુબા, ભક્તરાજ લાડુબા : લે. અમરીષ ભક્ત. પૃ. ૩૨, કાચું, રૂ. ૦–૬૦.

બાળઘનશ્યામ, વર્ણીરાજ, સોનાનો માણસ, મંત્રમૂર્તિ મહારાજ, મહારાજના ભક્તો, છોકરાનાં ચીભડાં, આવા હતા મહારાજ, એક ભાઈ અને બે બહેનો, હસ્તે સ્વામિનારાયણ, મહારાજના સાધુઓ (માળા ૧ થી ૧૦) : દરેકના લેખક રમણલાલ સોની. દરેકનાં પૃ. ૪૦–૪૮, કાચું પૂઠું, દરેકની કિંમત રૂ. ૧.

રૂપાલી પબ્લિકેશન

ઘીકાંટા ક્રોસિંગ રીલિફ રોડ અમદાવાદ-૧

ગૂડબાય મિસ્ટર અપૂર્વ : લે. યાસિન દલાલ. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૬.

કરાટે-કુંગ-ફૂ : લે. પ્રેમનાથ મહેતા. પૃ. ૧૧૪, કાચું પૂઠું, રૂ. ૧૫.

ઈર્શાદગઢ : લે. ચીનુ મોદી. પૃ. ૮૦, કાચું પૂઠું, રૂ. ૬.

અન્ય પ્રકાશકોનાં

આપણો ડેરી-ઉદ્યોગ : લે. શિવાભાઈ જે. પટેલ. પ્ર૦ પ્રાચ્ય વિદ્યામંદિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા. પૃ. ૧૨૨, કાચું, રૂ. ૧૩.

ચરકનો સ્વાધ્યાય ભાગ ૨ : લે. બાપાલાલ ગ. વૈદ્ય. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૧૮૫૯, પાકું પૂઠું, રૂ. ૯૬.

હું કેવો છું ? : લે. હીરાલાલ ફોફલિયા. પ્ર૦ નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ-૧ અને અમદાવાદ-૧. પૃ. ૧૨૮, કાચું પૂઠું, રૂ. ૯.

રાણુ પપૈયાનો : લે. મુકુન્દરાય પારાશર્ય. પ્ર૦ પોતે જ, ભરતકુંજ, કૃષ્ણનગર, ભાવનગર-૧. પૃ. ૫૨, કાચું પૂઠું, રૂ. ૫.

ગુજરાતની રંગભૂમિનાં એકસો પચીસ વર્ષ : પ્ર૦ માહિતી ખાતું, ગુ. રાજ્ય, ગાંધીનગર. પૃ. ૧૧૪, કાચું પૂઠું.

વા. મો. શાહ જન્મશતાબ્દી ગ્રંથ : લે. ત્રિભોવન વીરજીભાઈ હેમાણી. પ્ર૦ વલ્લભ ડી. ગાલા, મુંબઈ ૪૦૦ ૦૦૯. ટે. નં. ૪૮૪૧૯૨, પૃ. ૩૨૦, પાકું પૂઠું.

ગઝલનું છંદશાસ્ત્ર : લે. જમિયત પંડ્યા. પ્ર૦ શિરીષ જ. પંડ્યા, ૭/૪૨૧૩, ગલેમંડી, સૂરત-૩, પૃ. ૨૧૦, પાકું પૂઠું, રૂ. ૯–૫૦.

વિજ્ઞાન-૧૯૭૯ (પ. પુ. ૪૯૩) : લે. મનુભાઈ મહેતા. પ્ર૦ પરિચય ટ્રસ્ટ, મુંબઈ–૨. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

આપણાં ફાગુ કાવ્યો (પ. પુ. ૪૯૪) : લે. રમણલાલ ચી. શાહ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

કવિ ઋષભદાસ : લે. પ્રા. વાડીલાલ જીવાભાઈ ચોકસી. પ્ર૦ આત્મકમળલબ્ધિ સૂરીશ્વરજી જૈનજ્ઞાન મંદિર મુંબઈ–૨૮. પૃ. ૧૨૦, કાચું પૂઠું, રૂ. ૧૪.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જૈનધારા : લે. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૮૪, કાચું પૂઠું, રૂ. ૫.

વનવગડાનાં વાસી : લે. હરિનારાયણ આચાર્ય, પ્ર૦ ગુજરાત વિદ્યાસભા, પ્રેમાભાઈ હૉલ, અમદાવાદ-૧. પૃ. ૩૬૨, પાકું પૂઠું, રૂ. ૫૦.

અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન : લે. ડૉ. મધુસૂદન પારેખ. પ્ર૦ ઉપર મુજબ. પૃ. ૬૭૬, કાચું પૂઠું, રૂ. ૨૫.

જયંતી દલાલ : લે. પ્રફુલ્લ રાવળ. પ્ર૦ સમીર પ્રકાશન, રૂપમ સિનેમા પાછળ, રતનપોળ, અમદાવાદ-૧. પૃ. ૧૨૦, કાચું, રૂ. ૧૨.

વલણો', 'વિતરણકાર્ય', 'કૉપીરાઈટ', 'વાચન-ટેવો',ને'અનુમાનો : સમીક્ષા' જેવાં સાત પ્રકરણોમાં પુસ્તક અને લેખકોના અક્ષર વિશ્વનો પરિચય કરાવી જાય છે.(પાકું, પૃ. ૨૪૨, રૂ.૧૦.)

આપણો માનવીય વારસો : ભારતીય વિદ્યાભવનનાં ઉત્તમ પ્રકાશનોમાંના એક, શ્રી એસ. આર.શર્મા લિખિત'અવર હ્યુમન હેરિટેજ'નો શ્રી રાધેશ્યામ શર્મા દ્વારા કરાએલો આ અનુવાદ પુરાતત્ત્વથી દર્શનશાસ્ત્રો સુધીનો પરિચય તેનાં ૧૬ પ્રકરણોમાં આપે છે તે આપણી સંસ્કૃતિમાં રસ ધરાવનાર તેમ જ એ વિષયના જિજ્ઞાસુ સામાન્યજનને પણ ઘણી જાણવાજોગ સામગ્રી પૂરી પાડે છે. અનુવાદની ભાષા પણ વિષયને વિશદ બનાવવામાં ઠીકઠીક સફળ નીવડી છે. માત્ર 'નિધિકથન' રૂપે સંસ્થાની નાનકડી પ્રસ્તાવનામાં જોડણીદોષો જોઈ આશ્ચર્ય થાય છે. (કાચું, પૃ. ૨૯૩, રૂ. ૧૨.)

વિજ્ઞાનનો સમાજ ઉપર પ્રભાવ : આ યુગ વિજ્ઞાનનો છે ત્યારે આ જ સદીના એક સમર્થ ચિંતક બર્ટ્રાન્ડ રસેલના પુસ્તક 'ઈમ્પૅક્ટ ઑવ સાયન્સ ઑન સોસાએટી'નો શ્રી રજની જોષીએ કરેલો આ અનુવાદ વિજ્ઞાન અને સમાજના સંબંધ વિષે ઉક્ત ચિંતકના વિચારો ગુજરાતી વાચકવર્ગને સુલભ કરી આપવામાં સફળ થયો હોઈ આવકાર્ય છે. (કાચું પૂઠું, પૃ. ૧૩૭, રૂ. ૬–૫૦.)

અન્ય પ્રકાશકોનાં

રમણભાઈ નીલકંઠ: ડૉ. રમણલાલ જોશીના સંપાદન હેઠળ પ્રકટતી ગુજરાતી ગ્રંથકાર શ્રેણીની આ અગિયારમી પુસ્તિકાના લેખક છે શ્રી ચમ્પૂ વ્યાસ. અહીં પ્રથમ પ્રકરણોમાં લેખકે રમણભાઈ નીલકંઠનો જીવનપરિચય સંક્ષેપમાં આપી એમની વિવિધ પ્રવૃત્તિઓનો સમ્યક્ ચિતાર આપ્યો છે. ત્યાર પછીનાં બે પ્રકરણોમાં એમની અને ગુજરાતી સાહિત્યની કીર્તિદા કૃતિઓનો સમીક્ષાત્મક અને તટસ્થ પરિચય આપ્યો છે. ચોથા અને પાંચમા પ્રકરણમાં સૈદ્ધાન્તિક ચર્ચા કરતા સ્વ. રમણભાઈના બે ગ્રંથો 'કવિતા અને સાહિત્ય' તથા 'હાસ્યરસ'ની સાધકબાધક ચર્ચા કરવામાં આવી છે. છઠ્ઠા અને છેલ્લા પ્રકરણમાં સ્વ. રમણભાઈની કવિતા, વારતા, ધર્મ, તત્ત્વચિંતન વગેરે ગૌણપ્રવૃત્તિઓની સમાલોચના કરવામાં આવી છે. (પ્ર. કુમકુમ પ્રકાશન, માણુનાયકની પોળ સામે, ગાંધી રોડ, અમદાવાદ. કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૫.)

સુરાહી અને અત્તર: જાણીતા ગઝલકાર શ્રી કિસ્મતભાઈ કુરેશીના આ કાવ્યસંગ્રહમાં રુબાઇઓ અને ગઝલો આપવામાં આવી છે. શ્રી કિસ્મતભાઈની પીઢ કલમનો સારો કહી: શકાય તેવો ફાલ અહીંની કેટલીક રચનાઓ છે તેની પ્રતીતિ સહૃદય વાચકને થયા વગર રહેશે નહિ. (પ્રકા. સુમન પ્રકાશન, ૮૬, ડામરગલી, મુંબાઈ ૯; કાચું પૂઠું, પૃ. ૮૪, રૂ. ૪.)—ધી. પ.

પચ્ચીસ વર્ષ પહેલાં



સપ્ટેમ્બર-૧૯૫૪ - સળંગ અંક ૩૬૯

ગયા મહિનાની માફક આ મહિને પણ,ત્યારે ચાલતી 'તમે જાણો છો?' લેખમાળામાંથી કાચ વિષે (બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાંથી) ઉતારીએ. એ ઉપરાંત એક જ પાનામાં ઉત્ક્રાંતિની આખી કથાનો આપેલો આલેખ પણ આ સામે એ અંકમાંથી આપ્યો છે.

કાચ એ માનવ-સંસ્કૃતિનું એક મહત્ત્વનું અંગ છે. કાચ વિના સૂક્ષ્મદર્શક, દૂરદર્શક યંત્રો અસંભવિત જ રહેત,ને વિજ્ઞાનમાં આપણે આજના જેટલી પ્રગતિ ન જ સાધી શક્યા હોત. એની શોધ સૌ પ્રથમ ક્યાં ને ક્યારે થઈ તે ચોક્કસપણેકહી શકાય તેમ નથી, પરંતુ ઇજિપ્તના પ્રાચીન મેમ્ફિસ નગરનાં ખંડેરોમાંથી મળી આવેલા ઈ. પૂર્વે ૧૫૦૦ના અરસાના કાચના મણકા તથા અન્ય ઉપસ્કરો પરથી લાગે છે કે એની પહેલી શોધ કદાચ ઇજિપ્તમાં જ થઈ હોય.

રોમન લેખક પ્લીનીનું માનવું છે કે સૌપ્રથમ સીરિયામાં આવેલી બેલસ નદીના કાંઠે ઊતરેલા કેટલાક ફીનિશ્યન નાવિકોને નદીના ભાઠામાં રાંધતી વેળાએ માલૂમ પડ્યું કે રાખ સાથે ત્યાંની રેતી અગ્નિમાં તપીને તેમાંથી 'કાચ' જેવો પદાર્થ બનતો હતો. આમ, આવા કોઈ અકસ્માતથી એની શોધ થઈ હોય એ સંભવિત છે; પરંતુ ખ્રિસ્તી શકના પ્રારંભે શહેનશાહ ઑગસ્ટસના શાસનકાળ દરમિયાન ફીનિશ્યન નગરી સિદોનમાં કાચનાં કારખાનાં હતા. ત્યાર પછી તો એ ઉદ્યોગ સારી પેઠે વિસ્તર્યો અને જગતભરમાં ફેલાયો.

કાચ તરેહતરેહના હોય છે : જાડા દળના ચાલુ 'પ્લેટ-ગ્લાસ', બારીઓ માટેના 'વિન્ડોગ્લાસ' અંદર જાળી નાખેલા મજબૂતી માટેના 'રીઈન્ફોર્સ્ડ ગ્લાસ' ભાતભાતના પહેલ પાડેલા'કટ-ગ્લાસ',ચશ્માં,દૂરબીનો તથા બીજાં એવાં સાધનો માટેના 'ઑપ્ટિક ગ્લાસ' વગેરે. વળી જુદાંજુદાં દ્રવ્યો વડે તેને જુદાજુદા રંગ પણ આપી શકાય છે. જેમ કે રાતા રંગ માટે ત્રાંબું, સેલેનિયમ અથવા તેની સાથે કોલસાનું મિશ્રણ, પીળા કે સોનેરી રંગ માટે કેડમિયમ સલ્ફાઈડ, દૂધિયા રંગ માટે હાડકાંની રાખ વગેરેનાં મિશ્રણ કરીને.

કાચ પર કોતરકામની શરૂઆત ઘણી વહેલી થએલી, પરંતુ ચિત્રકામ પાછળથી શરૂ થએલું. કાચ ઉપર ચીતરેલા રંગો કાયમ શી રીતે રહે તેની શોધ સતત ચાલુ રહેલી. જેના પરિણામે બે પ્રકારની ચિત્રપદ્ધતિ વિકસી. એક 'ઠંડી ચિત્રકારી'-Cold Painting, જેમાં રંગમાં વાર્નિશ જેવા પદાર્થો મેળવવામાં આવે છે; બીજી પદ્ધતિમાં ચિત્રકામ પૂરું થતાં કાચને ભઠ્ઠીમાં તપાવીને રંગોને પાકા કરવામાં આવે છે. પહેલા પ્રકારના રંગો જલદી ઘસાઈ જાય છે, જ્યારે બીજા પ્રકારના રંગો કાચ પર કાયમના જડાએલા રહે છે. આ બીજા પ્રકારમાં ચિત્રકારી અને મીનાકારી બંનેનો સમાવેશ થાય છે. કાચ પર રંગબેરંગી મીનાકારીનું કામ સારાસેનિક સમયમાં એલેપ્પો અને દમાસ્કસ મુકામે પરાકાષ્ઠાએ પહોંચેલું.

'સેઈફ્ટી ગ્લાસ' નામે ઓળખાતો કાચ શોધનાર એડવર્ડ બેનેડિક્ટ્સ નામનો ફ્રેન્ચ રસાયનશાસ્ત્રી હતો. ઈ. સ. ૧૯૦૩માં એના હાથમાંથી એક બાટલી પડી ગઈ, પણ એ ભાંગી નહિ! આ અભગ્નતાનું કારણ એમાં રાખવામાં આવેલા દ્રવ્યનું પાતળું પડ એના પર જામી ગએલું એ હતું. ૧૯૨૭માં મોટરગાડીઓના મહાન ઉત્પાદક હેન્રી ફૉર્ડને અકસ્માત નડ્યો ને છ મહિના પછી ફૉર્ડના કારખાનામાંથી બહાર પડતી પ્રત્યેક મોટરને 'લૅમિનેટેડ સેઈફ્ટી ગ્લાસ' રહેવા માંડ્યા! ઈ. ૧૯૩૭માં બ્રિટનમાં પણ 'વિન્ડસ્ક્રીન' તરીકે 'સેઈફ્ટી ગ્લાસ'નો ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો. ત્યાંની શેફીલ્ડ યુનિવર્સિટી તો કાચ વિષયક સંશોધનમાં આજે અગ્રસ્થાને છે.

કાચને હવે તો એટલી હદે મજબૂત અને અભંગ બનાવી શકાયો છે કે બંદૂકની ગોળી પણ તેને અથડાઈને પાછી ફરે! વળી એ અદૃશ્ય પણ બનાવી શકાયો છે. એ માટેની પ્રક્રિયા હજુ ખાનગી જ રાખવામાં આવી છે. આ કાચ જેટલો પ્રકાશ પોતાને મળે એ શોષી જઇને એને મુદ્દલ પ્રતિબિંબિત નથી કરતો.

કાચના બારીક તાર પણ હવે કાઢી શકાય છે,—આપણા વાળ કરતાં યે છઠ્ઠા ભાગના ઝીણા! એક નાનીસરખી લખોટીમાંથી પણ એવો સો માઈલ લાંબો તાર નીકળે છે!

ઈ. ૧૯૩૭માં જીના મુકામે આખું યે ઑર્કેસ્ટ્રા કાચનાં બનાવેલાં વાદ્યો પર પૂરું કરવામાં આવેલું. વિજ્ઞાનીઓના કહેવા મુજબ તો થોડા સમય બાદ આપણે રહેતા પણ કદાચ કાચનાં મકાનોમાં હોઈશું! □

-૨૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ પહેલાં

ઉત્ક્રાન્તિનાં સોપાન



અબજો માઈલોના વિસ્તારવાળી ઘૂમરી ખાતી કોઈ નિહારિકાના આંતરિક ઉત્પાતથી બનેલા નાનામોટા અનેક સૂર્યોમાંના એક સૂર્યથી લગભગ બે અબજ વર્ષ પહેલાં આપણી પૃથ્વી છૂટી પડી ત્યારે તો એ કેવળ તપ્ત વાયુઓનો ધખધખતો ગોળો માત્ર હતી. કાલાનુક્રમે તે ઠરતી જઈ એનું બંધારણ ઘટ્ટ થવા લાગ્યું. એમાં આવેલી ચુંબકશક્તિના પ્રતાપે



-૧૫૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે



એની આસપાસ વાતાવરણ રચાયું અને સમગ્ર પૃથ્વી વાદળાંઓથી ઢંકાઈ જઈ તેના પર સૂર્યનો પ્રકાશ પડતો પણ બંધ થયો. વાદળાંના આ અતિ ઘટ્ટ આવરણમાંથી સતત વરસાદ પડતો રહેતો હતો, પણ હજી પૂરેપૂરી નહિ ઠરેલી પૃથ્વી પર પથરાએલા જાગૃત જ્વાળામુખીઓ અને ઘટ્ટ પ્રવાહી રૂપ તપ્ત લાવારસ પર એ પડતાં જ તેની વરાળ થઈ જતી. આખરે ધીરેધીરે આ લાવા પણ ઠર્યો અને પૃથ્વીની સપાટી પર અનેક પરિવર્તનો થવા માંડ્યાં.

-૧૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

-૧૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે



ધરતીના પેટાળનાં જબરદસ્ત બળોએ તેના પર ઊભાં કરેલાં પોલાણો પર વાતાવરણમાંથી સતત ધોધમાર વરસાદ વરસવા લાગ્યો ને એ પોલાણોમાં મહાસાગરો ઊભરાવા માંડ્યા. વાદળો દૂર થઈ પૃથ્વી પર સૂર્યપ્રકાશ પડવો શરૂ થયો હોઈ વાતાવરણ જીવનને અનુકૂળ થવા માંડતાં પ્રાણવાયુ તથા અન્ય વાયુઓમાંથી સૌ પ્રથમ



-૫૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

જીવનચેતન રસ ઉદ્‌ભવ્યો. આમાંથી જળમાં પ્રથમ લીલ જેવી વનસ્પતિથી શરૂ થઈ અનેક પ્રકારની વનસ્પતિ ઊગી.



તે પછી પાણીમાં એમીબાથી શરૂ થઈ હાડકાં વિનાના અનેક જીવો ઉત્પન્ન થયા. જે વિકસીને કાલાનુક્રમે માછલીઓ, →



તે પછી જળસ્થળચારી પ્રાણીઓ → ઉત્પન્ન થયાં. એમનો પણ સ્થળ ને સંજોગોને અનુકૂળ વિકાસ થતો જઈ



તેમાંથી વિશાળકાય સરિસૃપ → પ્રાણીઓ ઉદ્‌ભવ્યાં. જીવનની રહેણીકરણીને અનુકૂળ શારીરિક વિકાસ થતો જઈ એ કાળે પીછાં





વિનાનાં પંખીઓએ પણ પ્રથમ દેખા દીધી. → આના પછી પ્રથમ સસ્તન પ્રાણીઓનો → વંશ અસ્તિત્વમાં આવ્યો. ઉત્તરોત્તર એનો વિકાસ થતો રહી વાનર અને એમાંથી આદિ-માનવ ઉત્પન્ન થઈ એમાંથી આખરે માનવ થયો.





-૫,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

કલાવાર્તા



'આકાર' કલામંડળનું ચિત્રસર્જન

સમગ્ર ભાવનગરના પીઢ ને નવોદિત કલાકારો એક જૂથ રચી અરસપરસ સંપર્ક વધારે તેમ જ એકબીજાની કલારીતિ તથા વિવિધ કલાપ્રવાહો વગેરે વિષે પણ મુક્તપણે વિચારવિનિમય કરે તો વધુ સુંદર અને સુવ્યવસ્થિતપણે કલાસર્જનની પ્રવૃત્તિ થઈ શકે, એવો એક વિચાર એક વાર સ્વ. કલાગુરુ શ્રી રવિશંકર રાવળે વ્યક્ત કરેલો. એમની એ સદ્ભાવનાથી પ્રેરાઇને ઈ. ૧૯૬૪માં ભાવનગરમાં 'આકાર' નામે કલામંડળ સ્થપાયું. ઈ. ૧૯૬૬માં આ કલામંડળના સભ્યોની કૃતિઓનું પ્રથમ વાર્ષિક પ્રદર્શન યોજાયું. ૧૯૭૦માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી તરફથી 'આકાર'ને એક રજિસ્ટર્ડ કલાસંસ્થા તરીકે માન્યતા મળી. શ્રી રવિશંકર રાવળ અને લાઠીના કુમાર શ્રી મંગળસિંહજીની આર્થિક સહાયથી મંડળને દૃઢતા પ્રાપ્ત થઈ. પરિણામે આજે આ મંડળ ઊલટભેર સ્થાનિક કક્ષાએ ચિત્રપ્રદર્શનો, ભાવનગર બહાર અન્યત્ર યોજાતાં કલાપ્રદર્શનોમાં પોતાના મંડળના સક્રિય કલાકારોની કૃતિઓની રજૂઆત, કલાપ્રવચનો, કલાગોષ્ઠિ, કલાપ્રવાસો વગેરે યોજીને નગરના પીઢ અને નવોદિત કલાકારો વચ્ચે એકસૂત્રતા સાધી કલાસર્જનની પ્રવૃત્તિને વેગ આપી રહ્યું છે.

સ્થાનિક કલાકારો, ચિત્રશિક્ષકો, વ્યવસાયી ચિત્રકારો, વિદ્યાર્થીઓ ઉપરાંત સમાજના વિવિધ સ્તરના કલાવ્યાસંગી કલારસિકો વગેરેનો આ મંડળમાં સમાવેશ થએલો હોઈ આરંભથી જ આ મંડળનાં કલાસર્જન અને કલાપ્રવૃત્તિમાં બહુરંગી વૈવિધ્ય પ્રતિબિંબિત થતું રહ્યું છે. તેના છેલ્લા વાર્ષિક ચિત્રપ્રદર્શનની વાનગીરૂપ અહીં આપેલાં ચિત્રો દ્વારા તેમની કલાશૈલી, રજૂઆત, વિષય વગેરેના વૈવિધ્ય સાથે દરેક કલાકારના આગવા વ્યક્તિત્વ તથા તેની કલાપ્રતિભા ને કલાક્ષમતા ઉપરાંત ચિત્રકલા અંગેની એમની લગન અને એ દિશામાં એમના પ્રયાસનો ક્યાસ આવે છે. □




'વસ્ત્રાંભરા' (મથાળે) : ખોડીદાસ પરમાર. સપાટ રંગો, ગતિશીલ રેખા, આગવી રચના અને લોકશૈલીમાં સિદ્ધહસ્ત કલાકારની કૃતિ. (નીચે) 'ઋતુસંહાર': અંજલિબેન ભીમાણીનું આ ચિત્ર ગયા વર્ષે કવિ કાલિદાસ જયંતી નિમિત્તે ઉજ્જૈનમાં યોજાએલા આ, વિષયના ચિત્રપ્રદર્શનમાં પ્રથમ પારિતોષિક પામ્યું હતું. તેઓ વિવિધ માધ્યમોમાં ભિન્નભિન્ન વિષય પર ચિત્રો કરે છે. (જમણી બાજુ ઉપર) ઋતુસંહાર, રમેશ રાઠોડ, તેઓ જલરંગમાં અને લોકશૈલીમાં પૌરાણિક વિષયોનાં ચિત્રો કરે છે. એમનું આ ચિત્ર પણ ગયા વર્ષે ઉપર્યુક્ત પ્રદર્શનમાં રજૂ થયું હતું. (નીચે) 'નવવધૂ'. વનરાજ માલી. તેઓ જલરંગ-તૈલરંગ બંને માધ્યમમાં ચિત્રો બનાવે છે.



















મથાળેથી જમણી તરફ અનુક્રમે: (૧) 'સત્ય-નારાયણ રોડ': ભરત માલી. ચિત્રાલેખન ઉપરાંત કાગળકટાઈ અને ફોટોગ્રાફીમાં પણ કુશળ છે. (૨) 'ત્રિપુટી'. ડાહ્યાભાઈ અજવાલિયા, ધાર્મિક વિષયો અને વ્યક્તિચિત્રો કરતા પીઢ ચિત્રકાર. (૩) 'અનાથ બાળક': નરેન્ અંધારિયા. તૈલરંગ તેમ જ માત્ર કાળી શાહીમાં આવી આધુનિક પ્રકારની ચિત્રરચના એ એમની ખાસિયત છે. (૪) લૅન્ડસ્કેપ': ભરત પંડ્યા. દશ્યચિત્રો એમને વધુ પ્રિય છે. (૫) 'પ્રતીક્ષા'. અશ્વિન ભટ્ટ. મુખ્યત્વે જલરંગમાં વૉશ પદ્ધતિથી તેઓ ચિત્રો કરે છે. (૬) 'અમૂર્તાયન'. રજનીકાંત કનાડા. જલરંગ ને તૈલરંગમાં પરંપરિત તેમ જ સુશોભનાત્મક રીતે ચિત્રો રજૂ કરવા ઉપરાંત તેઓ આવા ચિત્ર-પ્રયોગો પણ કરે છે.

શતરંજ

કૉમ્બિનેશન્સ

સુરેશ મોદી

આ સાથે દર્શાવેલી સ્થિતિમાં સફેદની ચાલ છે. આ પહેલાંની પોતાની ચાલમાં તેણે B-R6 ચાલીને Q-N7 મ્હાતની ધમકી આપી હતી. તેના જવાબમાં કાળાની ચાલ B-K4થી તે ધમકી દૂર થઈ, તેટલું જ નહિ, પણ સફેદના વજીર પર હુમલો પણ આવે છે. તો હવે સફેદ કઈ રીતે જીતે છે તે જોઈએ—

1 N×B! વજીર પર હુમલો હોવા છતાં તેનો બચાવ ન કરતાં ભોગ આપે છે.

Wade



Beyer

1...B×Q; 2N×Bch, K-R1. હવે 3N×R?થી વજીરના બદલામાં એક હાથી અને બે ઊંટ મેળવી સંતોષ માની શકે નહિ, કારણ તે ઘોડાને બચાવી શકે તેમ નથી. તો પછી શું વજીરનો ભોગ નિષ્ફળ ગયો? ના, સફેદ પાસે એક સુંદર ચાલ છે.

3B-N7ch, K×B; 4N×Rch 5. N×Q 5. હવે 5..., R×N; પછી પણ સફેદ પાસે એક હાથી અને એક ઊંટ વધુ રહે છે અને તેની જીત નિશ્ચિત છે.

આ લેખમાળામાં હમણાં જૂની રમતોમાં-નાં જે કૉમ્બિનેશન્સ જોયાં તે બધાંની સરખામણીમાં ૧૯૪૦માં રમાયેલું આ કૉમ્બિનેશન આધુનિક છે, પણ જૂનાં કૉમ્બિનેશન્સ જેટલું જ આકર્ષક છે. □

ભારતનાં વાદ્યો–૯

મૃદંગ

ચામડું મઢીને તેની ઉપર હાથ વડે થાપ મારીને યા દાંડી ઠોકીને વગાડાતાં પોલાં બદનવાળાં વાદ્યોને 'અવનદ્ધ વાદ્યો' કહે છે. સંગીતમાં સાથ આપવા સાથે તાલનું માપ જાળવવામાં એનો ઉપયોગ થાય છે, પણ વિધવિધ બોલ ને ઠેકા પ્રકટાવતું તેનું તાલ અને લયથી બદ્ધ એવું વાદન અનેરી અસર ઉપજાવે છે. એના ધીરગંભીર નાદની અસર ઘણી પ્રભાવક હોય છે.

અવનદ્ધ વાદ્યોમાં સૌથી મોખરે મુકાતું વાદ્ય છે મૃદંગ. બે છેડે ઓછાવધતા સાંકડા અને વચ્ચે પહોળા એવા લંબગોળ આકારનું એનું કાષ્ઠ કોરીને બનાવેલું બદન અંદરથી પોલું હોય છે. એના આકાર પરથી ફણસને 'મૃદંગફળ' પણ કહે છે. આરંભમાં અને અંતમાં ઝડપી એટલે કે દ્રુત અને વચ્ચે મધ્ય કે એથી યે ધીમી એવી પ્લુત લયમાં દેવાતા ઠેકાવાળા એક તાલને પણ 'મૃદંગયતિ' કહે છે.

મૃદંગ એ એક આદિ અવનદ્ધ વાદ્ય છે. સંગીતના ગ્રંથો ઉપરાંત, રામાયણ, મહાભારત, હરિવંશ, અર્થશાસ્ત્ર, પુરાણો વગેરેમાં મૃદંગના ઉલ્લેખો તેની પ્રાચીન પ્રચલિતતાના દ્યોતક છે. કહે છે કે ત્રિપુરવિજય પછી નૃત્ય કરતા શંકરને તાલ આપવા બ્રહ્મદેવે તેનું સર્જન કરેલું અને ગણપતિએ તે પ્રથમ વગાડયું હતું.

મૃદંગમાં જમણી તરફના સાંકડા મુખવાળા અર્ધભાગને માદા અને ડાબી તરફના પહોળા મુખવાળા અર્ધને નર કહે છે. સાંકડા મુખ પર મઢેલા ચામડા ઉપર મધ્યમાં સાહી નામનો એક કાળો પદાર્થ તથા પહોળા મુખ પરના ચામડા ઉપર થાપટ મારતાં સ્વર નીકળી શકે તેટલા પ્રમાણમાં ઘઉંના લોટની કણેક ચોપડવામાં આવે છે. બંને તરફના ચામડાને સૂરમાં લેવા સારુ તંગ ઢીલા કરવા માટે તેમને બાંધી રાખતી ચામડાની ચપટી વાધરીની નીચે સરી શકે તેવી રીતે ડેસીઓ ભેરવવામાં આવે છે. મૃદંગવાદનની સિદ્ધિ ઘણી કઠીન ગણાય છે.



મૃદંગ



અશ્રુઝરી

જીવનમાં લડતાં લડતાં જે ખુમારી ખોઈ નાખે છે,
હથેલીની વિજયરેખા, 'સમજજો' ધોઈ નાખે છે.
પરાજય પર પલાંઠી વાળીને બેસી જનારાના,
બુલંદીના સિતારા હાથ આખર ખોઈ નાખે છે!! —'ચાતક'

રમણિકલાલભાઈ

સ્વ. કેદારનાથજીના શિષ્ય, કિશોરલાલભાઈના મિત્ર, આશ્રમ રાષ્ટ્રીય શાળાના આચાર્ય, દાંડીકૂચના સ્વાતંત્ર્ય સૈનિક, હરિજન આશ્રમના મુખ્ય હિસાબનીશ અને સ્વ. સુખલાલજીના કાશીના સહાધ્યાયી શ્રી રમણિકલાલભાઈ ૮૫મે વરસે હરિજન આશ્રમમાં સ્વર્ગવાસ પામ્યા. ગાંધીજીના જમાનામાં ૬૦ વરસ સાથે રહીને કામ કરનારા, આશ્રમમાં તપસ્વી જીવન જીવનારા છેલ્લા રમણિકલાલભાઈ ગણાય. તે પણ આશ્રમ છોડીને ચાલ્યા ગયા.

રમણિકલાલભાઇએ લગ્નજીવનમાં પણ બ્રહ્મચર્યનું પાલન કર્યું. તેમનાં પત્ની તારાબહેન યુવાકાળથી જ વિદ્યાનાં ઉપાસક અને પરોપકારવૃત્તિ ધરાવતાં હતાં. સારા શિક્ષક થવા માટે તેઓએ મુ. શ્રી જુગતરામભાઈ પાસે વેડછી જઇને બાલમંદિરની શિક્ષાનું ઉપાર્જન કર્યું હતું. ગાંધીજીની સાથે તારાબહેનને પત્રવ્યવહાર પણ સારો થયો હતો. સ્વાતંત્ર્ય-લડતમાં પરદેશી કાપડ તથા દારૂની દુકાનો પર પિકેટિંગ કરતાં કસ્તુરબા સાથે તેઓ જેલમાં પણ ગયાં હતાં.

આ તારાબહેન છેલ્લાં પાંચ–સાત વરસ પહેલાં બસમાંથી પડી જવાને કારણે પગનાં હાડકાં ભાંગી જવાથી પથારીવશ છે. પડખું પણ પોતાની જાતે ફરી શકતાં નથી, એટલું જ નહિ પણ બન્ને હાથની આંગળીઓ ધ્રૂજ્યા કરતી હોવાથી કોળિયો પણ મોઢામાં પોતાના હાથે લઈ શકતાં નથી. રમણિકલાલભાઈ, મા બાળકને જમાડે એવી રીતે તારાબહેનને જમાડતા. પાટ-પથારી પર જ ઝાડો–પેશાબ, ખાવા–પીવાનું. નાહી શકાય તેમ ન હોવાથી રમણિકલાલભાઈ એમને અત્યંત કાળજીપૂર્વક સ્પંજ કરતા. આવી માંદગીમાં પણ ચાંલ્લો તો કરવાનો—કરાવવાનો તારાબહેનનો આગ્રહ રહેતો. જોનાર આ દૃશ્ય જોઈને મંત્રમુગ્ધ થઈ જતા અને આંખમાં ઝળઝળિયાં આવી જતાં. પણ ઈશ્વરની ગતિ અકળ છે. રમણિકલાલભાઈ ઘરમાં કામ કરતાં કરતાં પગ લપસી જતાં પડી ગયા. પગમાં ફ્રૅક્ચર થઈ ગયું ને ખાટલાવશ થયા! કોણ કોની સેવા કરે? રમણિકલાલભાઈ તો બ્રહ્મચારી હોવાને કારણે ઘરમાં ઘોડિયું બંધાયું નહોતું. પડોશી આશ્રમવાસીઓ તેમની સેવા કરતા. પણ પડી ગયા પછી રમણિકલાલભાઈની માંદગી વધી અને તેઓ સ્વર્ગવાસ પામ્યા. તારાબહેને તો નાથજીના સાન્નિધ્યમાં જીવનદીક્ષા લીધી છે, એટલે મહાદુ:ખમાં પણ ઈશ્વરની ઇચ્છા માનીને તેઓ શાંત થયાં હશે.

કેદારનાથજીનું અમૂલ્ય પુસ્તક 'વિવેક અને સાધના' ગુજરાતીમાં જે તૈયાર થયું છે તે રમણિકલાલભાઈની સહાય વિના પ્રસિદ્ધ ન જ થઈ શકત. રમણિકલાલભાઈ જૂના જમાનામાં ૬૫ વરસ પહેલાં ગ્રૅજ્યુએટ થવા છતાં પ્રાચીન પાલી ને જૈનશાસ્ત્રના અભ્યાસી કાશીના પંડિત સુખલાલજી સાથે રહીને અભ્યાસ કરતા હતા. અસહકારની દુંદુભી ગાજી અને રમણિકલાલભાઈ ગાંધીજીના આશ્રમમાં કાકાસાહેબ અને નરહરિભાઈ સાથે રાષ્ટ્રીયશાળાના શિક્ષક બન્યા.

સમાજને ઉપયોગી એવાં નાનાં મોટાં બધાં કામોમાં પાવરધા થવું એ રમણિકલાલભાઈનો જીવનમંત્ર હતો. એટલે હું આશ્રમમાં મંત્રી બન્યો ત્યારે આશ્રમના મોટા હિસાબોમાં, રોજમેળ, ખાતાવહી લખવામાં, હવાલા નાખવામાં મદદગાર થયા અને પછી તો હિસાબનીશ તરીકે એટલા બધા તજ્ઞ બની ગયા કે છેલ્લાં વરસોમાં હરિજન સેવક સંઘમાં કોઈ પદવીની ઇચ્છા રાખ્યા સિવાય છાત્રાલયોના, શાળાના, બાલવાડીઓના, અસ્પૃશ્યતા નિવારણ સેવકોના મોટા ચોપડાઓ વ્યવસ્થિત રાખીને અમને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા.

જૈન, બૌદ્ધ, હિંદુ ધર્મનાં મૌલિક પુસ્તકોનો તેમણે અભ્યાસ કર્યો હતો. ઉપનિષદના શ્લોકોના ઉચ્ચાર અને અર્થ એમની પાસેથી હું શીખ્યો હતો. માત્ર શાસ્ત્રનો અભ્યાસ કરીને

સંતોષ માનવાને બદલે એનો અમલ એમણે જીવનમાં કરેલો હોવાથી જે કોઇ વિદ્યાર્થી, કાર્ય-કર્તા ઉમેદવાર કે સાથી તેમને મળવા આવતા તે તેમનામાં ચિત્તનું અપાર સમત્વ જોઇને અંતરથી પગે લાગ્યા વિના રહેતા નહિ. જૈન સમાજના અગ્રણીઓ રમણિકલાલભાઈ પ્રત્યે ઘણા આદરભાવથી જોતાં અને સલાહ લેવા આવતા.

માણસની સોબત કેવી છે એના ઉપરથી માણસની પરખ થાય છે. વિદ્યાપીઠની રાજચંદ્ર સંશોધન સંસ્થાના આચાર્ય મુનિ જિનવિજયજી રમણિકલાલભાઈના સાથી બન્યા હતા. રમણિકલાલભાઈ ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મ્યા હતા. એમના ભાઈએ અમદાવાદ અને મુંબાઈમાં જૈન છાત્રાલયો બંધાવવા માટે મોટી રકમોની સહાય કરેલી છે. પણ રમણિકલાલભાઈએ કુટુંબની કમાણીમાંથી કાંઈ પણ ન લઈ આશ્રમજીવન સ્વીકાર્યું.

—છગનલાલ જોશી

કંકોડાં

ખેતરની મોટી વાડોમાં કંકોડીના વેલા જોવાના મળે. કુદરતની બધી જ હરિયાળી જાણે પોતામાં જ સંઘરી હોય તેવાં લીલાંછમ, લંબગોળ અને મનોહર આ ફળો જોઈ ખરેખર આંખ ઠરે છે. ચોમાસાના ચાર મહિનામાં ફક્ત બે મહિના જ—એટલે કે સાઠ દિવસ માંડમાંડ આ શાક જોવા-ખાવા મળે છે. વરસાદ પડે એટલે જમીનમાં રહેલા એના કંદને જાન આવે છે. બે મહિના આપણને તેના સદ્‌ગુણોનો સંગ કરાવી પાછાં ધીરેધીરે તે અદશ્ય થાય છે.

કૃત્રિમ ખાતરથી ઝેર પકવાતા આ કાળમાં કુદરતી રીતે અમૃત સ્વરૂપે રહેલાં શાકભાજીઓમાં પહેલી દોડી, બીજાં કંકોડાં, ત્રીજો સરગવો, ચોથી વાડકારેલી, એવાં ચાર શાક અને એવી જ કુદરતી રીતે પાકતી ભાજીઓનો લાભ લૂંટાય તેટલો લૂટો. આ શાકભાજીને કાતિલ ઝેર જેવી દવાઓનો છંટકાવ થયો નથી. એટલે તેમાં એના પોતાના અસલ ગુણો પૂરી રીતે સંઘરાએલા છે, જે તમને ઝેરી રોગથી બચાવશે.

આયુર્વેદે કંકોડાંને ખોરાક ઉપર રુચિ ઉપજાવનાર કહેલ છે. કંકોડાંનો બીજો ગુણ છે-ભેદી. એટલે મળના ગાંઠાને ભેદી નાખી તોડીને નીચે લાવે છે. આથી કબજિયાતવાળા દરદીઓ કંકોડાંનું શાક જેટલા દિવસ મળે તેટલા દિવસ રોજ ખાવ. કંકોડાં ગુણમાં ઠંડાં છે અને લૂખાં છે આથી પિત્તનું અને કફનું શમન કરે છે. ભાદરવાની ગરમીથી અને ચોમાસાના વાદળિયા તાપ તથા ભેજવાળા હવામાનમાં વધેલા પિત્તના શમન માટે કંકોડાંનું શાક ખૂબ હિતકર છે.

કંકોડાનો એક બીજો મોટો ગુણ છે પેશાબ લાવનાર અને પથરી તોડનાર; માટે જેને પેશાબમાં રુકાવટ હોય ને પથરી થએલી હોય તેમણે કંકોડાનું શાક રોજ ખાવું ને કંકોડીનું મૂળ લાવી તેને ઘસીને રોજ પીવું.
(ચરક)

—રમેશચંદ્ર વૈદ્ય

નિમ્બકંદ

ગુલકંદની જેમ લીમડાનો નિમ્બકંદ બનાવી શકાય. કાચની સ્વચ્છ બરણીમાં એક શેર લીમડાનાં ફૂલ (મોર)માંથી એક થર પાથરવો. ઉપર પછી સાકરનો થર પાથરવો. આ રીતે ઉપરાઉપરી થર પાથરવા. સાકર પણ એક શેર લેવી. આ પછી બરણીનું મોઢું સ્વચ્છ વસ્ત્રથી બાંધીને તે તડકામાં પંદર-વીસ દિવસ મૂકી રાખવી. ચોખ્ખું મધ મળે તો એમાં બસો ગ્રામ જેટલું નાખી શકાય. વીસ દિવસમાં સરસ લોચાદાર નિમ્બકંદ તૈયાર થઈ જશે. જેમને હાથ-પગનાં તળિયાંમાં, છાતીમાં, પેટમાં, મૂત્રમાર્ગમાં દાહ-બળતરા થતાં હોય એમણે સવારે-સાંજે એક એક ટેબલ સ્પૂન પુર આ કંદ ચાવીને ખાઈ જવો. ઉપર એક ગ્લાસ દૂધ પીવું. ખોરાકમાંથી તીખા-ગરમ પદાર્થો ત્યજી દેવા. આ સુંદર પિત્તશામક કંદ પિત્ત પ્રકૃતિવાળા, ગરમ પ્રકૃતિવાળા માટે ખૂબ જ લાભકારક છે.
(સમર્પણ)

—વૈદ્ય પુનર્વસુ

એક સરળ વ્યાયામ

જીવનમાં વ્યાયામનું સ્થાન મહત્ત્વનું છે એમ સૌ કોઇએ સ્વીકાર્યું છે. શરીરને સ્વસ્થ અને તંદુરસ્ત રાખવા માટે વ્યાયામ જરૂરનો છે. પણ આજના ઝડપી જમાનામાં વ્યાયામની 'કડાકૂટ'માં ઊતરવાનું આપણામાંના ઘણા ઇચ્છતા નથી હોતા.

વ્યાયામના અનેક પ્રકાર છે. સૌથી શ્રેષ્ઠ પ્રકાર તરવાનો છે, પણ તે બધા માટે શક્ય નથી. પણ એ બધા કરતાં સૌથી સહેલો, દરેકથી થઈ શકે તેવો હળવો ને લાભકારક જો કોઈ પ્રકાર હોય તો તે ફરવા જવાનો છે.

પાચનશક્તિમાં વધારો થવો, કામમાં ઉત્સાહ, મનની પ્રફુલ્લિતતા, ગાઢ નિદ્રા, લોહીનું શરીરમાં સુવ્યવસ્થિત પરિભ્રમણ, ફેફસાંમાં પૂરતા પ્રમાણમાં પ્રાણવાયુ (ઑક્સિજન) પહોંચવો અને એથી લોહીનું શુદ્ધિકરણ થવું વગેરે લાભ વહેલી સવારે નિયમિત ફરવા જવાથી થાય છે. માનસિક પરિશ્રમ કરનાર બુદ્ધિજીવીઓ માટે તો આ વ્યાયામ અત્યંત હિતાવહ છે. આબાલવૃદ્ધ સર્વને તે સમાનરીતે ફાયદો કરે છે.

પ્રત્યેક માનવીએ પોતાની શક્તિ મુજબ ફરવા જવાનું રાખવું જોઇએ. શરૂઆતમાં વહેલી સવારે શય્યાત્યાગ કરવો કઠિન લાગશે. પણ તમે સૂતી વેળાએ વહેલા ઊઠવાનો સંકલ્પ કરશો તો જેટલા વાગ્યે જાગવાનું તમે મનોમન દૃઢતાથી વિચાર્યું હશે તેટલા વાગ્યે તમારી આંખ ઊઘડી જશે.

પ્રાતઃકાળે ફરવા જવા માટે પણ કેટલાક નિયમો છે: (૧) વહેલી સવારે ઊઠીને સૌપ્રથમ એક ગ્લાસ પાણી પીને મળત્યાગ કરી નાસ્તો કર્યા વિના જ ફરવા જવું જોઈએ. (૨) શરીરની શક્તિ મુજબ ફરવું જોઇએ. થાકી જવાય એટલી હદે ફરવાનો આગ્રહ રાખવો જોઇએ નહિ. (૩) ફરવાનું અંતર ક્રમશઃ વધારવું જોઇએ. (૪) ખુલ્લી હવામાં, વસતિથી દૂર, નદી કે દરિયાકિનારે, ખેતરોમાં, ખુલ્લાં મેદાનોમાં કે બાગબગીચામાં ફરવું જોઇએ. (૫) ફરતી વખતે શરીર પર ઓછામાં ઓછાં વસ્ત્રો ઋતુને અનુસાર પહેરવાં જોઇએ. (૬) શક્તિ મુજબ ઝડપથી ચાલવું જોઇએ. (૭) ફરતી વેળા શરીરને ટટાર—સીધું રાખવું જોઇએ ને ઊંડા શ્વાસોચ્છ્વાસ લેવા જોઇએ. (૫) એ વખતે મનને ચિંતાથી દૂર રાખવું જોઇએ. (૮) તમે તમારા મિત્રો સાથે ફરવા જશો તો વધુ આનંદપ્રદ રહેશે. પણ એક વાતનું ખાસ ધ્યાન રાખજો કે ફરતી વેળા વાતો કરશો નહિ, પણ સૃષ્ટિસૌન્દર્ય નિહાળવાનો આનંદ લેજો. (૧૦) સૂર્યોદય થતાં પહેલાં સવારનું ફરવાનું પૂરું થવું જોઇએ. (૧૧) ફરીને આવ્યા પછી અર્ધો કલાક આરામ કર્યા પછી રોજિંદાં કાર્યો કરવાં.

આ નિયમ-પાલનથી શરીર સુદૃઢ બનશે. તંદુરસ્તી પ્રાપ્ત થશે, સ્વસ્થ તનમાં સ્વસ્થ મન રહેશે. તન ને મન સ્વસ્થ હશે તો જીવનમાં કરવા ધારેલાં કાર્યો સુમેળ લઈ શકશે ને સફળતા મળશે. —મુકુન્દ પી. શાહ

કરમિયા ગયા

જીવીબહેન આજે હેરાન હેરાન હતાં. તેમની ગગુડીનો આઠ મહિનાનો દીકરો ખૂબ બીમાર પડી ગયો હતો. તે દોડયાં વૈદ્યબાપા પાસે.

દીકરો દવા તો લેતો જ નથી. મોઢામાંથી પરપોટા કાઢીને પ્રવાહી કાઢી નાખે છે. હવે ખાવાનું શરૂ કર્યું છે, પણ દવાનું નામ જ લે નહિ.

તેને પેટમાં કરમિયા હતા. મળમાં પણ દેખા દે. દાંત કચકચાવે અને મોઢામાંથી પાણી પણ પડયા કરે. વૈદ્યબાપાએ તેને સાદી દવા આપી: પપૈયું ખવડાવવું, પણ બી કાઢવાં નહિ. બી વાટીને જુદાં દઈ શકાય, પણ આ કીકલો કંઈ એમ ખાવાનો નહિ. એટલે પપૈયાની ચીરીને ફૂંદી તેમાં બી ફૂંદી નાખો. દરરોજ વીસ બીજ ખાવા આપો. પણ આજે તો ત્રીસ બી ધીમે ધીમે ખવડાવી દો. જીવીમાએ તેમ કર્યું. બીજે દિવસે વીસ બીજ વાટીને પપૈયાના ગલ સાથે ખવડાવી દીધાં. સવારે તો ઝાડામાં પુષ્કળ કરમિયા નીકળ્યા. છોકરો રમતો થઈ ગયો.
(જીવનદીપ)

—કુ. ધર્મિષ્ઠા ભટ્ટ

મગનો મહિમા

ચરકાચાર્યે એને 'સૂપ્યોત્તમ' કહ્યો છે. બધી જાતની દાળોમાં મગની દાળને ઉત્તમ ગણી છે. સૂપ્ય એટલે સૂપ, યૂષ. પકાવેલી દાળ-ઓસામણ. મગને દાળોમાં-કઠોળમાં ઉત્તમ ગણવાનું કારણ તેના ગુણો છે. એનું એક નામ 'બલાટ' છે જેનો અર્થ બલ આપનાર એવો છે. મગની દાળ કરતાં આખા મગ જ વાપરવા ગુણકારક છે, કારણ ફોતરાંવાળા મગ વધુ સુપાચ્ય અને ઈસબગુલની પેઠે ઝાડો સાફ લાવે છે. વળી એમાં ઘણાં ખનિજો પણ હોય છે. છોડાં સાથેની મગની દાળ પણ અવારનવાર ખાવી. મગનો સૂપ-ઓસામણ માંદા માટે ઉત્તમ પથ્ય છે.

આજે તાવ આવ્યો, માંદા પડયો તો દાક્તરો એને મોસંબીનો રસ પીવા કહે છે. પરંતુ આપણા જેવા ગરીબ દેશને મોંઘી મોસંબીની જરૂર નથી. માંદા માણસને મોસંબી કરતાં મગનું ઓસામણ, જેમાં આદુ, લસણ, મરી વગેરે ભરપટ પડે છે તે વધુ લાભકારક છે. મોસંબી મધુર છે, કફ કરનાર છે. માંદગીમાં મોસંબી કંઈ જ કામની નથી. શ્રીમંતો ભલે ખાય અને માંદા રહે. આપણે 'પ્રોટીન' તરીકે ઓળખીએ છીએ તે એમિનો ઍસિડનાં બને છે. આ એમિનો ઍસિડ ઉપર જ પ્રોટીનનું મૂલ્ય અંકાય છે. મગનું પ્રોટીન સારું બલ્ય છે.

મગ બે જાતના થાય છે—લીલા ને કાળા—ખાવા માટે લીલા સારા. લીલા મગ સારા 'ચક્ષુષ્ય'—આંખનું તેજ વધારનાર છે. મગ શીતવીર્ય છે. પચવામાં હલકા છે. એનો વિપાક કટુ છે. મગ વાયડા નથી.

આંખ, કાન, નાક, મોંના રોગોમાં, દાહમાં, જ્વરમાં, રક્તદોષમાં મગ ઉપયોગી છે. બધાં કઠોળ ઓછેવત્તે અંશે ગૅસ ઉત્પન્ન કરનાર છે, પણ મગ વાયડા નથી. મગનો યુષ (ઓસામણ) માંદાઓ માટે કે માંદગીમાંથી બેઠા થએલા માટે ઉત્તમ પથ્ય છે. આપણે મગમાં છાશ નાખી ખાટા મગ બનાવીએ છીએ. છાશથી મગનો સ્વાદ વધે છે અને છાશ પૌષ્ટિક હોઈ મગના ગુણોમાં પણ વધારો કરે છે. લસણ, લીલાં મરચાં પણ મગના સ્વાદને વધારનાર છે અને સારામાંની હીંગનો વધાર તો આપણી રસોઈમાત્રની એક અનોખી ચીજ છે. વધાર એટલે સંસ્કાર. સંસ્કાર એટલે 'ગુણાન્તરાધાન' એક ગુણને પલટી નાખી અન્ય ગુણની વૃદ્ધિ કરવી તે. વધારથી આહારનું વાયડાપણું હણાય છે, તે વાતલ મટી વાતઘ્ન બને છે. વાલમાં અજમાનો વધાર વાલના વાતલત્વને દૂર કરી એની પચનીયતાનું પોષક બને છે. આપણી રોજની દાળમાં રાઈ, મેથી, હીંગ, મરચાંનો વધાર દાળના સ્વાદ અને ગુણને ખૂબ જ વધારી મૂકે છે. માંદગીમાં સૌ મગના ઓસામણનો ઉપયોગ કરો. મગનું ઓસામણ સુપાચ્ય છે, શક્તિ આપનાર છે. મગ કફ અને પિત્તનાશક છે.

મગના પાપડ સ્વાદિષ્ટ લાગે છે. પાપડમાં હીંગ ઠીક નખાય છે. ઊંચામાંની હીંગમાં લોહનો ભાગ હોય છે તેથી પાપડનું પોષકમૂલ્ય વધી જાય છે. આપણા ખોરાકમાં પાપડ રાઈતાં વગેરે વિવિધતા સાથે આરોગ્ય બક્ષે છે. મગના લોટનો શીરો પણ ઘણા કરે છે. સવારનો પહોર, આયુર્વેદ દૃષ્ટિએ કફકારક છે. સવારમાં ફળ, કેળાં, મોસંબી ન લેવાં જોઈએ. એ ટાણે ઘી-જીરામાં વઘારેલા મમરા, દાળિયા, લસણવાળી ધાણી, મઠિયાં, પાપડ, સેવ, ગાંઠિયા જેવો નાસ્તો સારો. સવારના નાસ્તામાં મગ હોય તો સરસ. મગનાં વેઢાં ફણગા ફોડી અંદર મીઠું, મરચું નાખીને કાચાં ખૂબ ચાવીને ખવાય તો ઉત્તમ.

મગનું વાવેતર ખૂબ વધારવું જોઈએ જેથી તે સોંઘા ભાવે મળી રહે. આજે કઠોળમાત્ર ખૂબ જ મોંઘાં છે. કઠોળમાંથી આપણને પ્રોટીન મળે છે. પ્રોટીનની ઊણપ એ કોઈ પણ દેશને માટે નામોશી છે. માંદાને પ્રોટીન્યુલ્સ આપવાની જરૂર નથી. મગના ઓસામણમાંથી, દૂધમાંથી પ્રોટીન મળી રહે છે. પ્રોટીન્યુલ્સ એ મોજ (લકઝરી)ની ચીજ છે. માંદા માણસને ચોખા-મગ બન્ને તવા ઉપર શેકી પછી ખૂબ પાણીમાં બાફી બનાવેલી ખીચડી કે રાબડી સારી ચીજ છે. લસણ, આદુ, મરી, તેલ, હીંગનો વધાર, આખું લીલું મરચું (પછી તે કાઢી નાખવું) વગેરે નાખવાનું ભૂલવું નહિ. માંદા માણસને, રોગમાંથી ઊઠેલાને માટે મગનું ઓસામણ, મગની ખીચડી, જાળવું વગેરે ઉત્તમ છે. મોસંબી, ગ્લુકોઝ બિસ્કિટ, પાંઉ ભગવાન ખાતર બંધ કરો.

(ગુજરાત મિત્ર) —બાપાલાલ વૈદ્ય

અજમાવી જુઓ

રાઈ વાટી મધ સાથે મેળવી લેપ કરવાથી શરદી-સળેખમ મટે છે.

સૂંઠ, જીરું, હિંગ અને સિંધાલૂણનું સમભારે ચૂર્ણ કરી જમ્યા પછી લેવાથી ગૅસ અને અજીર્ણ મટે છે.

જૂના ગોળ સાથે આદુનો કકડો ખાવાથી કફ-શરદીથી બેસી ગએલો સ્વર સારો થાય છે. (આયુ ડાઇજેસ્ટ—નીલા વસાણી)

સશસ્ત્ર ક્રાંતિકારી ચળવળની વિગતો મોકલો

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા 'ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિકારોનો ઇતિહાસ'નાં લેખન માટેની એક ખાસ યોજના તૈયાર કરવામાં આવી છે. આ યોજનાની અંતર્ગત ૧૮૫૭થી ૧૯૪૫ સુધીના લાંબા ગાળા દરમિયાન ગુજરાતમાં વિસ્તરેલા સશસ્ત્ર ક્રાંતિના જંગ તેમ જ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ફલક પર ગુજરાતી ક્રાંતિકારોએ ભજવેલા ભાગની વિગતોનો સમાવેશ થાય છે. જેમની પાસે સશસ્ત્ર ક્રાંતિકારો વિષયક સામગ્રી હોય, જેમણે પોતે એ ચળવળમાં ભાગ લીધો હોય તો તે તમામ વિગતો, દસ્તાવેજો, પત્રો, ફોટોગ્રાફ્સ વગેરે આ સરનામે મોકલી આપવા વિનંતી છે. ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિનો ઇતિહાસ, દ્વારા ગુજરાત રાજ્ય અભિલેખાગાર, એમ. જે. લાયબ્રેરીની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૬.

હિંગ

હિંગ તીખાશપડતી, ખોરાક પર રુચિ પેદા કરનાર અને પાચક છે. વાયુ, આફરો, કફ અને કૃમિનો નાશ કરે છે. આયુર્વેદ હિંગને શેકી કે તળીને વાપરવાનું સૂચવે છે. શેકવા કે તળવાથી તે શુદ્ધ બને છે. હિંગમાં આવા રોગનિવારક ગુણો હોવાથી હિંગાષ્ટક ચૂર્ણ બનાવાય છે. આ ચૂર્ણમાં હિંગ, મરી, સૂંઠ, અજમો, લીંડીપીપર, સિંધવ, જીરું અને શાહજીરુ સરખે વજને લઈ તેનું ચૂર્ણ બનાવાય છે. અજીર્ણ ને પેટમાં ગૅસ થયા કરતો હોય તો જમતી વખતે રોજ ત્રણેક ગ્રામ આ ચૂર્ણ બે કોળિયા ભાતમાં ભેળવી, ચમચી ઘી નાખીને ખાય અને પછી સાદો અને પોષક આહાર લે તો તેની ફરિયાદ દૂર થાય છે.

હિંગ ઓસડ તરીકે નીચે પ્રમાણે વપરાય છે: ૧) પેટમાં આફરો ચડયો હોય ત્યારે પુખ્ત વયના માનવીને ચણા જેટલી હિંગની ગાંગડી ઘીવાળી કરીને ગળાવવાથી વાછૂટ થઈ આફરો મટે છે. (૨) વાયુ કે શરદીને લીધે કાન ધૂમ થયો હોય ત્યારે શુદ્ધ હિંગની ગાંગડીને રૂમાં વીંટી પૂમડું કાનમાં ખોસવું. (૩) ધાવણા બાળકનું પેટ ચડયું હોય અને ચૂંકાતું હોય ત્યારે હિંગ પાણીમાં ઓગાળી તેની ડૂંટી આસપાસ ચોપડવાથી આફરો અને ચૂંક મટે છે. (૪) સુવાવડી સ્ત્રીને ચક્કર આવે કે શૂળ થાય ત્યારે ઘીમાં સાંતળેલી વાલપુર હિંગ ફકાડવી. (૫) પાળેલાં પ્રાણીઓના ઘામાં જીવડાં પડયાં હોય ત્યારે ઘા પર લીમડાનાં પાનમાં હિંગ વાટીને લેપ કરવો. (૬) વાળો નીકળ્યો હોય ત્યારે હિંગનું બે વાલપુર ચૂર્ણ રોજ પાશેર મોળા દહીં સાથે ત્રણ-ચાર દિવસ ખાવાથી વાળાનો કૃમિ મરી જઈ બહાર નીકળી જશે. (૭) વીંછીના ડંખ પર આકડાના દૂધમાં હિંગ ભેળવી ચોપડવાથી વેદના બંધ થશે.

હિંગમાં રહેલા તેલની ઉગ્ર વાસ જંતુનાશક છે. આહારશાસ્ત્ર પ્રમાણે હિંગમાં સ્નાયુને પોષક પ્રોટીન, શરીરમાં ગરમી આપનાર કાર્બોદિત, હાડકાં બાંધનાર ચૂનો તથા ફૉસ્ફરસ અને લોહીમાં લાલકણો બનાવનાર લોહ તેમ જ બધાં વિટામિનો થોડાં થોડાં છે.

ઔષધ તરીકે હિંગનો ઉપયોગ કરતાં પહેલાં તેને ઘીમાં તળી લેવી. જે હિંગ બાળવાથી કપૂરની પેઠે બળે તે હિંગ ઉત્તમ. તળેલી હિંગ, કપૂર અને આંબાની ગોટલી સમભાગે લઇને ફુદીનાના રસમાં એકત્ર કરીને વાટયા પછી ગોળીઓ વાળીને સૂકવવી. અકેક કલાકને અંતરે એકેક ગોળી ચાવીને ખાવાથી કૉલેરા પર સારું કામ આપે છે.

(સ્વસ્થ માનવ) —ચંદુલાલ દવે



સપ્ટેમ્બર-ઑક્ટોબર માસનું આકાશદર્શન

હાલના આકાશમાં દેખાતાં શર્મિષ્ઠા, વૃષપર્વા, હંસ, ગરુડ, ધનુ વગેરે મોટાં તારામંડળોથી આપણે પરિચિત છીએ. એમના (તથા આ નકશાના) આધારે કેટલાંક નાનાં તારામંડળો પણ જોઇએ. ઉત્તર આકાશથી આરંભ કરીએ. ત્યાં 'વૃષપર્વા' અને 'ખગાશ્વ' તારામંડળોની વચ્ચે ગરોળી એટલે કે 'શરટ' નામનું તારામંડળ તેના અંગમરડાને કારણે જોતાં જ સાર્થનામ લાગે છે. 'હંસમુખ' તારા અને 'શ્રવણ'ની વચ્ચે બાણના ફળાના આકારનું 'શર' નામનું તારામંડળ છે. તેની નજીકમાં જ ફરકતી ધજા જેવું 'ધનિષ્ઠા' તારામંડળ છે, સત્યાવીસ નક્ષત્રોમાંના ત્રેવીસમા નક્ષત્ર તરીકે તેની ગણના થાય છે. ખગાશ્વ તારામંડળના 'અશ્વમુખ' તારાની બાજુમાં 'અશ્વક' નામનું એક ટચૂકડું તારામંડળ પણ તેની બાજુના ભીમકાય ખગાશ્વની સરખામણીમાં સાર્થનામ છે. આકાશના દક્ષિણાર્ધમાં 'મકર' અને 'કુંભ' તારામંડળના ઝાંખા તારાઓની તુલનામાં એક તેજસ્વી તારો ધ્યાન ખેંચે છે, તે છે 'મીનાસ્ય'. મીનાસ્ય એટલે માછલાનું મોં. 'યામમત્સ્ય' એટલે કે દક્ષિણનું મત્સ્ય–માછલું આ યામમત્સ્યના મોંને સ્થાને મીનાસ્ય છે આપણાથી ૨૩ પ્રકાશવર્ષ દૂરનો એ પ્રથમ વર્ગનો તેજસ્વી તારો છે. યામમત્સ્યની નીચે બે સિવાય બાકીના ઝાંખા તારાઓવાળું 'બક' તારામંડળ છે તેમાંના બે ચળકતા તારાઓમાંના પૂર્વ તરફના (નકશામાં ડાબી તરફના) તેજસ્વી તારાને 'બકપુચ્છ' કહે છે. એથી આગળ અગ્નિ દિશામાં જે ચળકતો તારો દેખાય છે તે છે 'જટાયુ'. 'ગૃધ્ર' (ગીધ) તારામંડળનો એ મુખ્ય તારો છે. આ ગીધ–જટાયુને શા માટે આકાશમાં અમર સ્થાન અપાયું છે એ તો જાણતા જ હશો. સીતાને હરી જતા રાવણનો એણે પ્રતિકાર કર્યો હતો. —બિ. ટાંક

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૧/૧૮૫૩ ત્રિકોણ આકારની પ્રથમ ટપાલ ટિકિટો કેપ ઑવ ગુડહોપમાં બહાર પડી: આ નવતર આકાર નવીનતા ખાતર નહિ, પણ એ કાળે ટપાલખાતાના સ્થાનિક કારકૂનો અંગ્રેજી લખીવાંચી શકતા નહિ એટલે એમને આંતરિક ટપાલને તારવવી સરળ પડે એટલા સારું આ ભિન્ન આકાર રખાએલો.

તા. ૨/૧૫૦૩ પોર્ટુગીઝ સાહસસફરી ન્મેઝો આલ્બુકર્કે તિરુમમપુરામાં પહેલી કોઠી નાખી.

તા. ૩/૧૬૫૮ ઑલિવર ક્રૉમવેલનુ અવસાન. ચાર્લ્સ પહેલાના વધ પછી પોતાના દક્ષ અમલ વડે એણે ઇંગ્લૅંડનું સામર્થ્ય વધારીને તેને 'સાગરની મહારાજ્ઞી'ના પદે પહોંચાડયું હતું. આ ત્રીજી તારીખે ૧૬૫૦માં ડનબાની લડાઈમાં અને ૧૬૫૧માં વૂસ્ટરમાં એણે જીત મેળવેલી.

તા. ૫/૧૬૮૩ ફ્રેંચોએ જિજીના સુબા પાસેથી પૅંડિચેરી ખરીદી ત્યાં પોતાનું આગવું શાસનસ્થાન સ્થાપ્યું. પૂર્વના દેશો સાથે ફ્રેંચ સાહસિકોના વ્યાપારી સંબધોના ઉઘાડ માટેના અગાઉનાં પ્રયત્નોમાં ઈ. ૧૬૦૩માં તેમની હિંદી મહાસાગરની પહેલી સફરથી આરંભ થએલો. ૧૬૪૨માં કાર્ડિનલ રિશલ્યૂએ તે માટે સ્થાપેલી 'કૉંપની દ ઑરિયાં'નો પ્રયાસ પણ સફળ ન-હોતો થયો. ૧૬૬૪માં કૉલ્બર્ટે વધુ મોટા પાયે પુનર્રચના કરવા સાથે કરવેરામાંથી મુક્તિ સહિત મેળવેલો ૫૦ વર્ષનો ઈજારો પણ સફળ ન નીવડયો. ૧૬૬૮માં સૂરતમાં સ્થાપેલી એજન્સીમાં પણ જમાવટ ન થઈ અને પોતાના વ્યાપારી મથક તરીકે સૂરત અયોગ્ય જણાતાં ફ્રેંચોએ ડચ-લોકો પાસેથી સીલોનનો ત્રિંકામાલી ટાપુ પડાવ્યો, અને ત્યાં પણ કંપનીનો વિકાસ જોખમમાં લાગતાં કંપનીના એક એજન્ટ ફ્રાંસ્વા માર્ટિને પૅંડિચેરીમાં નવો વસવાટ શરૂ કર્યો. અહીં ભાવિ શકયતાઓ આશાસ્પદ જણાતાં એણે પૅંડિચેરી ખરીદી લીધું અને તેને કિલ્લેબંધી કરી તેનો વિકાસ વધાર્યો. એના આ દીર્ઘદૃષ્ટિ પ્રયાસોના પરિણામે ફ્રાંસનો વેપાર વધ્યો. વચ્ચે ડચ લોકોએ પૅંડિચેરી પડાવી લઇને ૧૬૯૩ સુધી પોતાના તાબામાં રાખેલું, પરંતુ ૧૬૯૭ના રિસ્વિકના શાંતિકરારથી નુકસાનીની ચૂકવણી રૂપે ફ્રેન્ચોએ તે પાછું મેળવી લીધું. માર્ટિન તેનો ગવર્નર નિમાયો ને તેના સમર્થ દેખરેખ નીચે પૅંડિચેરી ફ્રેન્ચો માટે હિંદ સાથેના વેપારનું નાકું જ માત્ર નહિ પણ અહીંના ફ્રેન્ચ સંસ્થાનોનું મુખ્ય થાણું ને પાટનગર બની રહ્યું, તે છેક ૧૯૫૫માં સ્વતંત્ર ભારતમાં તેનું વિલીનીકરણ થયું ત્યાં સુધી એ ભારતમાં ફ્રેન્ચ શાસન વિસ્તારનું મુખ્ય કેન્દ્ર રહ્યું હતું.

તા. ૧૦/૧૮૭૨ 'એક નાના રાજ્યના કુંવર, પણ મહાન રમતના પિતા' તરીકે એ. જી. ગા-



ર્ડિનરે જેની ઓળખ આપી છે એ 'આધુનિક ક્રિકેટના પિતા' જામ રણજિતસિંહનો સૌરાષ્ટ્રના સરોદર ગામના ગરાસદાર જીવનસિંહજીને ત્યાં જન્મ. નવાનગરના જામ વિભાજીએ એમને દત્તક લીધા હતા. રાજકોટની રાજકુમાર કૉલેજમાં ભણતાં એમને ક્રિકેટમાં ઊંડોરસ કેળવાયો અને કૅમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં ઓપદાર તાલીમ મળી ૧૮૯૩માં 'યુનિવર્સિટી બ્લ્યુ' બની એમણે અંગ્રેજી ક્રિકેટનું આખરી સીમાબિંદુ સર કર્યું. ૧૮૯૪માં તેઓ સરેની કાઉન્ટી ટીમમાં જોડાયા અને આગળ જતાં તેના કૅપ્ટન પણ બન્યા. એ પછીની એમની ક્રિકેટની કારકિર્દી સતત ઉચ્ચોચ્ચ સિદ્ધિઓ મેળવતી રહી. જગતનો સાતમો વિકેટ રેકૉર્ડ તેઓ ધરાવતા હતા અને ક્રિકેટ-જગતમાં 'રણજી'ના ટૂંકા ને લાડીલા નામથી વિખ્યાત હતા. 'પૌર્વાત્ય સ્વસ્થતા અને ચપળતા—ચિત્તાની પ્રગલ્ભતા ને ઓચિંતી છલંગ, બંનેનો સંયોગ' તેમની રમતમાં જોવા મળતો. 'નવી ઢબના અંગ્રેજી અને હિન્દી ક્રિકેટના એ પિતા' ગણાત. એમની 'લેગ થીઅરી' ને 'બૉડી લાઈન બોલિંગ' હજી યે અતુલ ગણાય છે. 'ધી જ્યૂબિલી બુક ઑવ ક્રિકેટ', 'વિથ સ્ટૉડર્ટ્સ ટીમ ઈન ઑસ્ટ્રેલિયા' અને 'હાઉ ટુ પ્લે ક્રિકેટ' એ એમણે લખેલાં ક્રિકેટ-વિષયક જાણીતાં પુસ્તકો છે. પતિયાળાના મહારાજાએ એમના નામે શરૂ કરેલી 'રણજીટ્રૉફી' એ ક્રીડાક્ષેત્રે એમનું અત્યુચ્ચ સ્મારક છે.

ઈ. ૧૯૦૭માં તેઓ નવાનગર (જામનગર) રાજ્યની ગાદીએ આવ્યા પછી સ્વભાવે સરળ, નિખાલસ અને નિરભિમાન બાહોશ રાજવી તરીકે પણ એમણે કીર્તિ મેળવી હતી. પ્રથમ વિશ્વ-યુદ્ધમાં સૈન્યની સહાય આપવા ઉપરાંત ઈંગ્લૅન્ડના પક્ષે લશ્કરી મોરચા પણ એમણે સંભાળેલા, અને એ યુદ્ધ બાદ 'લીગ ઑવ નેશન્સ'ની સભામાં ૧૯૨૦માં હિંદી રાજવીઓનું પ્રતિનિધિત્વ પણ કરેલું. 'ઇંડિયન ચેમ્બર ઑવ પ્રિન્સિઝ'—નરેન્દ્ર મંડળનું વાઈસ ચાન્સેલર પદ એમણે સંભાળેલું, ઈ. ૧૯૩૩ની ૨જી એપ્રિલે એમનું અવસાન થયું.



કોઈ સ્ત્રીના પ્રત્યે ક્રૂરમાં ક્રૂર વર્તન કર્યું ત્યારે કહેવાય જ્યારે તમે એને ૧૦૦ સાડી સાથે એવા ઓરડામાં પૂરી દો, જ્યાં અરીસો ન હોય.

∞

પ્રોફેસર: પરીક્ષાના પ્રશ્નપત્રો હવે છપાવા ગયા છે અને હવે ત્રણ જ દિવસ આડા છે; તો તમારે કોઈ પ્રશ્ન પૂછવા હોય તો પૂછી લો.

એક વિદ્યાર્થી: કયા પ્રેસમાં છપાવા ગયા છે?

∞

'પેલો કહે છે કે તમારે એની સાથે નિકટનો સંબંધ છે?'

'એ તો ગધેડો છે, ગધેડો!'

'તો તો એની વાત સાચી.'

∞

'તમારી મોટરનું એક પડખું લાલ રંગે, ને બીજું પડખું લીલા રંગે કેમ રંગેલું છે?'

'કદાચ કોઈ ઍક્સિડેન્ટમાં સંડોવાઉં તો એને જોનારા સાક્ષીઓ કોર્ટમાં જૂઠા પડે.'

∞

દાક્તર: તમારા પતિને શાંતિની ખૂબ જરૂર છે. લ્યો, આ ઊંઘવાની ગોળી.

સ્ત્રી: મારે એ એમને કયારે આપવાની?

દાક્તર: એ એમને આપવાની નથી, તમારે લેવાની છે.

∞

એક માણસને એની બૈરી જોડે ઝગડો થયો અને ઝપાઝપીમાં તેનો એક હાથ ભાંગી ગયો. હૉસ્પિતાલમાં તેની બાજુના ખાટલામાં તેણે એક માણસના બંને હાથ પાટામાં જોયા, એટલે પૂછયું: 'તમારે બે બૈરી છે?'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

—અનુષ્ટુપ—

દેશને દીન ને અર્થે ઓજસ્વી કર યૌવન,
ચિરંજીવી થજે બીજો બનીને વીર વિક્રમ.

—દેશળજી પરમાર—

મારાનાના શાળા
મિત્રો ચાર :
બે હાથ ને બે પગ.

શ્રીમંત પણ તપસ્વી સંત શાહ સુજાએ પોતાની ધર્મપરાયણ પુત્રીનો સંબંધ એક અત્યંત સદ્ગુણી પણ તદ્દન ચીંથરેહાલ ફકીર સાથે જોડયો. માત્ર એક પૈસાના લોબાન, એક પૈસાની રોટી અને એક પૈસાની ખાંડ વડે ઊજવાએલી શાદી પછી નવવધૂ ફકીરની ઝૂંપડીમાં દાખલ થઈ ત્યારે તેણે એક ખૂણામાં ચીંથરે વીંટેલા રોટીના કેવળ ત્રણ ટુકડા જોયા. ફકીરે કહ્યું કે રાતના ભોજન માટે એ સાચવી રાખ્યા છે. એ સાંભળતાં જ નવવધૂ ચાલી જવા તૈયાર થઈ. ફકીરે કહ્યું: 'મને શંકા હતી જ કે તને અયેશમાં રહેનારને અહીં નહિ ફાવે.' નવવધૂએ જવાબ વાળ્યો : 'રખે ધારતા કે હું કંગાલિયતથી ડરી; પણ સાંજના ભોજનની આ ચિંતા જોઇને ખુદા પરની તમારી આસ્થા મને રોટીના એ ત્રણ ટુકડા જેટલી ઓછી લાગી.' અને પોતાની અશ્રદ્ધાથી ચોંકી ઊઠેલા ફકીરે એ ત્રણ ટુકડા રસ્તાના કૂતરાને ખવડાવી દીધા.

कि मधुना किं विधुना
किं सुधया किं च वसुधयाखिलया।
यदि हृदय–हारि–चरितः
पुरुष पुनरेति नयनयो रयनम्॥

મધને લઇને શું કરીએ? ચંદ્રિકાને લઇને શું કરીએ? અમૃતનું પણ કંઈ કામ નથી, અને આખી વસુધાની સંપદા લઇને પણ શું કરીએ—અગર હૃદયને આકૃષ્ટ કરનાર કોઈ સાધુ-પુરુષ નયનગોચર થઈ જાય તો પછી કશું નહિ જોઇએ.

આરોગ્ય માટે ઉક્તિ

ખાવું તો તોળીતોળી, પીવું તો ઘોળીઘોળી,
સૂવું તો રોળીરોળી, એ ઓસડ, એ ગોળી.

(પ્રમાણમાં પચે તેટલું ખાવું, મોંમાં મમળાવીને પાણી પીવું કે જેથી થૂંક સાથે ભળીને પાચક બને અને કચરો કસ્તર હોય તો ખબર પડે, અને ડાબાં જમણાં પડખાં ફેરવીને સૂવું—એક જ સ્થિતિમાં કે ચત્તાપાટ નહિ;—આ જ આરોગ્ય માટેનું ખરું ઔષધ છે.)



વિશ્વવિખ્યાત ફ્રેંચ કલાકાર રેન્વા (Renoir ૧૮૪૧-૧૯૧૯)એ પોતાની મહાન કૃતિઓનું સર્જન પોતે જ્યારે પીંછી પકડવાને પણ અશક્ત બની ગયો હતો તે પછી કરેલું. સંધિવા ને નજલાને કારણે જ્યારે એની આંગળીઓ જડ બની ગઈ ત્યારે યે એણે ચીતરવાનું છોડયું નહોતું ને આંગળીએ પીંછી બાંધીને એણે પોતાની કેટલીક વિશ્વવિખ્યાત ચિત્રકૃતિઓ સરજી હતી.

અંકસંદર્ભ-**નવ** : નવ ગ્રહ–સૂર્ય, ચન્દ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ, કેતુ.


અનેકાર્થી શબ્દ : **પારસી**=એક કોમ; ગૂઢ સાંકેતિક બોલી—ધંધાદારી લોકોની સંજ્ઞા (દાખલા તરીકે સોની લોકોની સાંકેતિક ભાષામાં સાકર એટલે દોઢ રૂપિયો); છળકપટ.

કહેવતો : 'નવાબનું નગારું ને પૂંજિયાનું તગારું.'–કોઈ મોટી વ્યક્તિ કે પ્રવૃત્તિની સામે વાદ કે શેખીથી સમાન દેખાવાનો પ્રયત્ન કરવા માટે વપરાતી આ કહેવતનો શબ્દાર્થ કહે છે તેમ નવાબનું નગારું વાગતું હોય તેની સામે પોતાનું તગારું વગાડનાર જેવી એ ચેષ્ટા હોય છે. એવી બીજી કહેવતો : રાણોજી 'રાજા' તો શેખજી 'સાહેબ'; હોળી-દિવાળી વચ્ચે ઉત્તરાયણ(એ પણ કાંઈ ઓછું પર્વ નથી); વગેરે.




ટિકિટકથા : ઈ. ૧૯૨૯થી દર વર્ષે ન્યૂ ઝીલૅન્ડ વધારાની કિંમત સાથેની આવી ખાસ ટિકિટો બહાર પાડે છે. એ વધારાની આવક અપંગ માણસો માટેના હૉલી ડે કૅમ્પ તથા અલ્પ પોષણ પામતાં બાળકો પાછળ ખર્ચાય છે. એમાંની પહેલી ટિકિટ ઉપર નર્સના ચિત્ર સાથે 'હેલ્પ સ્ટૅમ્પ આઉટ ટયુબર કયુલૉસિસ (ક્ષયને હટાવવા સહાય કરો)એવું લખાણ હતું, પણ પછી માત્ર 'હેલ્પ' શબ્દ જ છપાતો થયો. એમાંની આ એક ટિકિટ છે. આવી ટિકિટો પર ત્યાંનાં વનપક્ષીઓ, પાળેલાં પ્રાણી સાથે રમતાં બાળકો, રાણીનાં સંતાનો વગેરેનાં વિવિધ ચિત્રો પણ અપાયાં છે. પણ ૧૯૩૧ની બે ટિકિટો જેના પર ન્યૂ ઝીલૅન્ડનાં બે પ્રફુલ્લ બાળકોનું ચિત્ર હતું એ દુષ્પ્રાપ્ય જેવી છે. છેલ્લે એ ટિકિટની વણવપરાએલી એક જોડના ૮૫ પાઉન્ડ ઊપજેલા.

ગણિતગમ્મત : ૭૧૫×૪૬=૩૨૮૯૦, એમાં ગુણ્ય, ગુણક અને ગુણાકારમાં મળીને ૦થી૯ સુધીના દસે અંકો આવી જાય છે. એક પણ બાકી નથી તેમ જ કોઈ અંક એકથી વધારે વાર આવેલો નથી. (મ. ના. ખત્રી)



યૂલાચૉન (eulachon) નામની આ માછલી ઉત્તર પૅસિફિકના આદિવાસીઓમાં બહુ માનીતી છે. એ ખાવાના કામમાં તો આવે છે જ, પણ સુકાઈ ગયે તેનામાં વાટ પરોવતાં આમ મીણબત્તી પેઠે તેનો ઉપયોગ થઈ શકે છે.



કલાકણિકા : આંધ્ર પ્રદેશમાં આવેલા ૧૪મી સદીના લેપાક્ષીના મંદિરમાં પ્લાસ્ટરમાં ઢાળેલા શોભનમાંનો એક હંસ. પક્ષીના દેહ આકાર સાથે શોભાત્મક ભાત-આકારના સંકલન દ્વારા ઉપજાવેલી કલાકણિકા.

નાકમાંથી લોહી વહેતું હોય તો દાડમનાં ફૂલના રસનાં ટીપાં નાખવાં.